

કામકાજનો ટૂંકો અહેવાલ

સાતમી ગુજરાત વિધાનસભા

આઠમું સત્ર

(તા. ૨૨મી જૂન, ૧૯૮૮ થી તા. ૩જી ઓગષ્ટ, ૧૯૮૮)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.
સપ્ટેમ્બર, ૧૯૮૮.



કામકાજનો ટૂંકો અહેવાલ

સાતમી ગુજરાત વિધાનસભા

આઠમું સત્ર

(તા. ૨૨મી જૂન, ૧૯૮૮ થી તા. ૩જી ઓગષ્ટ, ૧૯૮૮)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
ગાંધીનગર.
સપ્ટેમ્બર, ૧૯૮૮.

અંચ-બી-૮૦૬-(૧)

©

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

પ્રસ્તાવના

આ પ્રકાશનમાં સાતમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર (તા. ૨૨મી જૂન, ૧૯૮૪ થી તા. ૩૧ ઓગસ્ટ, ૧૯૮૮)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે, આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન.
ગાંધીનગર. તા...../...../૧૯૮૮

પુ. ના. ઠક્કર,
ઈન્ચાર્જ સચિવ.
ગુજરાત વિધાનસભા.

19 SEP 1988

અનુક્રમણિકા

ક્રમાંક.	વિષય	પાના નંબર.
૧	૨	૩
૧.	સાતમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર (તા. ૨૨મી જૂન, ૧૯૮૮થી તા. ૩જી ઓગસ્ટ, ૧૯૮૮)માં થયેલ કામકાજનો ટુંકો અહેવાલ	૧
૨.	પત્રક ક્રમાંક--૧ સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી	૨૭
૩.	પત્રક ક્રમાંક-૨ ગૃહની બેઠકોની તારીખ અને સમય ...	૨૮
૪.	પત્રક ક્રમાંક-૩ સભ્યોએ વ્યકિતગત રીતે આપેલી હાજરી ...	૩૦
૫.	પત્રક ક્રમાંક--૪ સભ્યોની તારીખવાર હાજરી	૩૭
૬.	પત્રક ક્રમાંક--૫ ટુંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં) ...	૩૯
૭.	પત્રક ક્રમાંક-૬ ટુંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી(આંકડામાં)	૪૨
૮.	પત્રક ક્રમાંક--૭ તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૪૪
૯.	પત્રક ક્રમાંક--૮ અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૪૬
૧૦.	પત્રક ક્રમાંક--૯ દાખલ કરવાનાં સરકારી વિધેયકો ...	૫૦
૧૧.	પત્રક ક્રમાંક--૧૦ પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો ...	૫૨
૧૨.	પત્રક ક્રમાંક-૧૧ સન ૧૯૮૮-૮૯ના વર્ષ માટેની અનુદાનો માટેની માગણીઓ ...	૬૦
૧૩.	પત્રક ક્રમાંક--૧૨ વૈધાનિક પ્રસ્તાવો (નિયમ—૧૦૦) ...	૭૫
૧૪.	પત્રક ક્રમાંક--૧૩ વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો નિયમ-૧૧૨(૨)	૭૭

૧	૨	૩
૧૫.	પત્રક ક્રમાંક-૧૪ ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ--૧૦૧)	૭૮
૧૬.	પત્રક ક્રમાંક--૧૫ ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬) ...	૭૯
૧૭.	પત્રક ક્રમાંક-૧૬ દાખલ કરવાના બિન-સરકારી વિધેયકો ...	૮૩
૧૮.	પત્રક ક્રમાંક-૧૭ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં (નિકાલ થયે ા) બિન-સરકારી વિધેયકો ...	૮૪
૧૯.	પત્રક ક્રમાંક-૧૮ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેલાં બિન-સરકારી વિધેયકો ...	૮૬
૨૦.	પત્રક ક્રમાંક-૧૯ બિન-સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭) ...	૯૦
૨૧.	પત્રક ક્રમાંક-૨૦ વિધાનસભાની જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી	૯૨
૨૨.	પત્રક ક્રમાંક-૨૧ વિધાનસભાની જુદી જુદી સમિતિઓ ઉપર માનનીય અધ્યક્ષશ્રીએ નીમેલા સભ્યો	૯૪
૨૩.	પત્રક ક્રમાંક-૨૨ વિધાનસભામાં પક્ષવાર સભ્ય સંખ્યા. ...	૯૯
૨૪.	પત્રક ક્રમાંક-૨૩ ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી. ...	૧૦૦
૨૫.	પત્રક ક્રમાંક-૨૪ રોજેરોજના કામકાજનો સારાંશ ...	૧૦૫
૨૬.	પત્રક ક્રમાંક-૨૫ વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો	૧૭૨
૨૭.	પત્રક ક્રમાંક-૨૬ શોકદર્શક ઉલ્લેખ	૧૯૪
૨૮.	પત્રક ક્રમાંક-૨૭ વિભાજન.	૧૯૫

સાતમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

પ્રારંભિક

૧. સાતમી ગુજરાત વિધાનસભાનું આઠમું સત્ર બુધવાર, તા. ૨૨મી જૂન, ૧૯૮૮ના રોજ શરૂ થયું હતું અને બુધવાર તા. ૩જી ઓગસ્ટ, ૧૯૮૮ના રોજ રાજ્યપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૩૦ દિવસ મળી હતી અને તેમાં ૩૨ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૩૦ કલાક અને ૫૭ મિનિટ કામ કર્યું હતું. સત્ર દરમિયાન જુદાં જુદાં કામકાજ જેવાં કે પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિનસરકારી વિધેયકો, નાણાકીય કામકાજ વગેરેમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી પત્રક ક્રમાંક-૧ માં આપવામાં આવી છે.

ગૃહની બેઠકોની તારીખો અને સમય

૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય પત્રક ક્રમાંક-૨ માં આપવામાં આવ્યા છે.

હાજરી

૩. સત્ર દરમિયાન એક દિવસમાં વધારેમાં વધારે હાજરી ૧૫૨ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૨૭ હતી. સરેરાશ હાજરી ૧૪૩ હતી. દરેક સભ્યે કેટલી બેઠકોમાં હાજરી આપી તે પત્રક ક્રમાંક-૩ માં તથા દરેક બેઠકમાં કેટલા સભ્યોએ હાજરી આપી તે પત્રક-૪માં દર્શાવવામાં આવી છે.

સોગંદ અથવા પ્રતિજ્ઞાવિધિ

૪. દ્વારકા અને માળિયા મતવિસ્તારની પેટા-ચૂંટણીમાં ચૂંટાયેલા સભ્યશ્રીઓ અનુક્રમે ડૉ. રણમલભાઈ વારોતરિયા અને દેવાણંદભાઈ સોલંકીએ તા. ૨૨-૬-૧૯૮૮ના રોજ સભાગૃહમાં માનનીય અધ્યક્ષશ્રી સમક્ષ સોગંદ લીધા હતા.

ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો

૫. સત્ર દરમ્યાન ૫૬ ટૂંકી મુદતના પ્રશ્નોની, ૩૮૮૮ તારાંકિત પ્રશ્નોની અને ૬૮૮ અતારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની વિભાગવાર માહિતી પત્રક ક્રમાંક : ૫, ૬, ૭ અને ૮ માં આપવામાં આવી છે.

સત્ર દરમ્યાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેનો વિગતવાર કાર્યક્રમ તા. ૨૨-૬-૮૮ થી તા. ૩-૮-૮૮ સુધીનો કુલ ૩૦ દિવસનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો અને કુલ ૩૦ દિવસની પ્રશ્નોત્તરી સભાગૃહમાં રજૂ થઈ હતી.

અતારાંકિત પ્રશ્નોની મળેલી સૂચનાઓમાં સાતમું સત્ર પૂરું થયા પછી એટલે કે, તા. ૪-૩-૮૮ થી આઠમા સત્રનો છેલ્લો દિવસ એટલે કે તા. ૩-૮-૮૮ સુધીમાં મળેલી સૂચનાઓનો સમાવેશ થાય છે. અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની ૫૦ (પચાસ)ની એક એવી ૬ યાદી ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. સત્ર દરમ્યાન કુલ ૩૨૯ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહમાં રજૂ થયા હતા. આમાં નિયમ ૮૭-અ અન્વયે સત્રના છેલ્લા દિવસે સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવેલ ૨૯ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોનો સમાવેશ થાય છે.

પ્રશ્નોત્તરીને લગતી કેટલીક અગત્યની માહિતી નીચે મુજબ છે :—

(૧) ગૃહમાં કુલ ૩૦ દિવસની ૩૨ બેઠકોમાંથી ૩૦ બેઠકોમાં પ્રશ્નોત્તરી હાથ ધરવામાં આવી હતી.

(૨) સત્ર દરમ્યાન ૧૨ (બાર) ટૂંકી મુદતના પ્રશ્નો ગૃહમાં રજૂ થયા હતા અને ૧૦ ટૂંકી મુદતના પ્રશ્નો ઉપર પ્રશ્નોત્તરી થઈ હતી જ્યારે ૨ પ્રશ્નો ઉપર સભ્યશ્રીની ગેરહાજરીને કારણે પ્રશ્નોત્તરી થઈ ન હતી.

(૩) સત્ર દરમિયાન કુલ ૧૬૬૫ તારાંકિત પ્રશ્નો ગૃહમાં રજૂ થયા હતા તેમાંથી બે પ્રશ્નો સભ્યશ્રી શાંતિલાલ પટેલે વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપતા તે રદ કરવામાં આવ્યા હતા. અને ૩૪૬ પ્રશ્નોના મૌખિક જવાબો આપવામાં આવ્યા હતા.

(૪) સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ ૩૦ યાદીઓમાંથી વધુમાં વધુ ૮૦ પ્રશ્નો તા. ૮-૭-૮૮ના રોજ અને ઓછામાં ઓછા ૩૫ પ્રશ્નો તા. ૨૦-૭-૮૮ના રોજની યાદીમાં હતા.

અરધા કલાકની ચર્ચા

૬. સત્ર દરમ્યાન નિયમ-૯૨ હેઠળની અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ૨ સચનાઓ મળી હતી. તે પૈકી એક સૂચના દાખલ કરવામાં આવી હતી અને તે સભ્યશ્રીની ગેરહાજરીને કારણે સભાગૃહમાં હાથ ધરી શકાઈ ન હતી.

સરકારી વિધેયકો

૭. **દાખલ કરવાનાં સરકારી વિધેયકો.**— સત્ર દરમિયાન કુલ ૧૨ સરકારી વિધેયકો સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૯).

૮. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો.**— સત્ર દરમિયાન પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં કુલ ૨૪ સરકારી વિધેયકો હતાં, તે પૈકી સન ૧૯૮૮ના વિધેયક ક્રમાંક ૧૧, ૧૭, ૧૯, ૨૫, ૨૬, ૨૭, ૨૯ અને ૩૦ એમ કુલ ૮ વિધેયકો

પસાર કરવામાં આવ્યાં હતાં અને બાકીનાં ૧૫ વિધેયકો સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતાં. સન ૧૯૮૭નું વિધેયક ક્રમાંક-૨૭ સન ૧૯૮૭નું ગુજરાત પ્રવેશવેરા વિધેયક, પ્રવર સમિતિએ ભલામણ કર્યા મુજબ સભાગૃહની અનુમતિથી પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. (જુઓ પત્રક ક્રમાંક-૧૦).

પસાર થયેલાં સરકારી વિધેયકો અને તેનું વિષયવાર વર્ગીકરણ.

૯. **વિધેયકોનું વર્ગીકરણ.**

(૧)	મુંબઇ રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો	૩
(૨)	ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો	૩
(૩)	મૂળ વિધેયકો	૨
	કુલ	૮

૧૦. **વિષયવાર વર્ગીકરણ.**

(૧)	નાણાકીય બાબતો અને કરવેરાને લગતાં વિધેયકો–	૭
(૨)	સંસદીય બાબતોને લગતું વિધેયક	૧
	કુલ	૮

વટહુકમોનું સ્થાન લેતાં વિધેયકો.

૧૧. સત્ર દરમિયાન સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક : ૧, ૨ અને ૩ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા, તે પૈકી વટહુકમ ક્રમાંક-૧ અને ૩નું સ્થાન લેતાં અનુક્રમે સન ૧૯૮૮ના વિધેયક ક્રમાંક-૧૭ અને ૧૯ પસાર કરવામાં આવ્યાં હતાં અને વટહુકમ ક્રમાંક-૨નું સ્થાન લેતું સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૮ સમયના અભાવે પસાર થઇ શકયું ન હતું.

વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલાં રાષ્ટ્રપતિ–રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં વિધેયકો.

૧૨. **સત્ર દરમિયાન રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં નીચેનાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં.**

અ. નં.	વિધેયકનો નંબર અને ટૂંકી સંજ્ઞા	કોની અનુમતિ મળી	મેજ ઉપર મૂક્યા તારીખ
૧.	સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧ સન ૧૯૮૮નું ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) વિધેયક	રાજ્યપાલશ્રી	૨૩-૬-૮૮
૨.	સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૯ સન ૧૯૮૮નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક.	,,	,,
૩.	સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૩ સન ૧૯૮૮નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક.	,,	૨૩-૬-૮૮
૪.	સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૭ સન ૧૯૮૮નું ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક.	,,	૮-૭-૮૮
૫.	સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૨૬ સન ૧૯૮૮નું ગુજરાત વિનિયોગ વિધેયક.	,,	૩-૮-૮૮

નાણાકીય કામકાજ

અંદાજપત્ર :—

૧૩. (ક) રજૂઆત :—સાતમી ગુજરાત વિધાનસભાના સાતમા સત્ર દરમ્યાન તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૮ના રોજ સન ૧૯૮૮-૮૯ના વર્ષનું રૂા. ૪૬,૪૦,૧૫,૯૩,૦૦૦નું અંદાજપત્ર માનનીય નાણા મંત્રીશ્રીએ સભાગૃહ સમક્ષ રજૂ કર્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા. ૩૮,૭૮,૧૩,૧૨,૦૦૦ અને બિનમતપાત્ર રકમ રૂા. ૭,૬૨,૦૨,૮૧,૦૦૦ હતી. જે પૈકી ઑપ્રલ, ૧૯૮૮ થી જુલાઇ, ૧૯૮૮ સુધીના ચાર માસ માટે અંદાજિત ખર્ચ પેટે રૂા. ૧૩,૩૨,૯૭,૮૩,૦૦૦ થી વધે નહીં તેટલી રકમનો પેશગી ખર્ચ મત, આખા વર્ષના અંદાજપત્રની ચર્ચા-વિચારણા કરવાની બાકી રાખીને મંજૂર કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ, ચાલુ સત્રમાં સન ૧૯૮૮-૮૯ના વર્ષ માટે માન. નાણા મંત્રીશ્રીએ નિયમ-૪૪ અન્વયે કેટલાક કરવેરા અંગેની દરખાસ્તો સભાગૃહ સમક્ષ તા. ૨૩મી જૂન, ૧૯૮૮ના રોજ રજૂ કરી હતી.

તા. ૧લી ઓગસ્ટ, ૧૯૮૮ થી તા. ૩૧મી માર્ચ, ૧૯૮૯ સુધીના વર્ષના બાકીના આઠ માસના ખર્ચ માટેની માગણીઓ અંગે સભાગૃહમાં ૧૬ દિવસ સુધી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ માગણીઓ અને વિનિયોગો પેટે મતપાત્ર રકમ રૂા. ૨૫,૪૫,૧૫,૨૯,૦૦૦ અને બિનમતપાત્ર રકમ રૂા. ૫,૦૮,૦૨,૮૭,૦૦૦ હતી.

(ખ) **સામાન્ય ચર્ચા** :— અંદાજપત્ર ઉપર તા. ૨૯મી અને ૩૦મી જૂન, ૧૯૮૮ અને તા. ૧લી અને ૪થી જુલાઇ, ૧૯૮૮ એમ કુલ ચાર દિવસો દરમ્યાન સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

(ગ) **માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન** :—અંદાજપત્રની માગણીઓ ઉપર તા. ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૬ અને ૨૭મી જુલાઇ, ૧૯૮૮ એમ કુલ ૧૬ દિવસો દરમ્યાન સભાગૃહની ૧૬ બેઠકોમાં ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. કુલ ૧૦૩ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી ૭૦ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. અંદાજપત્રમાં રજૂ થયેલી બધી માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક : ૧૧) ત્યારબાદ શુક્રવાર, તા. ૨૯મી જુલાઇ ૧૯૮૮ના રોજ ગુજરાત વિનિયોગ વિધેયક, ૧૯૮૮ સભાગૃહે પસાર કર્યું હતું.

(ઘ) **કાપ દરખાસ્તો** :—અંદાજપત્રની માગણીઓ ઉપર કુલ ૯૭૪ કાપ દરખાસ્તો આવી હતી. તેમાંથી ૯૩૯ કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. બાકીની ૩૫ કાપ-દરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૯૩૯ કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ ૩૧૧ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તા. ૨૧મી અને ૨૨મી જુલાઇ, ૧૯૮૮ના રોજ વિપક્ષોએ સભાત્યાગ કર્યો હોવાથી માગણીઓ ચર્ચા વિના પસાર કરવામાં આવી હતી. તા. ૮મી જુલાઇ, ૧૯૮૮ના રોજની માગણીઓ પરની કાપદરખાસ્તો ચર્ચાને અંતે પાછી ખેંચવામાં આવી હતી અને તે સિવાયના દિવસોએ બધી કાપદરખાસ્તોનો સભાગૃહ દ્વારા અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

વધારાના ખર્ચનું પત્રક

૧૪. (ક) **રજૂઆત** :— સન ૧૯૮૦-૮૧ના વર્ષ માટેનું કુલ રૂા. ૮૨,૦૦,૫૭,૫૯૭ નું વધારાના ખર્ચનું પત્રક સોમવાર, તા. ૨૭મી જૂન, ૧૯૮૮ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા. ૪૬,૬૫,૭૪,૬૯૯ અને બિનમતપાત્ર રકમ રૂા. ૩૫,૩૪,૮૨,૮૯૮ હતી.

(ખ) **વધારાની માગણીઓ પર ચર્ચા અને મતદાન** :— સન ૧૯૮૦-૮૧ના વર્ષના વધારાના ખર્ચના પત્રકમાંની માગણીઓ પર ચર્ચા અને મતદાન માટે મંગળવાર, તા. ૫મી

જુલાઇ, ૧૯૮૮નો દિવસ ફાળવવામાં આવ્યો હતો. આ દિવસે વધારાના ખર્ચના પત્રકમાં સમાવિષ્ટ કરેલી તમામ માગણીઓ પર એકી સાથે ચર્ચા થઇ હતી અને બધી વધારાની માગણીઓ એકીસાથે મત માટે મૂકવામાં આવી હતી અને મંજૂર કરવામાં આવી હતી, ત્યારબાદ ગુરૂવાર, તા. ૨૮મી જુલાઇ, ૧૯૮૮ના રોજ વિનિયોગ (વધારાનું ખર્ચ) વિધેયક પસાર કરવામાં આવ્યું હતું.

સભ્યશ્રીઓની ગેરહાજરી અંગેનો પ્રસ્તાવ (નિયમ ૧૦૯)

૧૫. સત્ર દરમિયાન તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૮ હેઠળ સભ્ય મોકુફીના પ્રસ્તાવની એક સૂચના આવી હતી જે નામંજૂર કરવામાં આવી હતી.

વૈધાનિક પ્રસ્તાવો (નિયમ-૧૦૦)

૧૬. સત્ર દરમિયાન નિયમ-૧૦૦ હેઠળના વૈધાનિક પ્રસ્તાવોની બે સૂચનાઓ મળી હતી. જે માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. ઉપરાંત સાતમા સત્ર દરમિયાન હાથ ન ધરી શકાયેલ અને બાકી રહેલ બે પ્રસ્તાવો સહિત કુલ ચાર વૈધાનિક પ્રસ્તાવો સમયના અભાવે સભાગૃહમાં હાથ ધરી શકાયા ન હતા. (જુઓ પત્રક ક્રમાંક : ૧૨)

વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો (નિયમ-૧૫૨ (૨))

૧૭. સન ૧૯૮૮ના વટહુકમો ક્રમાંક-૧, ૨ અને ૩ ને નામંજૂર કરવા માટેના પ્રસ્તાવોની કુલ ૯ સૂચનાઓ મળી હતી, જે મા. અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક-૧ ને નામંજૂર કરવા માટેના પ્રસ્તાવ પર તા. ૨૪મી, ૨૭મી અને ૨૮મી જૂન, ૧૯૮૮ના રોજ ચર્ચા કરવામાં આવી હતી અને ચર્ચાના અંતે સદરહુ પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક-૨ ને નામંજૂર કરવા માટેના પ્રસ્તાવ પર તા. ૨૮મી જૂન, તા. ૨૦મી જુલાઇ તથા ૨૮મી જુલાઇ ૧૯૮૮ના રોજ ચર્ચા કરવામાં આવી હતી પરંતુ સમયના અભાવે ચર્ચા આગળ હાથ ધરી શકાઇ ન હતી. સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક-૩ ને નામંજૂર કરવા માટેના પ્રસ્તાવ પર તા. ૧લી ઓગસ્ટ, ૧૯૮૮ના રોજ ચર્ચા કરવામાં આવી હતી અને ચર્ચાને અંતે સદરહુ પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો (જુઓ પત્રક ક્રમાંક : ૧૩)

વટહુકમ અને તે બહાર પાડવા અંગેનાં નિવેદનો

૧૮. સત્ર દરમિયાન (૧) સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક-૧ સન ૧૯૮૮નો ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ (૨) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૨ સન ૧૯૮૮નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટહુકમ (૩) સન ૧૯૮૮નો વટહુકમ (૩) સત્ર

૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૩ સન ૧૯૮૮નો મુંબઇ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વટહુકમ તા. ૨૩-૬-૮૮ ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા. આ ત્રણે વટહુકમો બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતા નિવેદનોની નકલો સંબંધિત મંત્રીશ્રીઓએ તા. ૨૪-૬-૮૮ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકી હતી.

ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧)

૧૯. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૧ હેઠળ જેની ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવોની કુલ ૪ સૂચનાઓ મળી હતી, જે પૈકી બે સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી, દાખલ કરેલી બે સૂચનાઓમાંની એક સૂચનાને કામકાજ સલાહકાર સમિતિએ તા. ૧૪-૭-૮૮ ના રોજ ચર્ચા માટે સમય ફાળવ્યો હતો. એક સૂચના સમયના અભાવે ચર્ચા માટે હાથ ધરી શકાઇ ન હતી (જુઓ પત્રક ક્રમાંક : ૧૪)

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

૨૦. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઇચ્છા વ્યકત કરતી કુલ ૪૬ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનું બેલટ તા. ૨૯-૭-૮૮ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં આવેલ સભ્યશ્રી વજુભાઇ જાનીએ પ્રસ્તાવની સૂચના આપી ન હતી.

ટૂંક સમયની ચર્ચા (નિયમ-૧૧૨)

૨૧. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટે કુલ-૨ સૂચનાઓ મળી હતી, જે નામંજૂર કરવામાં આવી હતી.

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

૨૨. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી કુલ ૨૩૬ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૧૯૧ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૪૫ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ ૨૪ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. ૩ કિસ્સામાં સભ્યશ્રીઓની ગેરહાજરીને કારણે અને એક કિસ્સામાં સભાગૃહની બેઠક દોઢ કલાક માટે મુલતવી રહેતાં સમયના અભાવે નિવેદન થઇ શકયાં ન હતાં. (જુઓ પત્રક ક્રમાંક : ૧૫)

અધ્યક્ષશ્રીની અગાઉથી અનુમતિ મેળવીને સભ્યશ્રીઓએ સભાગૃહમાં ૧૪ મુદ્દા ઉપસ્થિત કર્યા હતા, જે અંગે સંબંધિત મંત્રીશ્રીઓએ મૌખિક નિવેદનો કર્યા હતાં.

જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ-૪૪)

૨૩. સત્ર દરમ્યાન ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નીચે મુજબ કુલ ૯ નિવેદનો કર્યા હતાં.

અ. નં.	નિવેદનનો વિષય (ટૂંકમાં)	નિવેદન કરનાર મંત્રીશ્રીનું નામ	નિવેદન કર્યા તારીખ
૧	૨	૩	૪
૧.	સન ૧૯૮૮—૮૯ના વર્ષના અંદાજપત્ર અંગે,	શ્રી અરવિંદ સંઘવી, નાણા મંત્રીશ્રી,	૨૩-૬-૮૮
૨.	ખાદ્યતેલના વિતરણ અંગે	શ્રી બાબુભાઈ સોપારીવાલા, નાગરિક પુરવઠા મંત્રીશ્રી	૨૮-૬-૮૮
૩.	રાજ્યના અધ્યાપકો સાથેની વાટાઘાટોના પરિણામ અંગે.	પ્રો. હસમુખ પટેલ, શિક્ષણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)	૧-૭-૮૮
૪.	એમ. એસ. યુનિવર્સિટાના વિદ્યાર્થી શ્રી તુષાર ચૌધરીને કૃપા ગુણ આપવાના આક્ષેપની તપાસ કરવા કમિશન નિમવા અંગે,	,,	૧૮-૭-૮૮
૫.	રાજ્યમાં થયેલા ભારે વરસાદના કારણે જુદા જુદા જિલ્લાઓમાં થયેલ નુકશાન અંગે.	શ્રી હરિસિંહ મહિડા મહેસુલ મંત્રીશ્રી	૨૦-૭-૮૮
૬.	ગાંધીનગર ખાતે વર્ગ ૪-ના કર્મચારીઓને જમીન ફાળવવાઅંગે	શ્રી દોલતભાઈ પરમાર, માર્ગ અને મકાન મંત્રીશ્રી	૨૦-૭-૮૮
૭.	પોલીસ મંડળોની માન્યતા સસ્પેન્ડ કરવાનાં પગલાં અંગે,	શ્રી અમરસિંહ ચૌધરી મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)	૨૬-૭-૮૮
૮.	લોકાયુકતની નિમણૂક અંગે,	શ્રી અમરસિંહ ચૌધરી, મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ	૨૬-૭-૮૮
૯.	રાજ્યમાં ઝાડા ઉલટી, કોલેરા અને મરડાના રોગચાળા સામે સરકાર તરફથી લેવાયેલાં પગલાં અંગે	શ્રી વલ્લભભાઈ પટેલ આરોગ્ય મંત્રીશ્રી	૩-૮-૮૮

બિન-સરકારી વિધેયકો

૨૪. **દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો :**—સત્ર દરમિયાન ૩ બિન-સરકારી વિધેયકો દાખલ કરવાનાં હતાં, જે પૈકી ૨ વિધેયકો તા. ૨૩મી જૂન, ૧૯૮૮ ના રોજ અને ૧ વિધેયક તા. ૨૮મી જુલાઈ, ૧૯૮૮ના રોજ સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યું હતું. (જુઓ પત્રક ક્રમાંક : ૧૬)

૨૫. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો :—** સાતમી ગુજરાત વિધાનસભાના સાતમા સત્રમાં નિકાલ માટે બાકી રહેલાં ૨૪ બિન-સરકારી વિધેયકો અને આઠમા સત્રમાં સભાગૃહમાં દાખલ કરવામાં આવેલાં ૩ બિન-સરકારી વિધેયકો સહિત કુલ ૨૭ બિન-સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના હતા તે પૈકી ચર્ચા માટે હાથ ધરવામાં આવેલાં ૬ બિન-સરકારી વિધેયકો ચર્ચાના અંતે સભાગૃહની અનુમતિથી પાછા ખેંચી લેવામાં આવ્યાં હતાં અને ૪ બિન-સરકારી વિધેયકોનો પહેલા વાંચન માટેનો પ્રસ્તાવ સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યો ન હતો. (જુઓ પત્રક ક્રમાંક : ૧૭) સત્રના અંતે ૨૧ વિધેયકો બાકી રહયાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક : ૧૮)

દાખલ થયેલાં બિન-સરકારી વિધેયકો અને તેનું વર્ગીકરણ

૨૬. **વિધેયકોનું વર્ગીકરણ :—**

૧. મૂળ વિધેયકો	૨
૨. ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતું વિધેયક	૧
કુલ	૩

૨૭. **વિષયવાર વર્ગીકરણ :—**

(૧) આરોગ્યને લગતું	૧
(૨) જાહેરાતો પર પ્રતિબંધને લગતું	૧
(૩) સહકારને લગતું	૧
કુલ	૩

બિન-સરકારી સંકલ્પો (નિયમ : ૧૧૭)

૨૮. બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા. ૩૦-૬-૮૮, તા. ૧૪-૭-૮૮ અને તા. ૨૮-૭-૮૮ એમ કુલ ત્રણ દિવસો ફાળવવામાં આવ્યા હતા.

ઉપર દર્શાવેલા ત્રણ દિવસો માટે બિન-સરકારી સંકલ્પો રજૂ કરવાની ઇચ્છા વ્યકત કરતી અનુક્રમે કુલ ૩, ૫૦ અને ૬૩ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનું બેલટ અનુક્રમે તા. ૨૨-૬-૮૮, તા. ૬-૭-૮૮ અને તા. ૧૮-૭-૮૮ના રોજ યોજવામાં આવ્યું હતું.

ઉપર દર્શાવેલ ત્રણેય વખતના બેલટમાં આવેલા સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી, જે બધી દાખલ કરવામાં આવી હતી. (સંકલ્પોની ચર્ચા અને તેના પરિણામોની વિગત માટે જુઓ પત્રક ક્રમાંક : ૧૯)

ઔચિત્યભંગના પ્રશ્નો

૨૯. સત્ર દરમ્યાન નીચે જણાવેલા ઔચિત્યભંગના પ્રશ્નોની ચાર સૂચનાઓ મળી હતી. માન. અધ્યક્ષશ્રીએ આ બધી સૂચનાઓ દાખલ કરી હતી અને ઔચિત્યભંગના મુદા સભાગૃહમાં ઉપસ્થિત કરવાની સંબંધકર્તા સભ્યશ્રીઓને પરવાનગી આપી હતી.

(૧) તા. ૪થી જુલાઇ, ૧૯૮૮ના રોજ સભ્યશ્રી સુરેશભાઇ રૂ. મહેતાએ ઔચિત્યભંગનો એવો મુદો ઉપસ્થિત કર્યો હતો કે ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ-૧૫૧ હેઠળ અટકાયત કરવાની સત્તા જે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ પાસે હતી તે પોલીસ અધિકારીઓને સોંપવાનો સરકારે લીધેલો નિર્ણય મોકૂફ રાખવાનું સરકારે ઠરાવેલ છે અને સરકારનો આ નિર્ણય નીતિ-વિષયક હોવાથી અને સભાગૃહની બેઠક ચાલુ હોવાથી સરકારે આવા નિર્ણયની સભાગૃહમાં સૌ-પ્રથમ જાહેરાત કરવી જરૂરી હતી તેને બદલે આવી નીતિ વિષયક જાહેરાત સભાગૃહની બહાર કરીને સરકારે સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે.

આ બાબતમાં માન. મુખ્યમંત્રીશ્રીની સ્પષ્ટતા પછી માન. અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો હતો કે સભાગૃહની બેઠક ચાલુ હતી ત્યારે સરકારે આવી જાહેરાત સભાગૃહ સમક્ષ કરવી જોઇતી હતી, સરકારે તેમ કર્યું નથી તેટલે અંશે સભાગૃહના ઔચિત્યનો ભંગ થયો ગણાય અને તાકીદ કરી કે સરકારે ભવિષ્યમાં આવી બાબતમાં કાળજી રાખવી.

(૨) તા. ૪થી જુલાઇ, ૧૯૮૮ના રોજ સભ્યશ્રી બાબુભાઇ વાસણવાળાએ ઔચિત્યના ભંગનો એવો મુદો ઉપસ્થિત કર્યો હતો કે સરકારે ગાંધીનગરમાં જમીનની વહેંચણી અંગેનો નીતિ વિષયક નિર્ણય લઇ જે પ્રસિધ્ધ કર્યો છે તે અંગેની જાહેરાત અખબારોમાં પ્રસિધ્ધ થઇ છે અને સભાગૃહની બેઠક ચાલુ હોવાથી આ જાહેરાત સૌ પ્રથમ સભાગૃહ સમક્ષ થવી જોઇતી હતી પરંતુ આ જાહેરાત સભાગૃહની બહાર કરીને સરકારે સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે.

માન. માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રીની સ્પષ્ટતા સાંભળ્યા પછી માન. અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો હતો કે સરકારે ગાંધીનગરમાં જમીનની વહેંચણી અંગેનો નીતિ વિષયક નિર્ણય લીધો છે તેથી તેવા નિર્ણયની જાહેરાત સભાગૃહની બેઠક ચાલુ હોવાથી સૌ પ્રથમ

સભાગૃહ સમક્ષ થવી જોઈતી હતી પરંતુ તેમ થયું નથી. તેથી સભાગૃહના ઔચિત્યનો ભંગ થયો છે.

(૩) તા. ૬ઠી જુલાઈ, ૧૯૮૮ના રોજ સભ્યશ્રી દિનશા પટેલે સભાગૃહમાં ઔચિત્ય-ભંગનો એવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે સમાજ કલ્યાણ વિભાગ મારફતે નિરાધાર, ત્યકતા અને છૂટાછેડા લીધેલી બહેનોને જે આર્થિક સહાય આપવામાં આવે છે તેમાં સુધારો કરીને તેના માટેની જે વયમર્યાદા અને આવક મર્યાદા હતી તેમાં સુધારો કરવામાં આવ્યો છે. સરકારની આ એક નીતિ વિષયક જાહેરાત છે. સભાગૃહનું સત્ર ચાલુ છે અને તેવા સમયે આવી જાહેરાત સભાગૃહની બહાર કરીને સરકારે સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે. માન. સમાજકલ્યાણ મંત્રીશ્રીની સ્પષ્ટતા પછી માન. અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો હતો કે સરકારની નીતિ અંગે પણ સરકારે કોઈ સ્પષ્ટતા બહાર પાડી હોય તો પણ તે અંગે પ્રથમ સભાગૃહમાં જાહેરાત કરવી જોઈએ. હાલના કિસ્સામાં સરકારે તેની મળ નીતિમાં સુધારો કર્યો છે અને તે અંગે ઠરાવ બહાર પાડયો છે. સરકારે આવી જાહેરાત સૌ પ્રથમ સભાગૃહમાં કરવી જોઈતી હતી જે થયું નથી. આથી આ બાબતમાં સભાગૃહના ઔચિત્યનો ભંગ થયો છે.

(૪) તા. ૨૮મી જુલાઈ, ૧૯૮૮ના રોજ સભ્યશ્રી દિનશા પટેલે સભાગૃહમાં ઔચિત્ય-ભંગનો એવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે ટર્ન ઓવર ટેક્ષ અંગેની વિસ્તૃત માહિતી જેવી કે ટર્ન ઓવર ટેક્ષ કોને લાગુ પડશે, કઈ કઈ ચીજવસ્તુઓ તેમાંથી બાકાત રહેશે વગેરે માહિતી માન. નાણા મંત્રીશ્રીએ તા. ૨૯-૭-૧૯૮૮ના રોજ પોતાની ચેમ્બરમાં પત્રકારોને આપી હતી. જે અખબારોમાં પ્રસિધ્ધ થઈ છે. આ સમયે સભાગૃહની બેઠક ચાલુ હતી તેથી આવી માહિતી સૌ પ્રથમ સભાગૃહમાં આપવી જોઈતી હતી અને આ માહિતી સભાગૃહને નહીં આપીને સરકારે ગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે માન. નાણા મંત્રીશ્રીએ સભાગૃહમાં ખુલાસો કર્યો હતો કે તેઓએ ફકત જોગવાઈઓ અંગેની જ સ્પષ્ટતા કરી હતી. કોઈ નીતિ વિષયક બાબત જણાવી ન હતી અને તેમ છતાં જો સભાગૃહનું અવમાન થયું હોય તો તેમણે દિલગીરી વ્યકત કરી હતી ત્યાર બાદ સભ્યશ્રી દિનશા પટેલે જણાવ્યું હતું કે માન. નાણા-મંત્રીશ્રીએ જે ખુલાસો કર્યો છે અને દિલગીરી વ્યકત કરી છે તે જોતાં તેઓ પ્રસ્તુત મુદ્દા સંબંધમાં માન. અધ્યક્ષશ્રીના નિર્ણય માટે આગ્રહ રાખતા નથી.

૩૦ વિશેષાધિકાર ભંગના પ્રશ્નો.— (૧) સત્ર દરમ્યાન વિશેષાધિકાર ભંગના પ્રશ્નની ચાર સૂચનાઓ મળી હતી. જે બધી નામંજૂર કરવામાં આવી હતી. વિધાનસભાના ગયા સત્રમાં સભાગૃહમાં દુષ્કાળની ચર્ચા વખતે માન. મહેસૂલ મંત્રીશ્રીએ શેરડીની ખરીદી અંગેની આપેલી માહિતી અને અતારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૮૧૩૩ના જવાબમાં તેમણે તે અંગે આપેલી માહિતી એકબીજાથી ભિન્ન હોવાથી માન. મંત્રીશ્રી દ્વારા સભાગૃહને ખોટી માહિતી આપવાથી ઉપસ્થિત થતા વિશેષાધિકાર ભંગના પ્રશ્નની ગયા સત્ર દરમિયાન મળેલી સૂચના સંબંધમાં માન. અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી અશોક ભટ્ટને આ સત્રમાં તા. ૨૩-૬-૧૯૮૮ના રોજ સભાગૃહમાં પ્રસ્તુત મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી આપી હતી અને સભ્યશ્રી અશોક ભટ્ટે તે દિવસે સભાગૃહમાં મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને ત્યારબાદ માન. અધ્યક્ષશ્રીએ પ્રસ્તુત બાબત તપાસ અને અહેવાલ માટે વિશેષાધિકાર સમિતિને સોંપી હતી.

(૨) વિધાનસભાના છઠા સત્ર દરમ્યાન તા. ૧૩મી જુલાઈ, ૧૯૮૭ના રોજ વિરોધ પક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલે વિશેષાધિકારભંગનો એવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે તા. ૧૩મી માર્ચ, ૧૯૮૭ના રોજ મોડાસા મતવિસ્તારના વિધાનસભાની ચૂંટણીના ઉમેદવાર શ્રી ધીરુભાઈ પટેલની ધરપકડ બાબતમાં સભાગૃહમાં મુખ્યમંત્રીશ્રીએ આપેલી માહિતી ગૃહને ગેરમાર્ગે દોરનારી હોવાથી સભાગૃહના વિશેષાધિકારનો ભંગ થાય છે. તેજ દિવસે સભ્યશ્રી અશોક ભટે વિશેષાધિકાર ભંગનો એક બીજો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે તા. ૨૫મી માર્ચ, ૧૯૮૭ના રોજ સભાગૃહમાં માન. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદની બેંક લૂંટના કિસ્સામાં પકડાયેલા ગુનેગારોની સંખ્યા ખોટી આપીને સભાગૃહને ગેરમાર્ગે દોર્યું હોવાથી સભાગૃહના વિશેષાધિકારનો ભંગ થાય છે. ઉપર્યુકત મુદા ઉપસ્થિત કરનાર બંને સભ્યશ્રીઓને તથા તે મુદાઓ સંબંધમાં માન. મુખ્યમંત્રીશ્રીની સ્પષ્ટતા સાંભળ્યા બાદ માન. અધ્યક્ષશ્રીએ આ બંને મુદાઓ સંબંધમાં તેમનો નિર્ણય મુલતવી રાખ્યો હતો.

આ સત્રમાં તા. ૩જી ઓગસ્ટ, ૧૯૮૮ના રોજ વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલના ઉપર્યુકત મુદા અંગે માન. અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો હતો કે, વિરોધ પક્ષના નેતાશ્રીએ તેમની સૂચનામાં જે લેખિત માહિતી આપી છે તે તેમજ સભાગૃહમાં જે મૌખિક માહિતી આપી છે તે તેમજ માન. મુખ્યમંત્રીશ્રીએ જે લેખિત ખલાસો કર્યો છે તે અને સભાગૃહમાં તેમણે કરેલી સ્પષ્ટતાને વિચારણામાં લેતાં તેમને એમ લાગે છે કે માન. મુખ્યમંત્રીશ્રીએ જાણીબઝીને અને ઈરાદાપૂર્વક સભાગૃહને ખોટી માહિતી આપી હોવાનું ફલિત થતું નથી. તેથી તેઓ આ કિસ્સામાં વિશેષાધિકારનો ભંગ થયો હોવાનું સ્વીકારતા નથી.

સભ્યશ્રી અશોક ભટના ઉપર્યુકત મુદા અંગે પણ માન. અધ્યક્ષશ્રીએ તે જ દિવસે નિર્ણય આપ્યો હતો કે તે કિસ્સામાં પણ હકીકત દોષ રહી જવા પામેલ હોવાનું માન. મુખ્યમંત્રીશ્રીએ સ્વીકાર્યું હોવાથી તે મુદા સંબંધમાં પણ આગળ કંઈ કરવાનું રહેતું નથી અને તેથી તે કિસ્સામાં પણ વિશેષાધિકારનો ભંગ થયો હોવાનું તેઓ સ્વીકારતા નથી.

સભાગૃહનું અવમાન.

૩૧. સત્ર દરમિયાન સભાગૃહની પ્રેક્ષક ગેલેરીમાંથી સૂત્રોચ્ચાર કરીને સભાગૃહનું અવમાન કરવાના ચાર કિસ્સાઓ બન્યા હતા. તા. ૭-૭-૧૯૮૮ના રોજ બનેલ પ્રથમ કિસ્સામાં બે વ્યકિતઓએ સભાગૃહની પ્રેક્ષક ગેલેરીમાંથી સૂત્રોચ્ચાર કરતાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. તા. ૨-૮-૧૯૮૮ના રોજ થોડા થોડા સમયના અંતરે બનેલ ત્રણ કિસ્સાઓમાં સભાગૃહની પ્રેક્ષક ગેલેરીમાંથી સૂત્રોચ્ચાર કરવા બદલ અનુક્રમે ૨, ૪ અને ૮ વ્યકિતઓની ધરપકડ કરવામાં આવી હતી.

ઉપર્યુકત બધાજ કિસ્સાઓમાં સભાગૃહે પ્રસ્તાવ પસાર કરીને અવમાનકર્તાઓને એક દિવસની સભાગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધીની સજા કરી હતી. તદનુસાર તા. ૭-૭-૧૯૮૮ના રોજ બનેલા બનાવમાં અવમાનકર્તાઓને એક દિવસ માટે સાર્જન્ટની કસ્ટડીમાં

રાખવામાં આવ્યા હતા અને સભાગૃહની બેઠક પૂરી થતાં છોડી મૂકવામાં આવ્યા હતા જ્યારે તા. ૨-૮-૧૯૮૮ના રોજ બનેલા બનાવમાં અવમાનકર્તાઓને ગાંધીનગર પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા અને સભાગૃહની બેઠક પૂરી થયા બાદ છોડી મૂકવામાં આવ્યા હતા.

પોઈન્ટ ઓફ ઓર્ડર

૩૨. સત્ર દરમ્યાન કુલ ૫ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા તેમાંથી ૧ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યો હતો એટલે કે ૨૦ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા. ૪ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા નહોતા એટલે કે ૮૦ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા નહોતા.

યાદગાર પ્રસંગો

૩૩. (૧) તા. ૨૭-૬-૧૯૮૮ના રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૨૧૮૬૨ ઉપર ભા. જ. પ.ના નેતા શ્રી સુરેશચંદ્ર મહેતાને માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક પ્રશ્ન પૂછવાની મંજૂરી નહીં આપતાં સમગ્ર વિપક્ષે આ બાબતે નારાજ થઈને બપોરે ૧૨-૪૦ પછી ગૃહમાં હાજર હોવા છતાં પોતાના પ્રશ્નો પૂછ્યા નહીં અને પ્રશ્નોત્તરીમાં તેમણે કોઈ ભાગ ન લીધો. વિરોધપક્ષોના આ નવતર પ્રયોગને કારણે શાસક પક્ષના સભ્યોને વધુ પૂરક પ્રશ્નો પૂછવાની તક મળી જ્યારે મંત્રીશ્રીઓને અગ્રતાક્રમમાં પાછળ એવા પ્રશ્નોના જવાબ આપવાની પરિસ્થિતિ ઉભી થતા કંઈક અંશે મૂંઝવણ થઈ.

(૨) તા. ૧૩-૭-૧૯૮૮ના રોજ ભારતીય જનતા પક્ષના ધારાસભ્યશ્રીઓની તેમણે વિધાનસભાના મકાનની બહાર કરેલા દેખાવો બદલ થયેલી ધરપકડના વિરોધમાં ગૃહમાં હાજર રહેલા વિરોધપક્ષના અન્ય સભ્યશ્રીઓએ સતત સૂત્રોચ્ચાર કરતાં અધ્યક્ષશ્રીએ ગૃહની કાર્યવાહી થોડો સમય મુલતવી રાખી.

બપોરના એક વાગે ગૃહ ફરી મળ્યું, પરંતુ માનનીય અધ્યક્ષશ્રીએ તરત જ ફરીને વધુ અડધા કલાક માટે ગૃહ મુલતવી રાખ્યું. દરમ્યાન ભા. જ. પ.ના સભ્યોને છોડી મૂકવામાં આવ્યા. ત્યારબાદ બપોરના ૧-૩૦ વાગે ગૃહ ફરી વખત મળ્યું.
આમ ગૃહ બેવાર મુલતવી રહ્યું હતું.

(૩) તા. ૨૧-૭-૧૯૮૮ના રોજ સભાગૃહની બેઠક શરૂ થતાં જ વિરોધપક્ષના સભ્યોએ "ટર્નઓવર ટેક્ષ નાબૂદ કરો" તેવા સૂત્રોચ્ચાર સાથે ધોંધાટ કરી દેખાવો કર્યા અને દસ બાર મિનિટ પછી તેમણે સભાત્યાગ કર્યો અને દિવસની કામકાજની કાર્યવાહીમાં ભાગ લીધો નહીં.

(૪) તા. ૨૨-૭-૧૯૮૮ના રોજ સભાગૃહની બેઠકની શરૂઆતમાં વિરોધપક્ષના મોટા-ભાગના સભ્યોએ 'ટર્નઓવર ટેક્ષ નાબૂદ કરો' અને 'ગરીબો પરનો ટેક્ષ નાબૂદ કરો'ના સતત સૂત્રોચ્ચાર કરતાં અધ્યક્ષશ્રીએ તેમનું સભાગૃહ છોડી જવા આદેશ આપ્યો. તેમ છતાં તેનો અમલ કરવાને બદલે સૂત્રોચ્ચાર ચાલુ રાખી ધોંધાટભર્યું વર્તન દાખવનાર ૨૧ સભ્યોને માનનીય અધ્યક્ષશ્રીએ નામથી સંબોધન કર્યું. ત્યારબાદ મુખ્ય દંડકશ્રી મનુભાઈ પરમારે પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"અધ્યક્ષશ્રીએ નામથી સંબોધેલા સભ્યોને આજના દિવસ પૂરતા સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરવામાં આવે."

પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો. ત્યારબાદ આ સભ્યોએ સભાગૃહની હદ છોડીને ચાલ્યા જવાને બદલે સભાગૃહની વચ્ચે જમીન પર બેસી ગયા અને રામધૂન કરી ધરણા શરૂ કર્યા. જેમને ગૃહની સેવામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા ન હતા તેવા વિરોધપક્ષના સભ્યો પણ આ કાર્યક્રમમાં જોડાયા અને એક બીજાના હાથમાં હાથ પરોવી સાંકળ બનાવીને બેસી રહ્યા. અધ્યક્ષશ્રીએ સલામતી રક્ષકોને આ તમામ સભ્યોને સભાગૃહમાંથી દૂર કરવાની સૂચના આપી.

ત્યારબાદ અધ્યક્ષશ્રીએ સવારના ૮-૩૫ વાગે સભાગૃહ અડધો કલાક માટે મુલતવી રાખ્યું.

સભાગૃહનો ફરી મળવાનો સમય થયો ત્યાં સુધીમાં સલામતી રક્ષકો આ ૨૧ સભ્યોને વારાફરતી ઊંચકીને ગૃહની બહાર લઈ ગયાં.

સવારના ૯-૦૫ વાગે સભાગૃહ પુનઃ મળ્યું ત્યારે વિરોધપક્ષના નેતા શ્રી ચીમનભાઈ પટેલ સહિત કેટલાક સભ્યો કે જેમને ગૃહની સેવામાંથી અગાઉ સસ્પેન્ડ કરાયા ન હતા તેમણે સૂત્રોચ્ચાર અને ધરણાં ચાલુ રાખતાં અધ્યક્ષશ્રીએ તેમને આવું ન કરવા સમજાવતાં છેવટે તેઓ ગૃહ છોડી ગયા હતા.

(૫) તા. ૧-૮-૧૯૮૮ના રોજ મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક ઉપર નિયમ ૧૫૨(૨) અન્વયેના પ્રસ્તાવ અને વિધેયકના પ્રથમ વાંચનના પ્રસ્તાવ પર ભેગી ચર્ચા શરૂ થઈ. વિપક્ષના ત્રણ સભ્યોએ આ વિધેયક પરનું તેમનું પ્રવચન પૂરું કર્યું તે પછી ચર્ચા રામાપ્તિનો પ્રસ્તાવ રજૂ કર્યો.

વિધેયક પરની ચર્ચા આમ ટૂંકાવી નાંખવાના પગલાંના વિરોધ રૂપે ભારતીય જનતા પક્ષના સભ્યોએ સભાત્યાગ કર્યો.

વિધાનસભાની જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી નિમણૂંક

૩૪. સત્ર દરમિયાન નીચે જણાવેલી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક : ૨૦)

૧. અંદાજ સમિતિ

૨. જાહેર હિસાબ સમિતિ

૩. જાહેર સાહસો માટેની સમિતિ

૪. પંચાયતી રાજ સમિતિ

૩૫. સત્ર દરમિયાન અધ્યક્ષશ્રીએ નીચે જણાવેલી સમિતિઓ ઉપર સભ્યોની નિમણુક કરી હતી (જુઓ પત્રક ક્રમાંક :૨૧)

૧. કામકાજ સલાહકાર સમિતિ

૨. ગૌણ વિધાન સમિતિ

૩. નિયમો માટેની સમિતિ

૪. સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ

૫. અરજી સમિતિ

૬. વિશેષાધિકાર સમિતિ

૭. સભ્યોનાં ભથ્થાં બાબતના નિયમો માટેની સમિતિ

૮. સદસ્ય નિવાસ સમિતિ

૯. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

૧૦. અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

૧૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ.

૧૨. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ

૧૩. ગ્રંથાલય સમિતિ.

૧૪. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ.

સમિતિની બેઠકો

૩૬. સત્ર દરમિયાન નીચે જણાવેલ સમિતિઓની બેઠકો મળી હતી

અ. નં.	સમિતિનું નામ	બેઠકની તારીખ
૧	૨	૩
૧.	અંદાજ સમિતિ	૧૯-૭-૮૮
		૨૯-૭-૮૮
૨.	જાહેર હિસાબ સમિતિ	૧૩-૭-૮૮
		૨૬-૭-૮૮
૩.	જાહેર સાહસો માટેની સમિતિ	૧-૮-૮૮
૪.	પંચાયતી રાજ સમિતિ	૧૩-૭-૮૮
૫.	કામકાજ સલાહકાર સમિતિ	૨૩-૬-૮૮
		૨૭-૬-૮૮
		૨૮-૬-૮૮
		૪-૭-૮૮
		૬-૭-૮૮
		૧૧-૭-૮૮
		૧૮-૭-૮૮
		૨૦-૭-૮૮
		૨૭-૭-૮૮
		૧-૮-૮૮
૬.	નિયમો માટેની સમિતિ	૨૧-૭-૮૮
		૨૬-૭-૮૮

૧	૨	૩
૭.	ગૌણ વિધાન સમિતિ	૨૭-૭-૮૮
૮.	બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ	૨૩-૬-૮૮ ૨૯-૬-૮૮ ૫-૭-૮૮ ૧૨-૭-૮૮ ૧૯-૭-૮૮ ૨૬-૭-૮૮
૯.	અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૭-૭-૮૮ ૧૮-૭-૮૮ ૨-૮-૮૮
૧૦.	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૨૬-૭-૮૮ ૧-૮-૮૮ ૨-૮-૮૮
૧૧.	સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ	૩૦-૬-૮૮
૧૨.	સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ	૨૭-૭-૮૮
૧૩.	વિશેષાધિકાર સમિતિ	૨-૮-૮૮
૧૪.	ગૃહના મેજ પર મૂકાયેલા કાગળો માટેની સમિતિ	૧૩-૭-૮૮
૧૫.	ગુજરાત પ્રવેશવેરા વિધેયક પરની પ્રવર સમિતિ	૨૮-૬-૮૮ ૩૦-૬-૮૮ ૨૭-૭-૮૮

વિધાનસભામાં રજુ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિઓના અહેવાલો

૩૭. સત્ર દરમિયાન નીચે જણાવેલા અહેવાલો સભાગૃહમાં રજૂ થયા/ચર્ચાયા હતા.

અ. નં.	અહેવાલ	રજુ થયા તારીખ	ચર્ચાયા તારીખ
૧	૨	૩	૪
૧.	**અંદાજ સમિતિ.**		
	(૧) આઠમો અહેવાલ	૨૧-૭-૮૮	...
	(૨) નવમો અહેવાલ	૨૧-૭-૮૮	...
	(૩) દસમો અહેવાલ	૨-૮-૮૮	...
૨.	**જાહેર હિસાબ સમિતિ.**		
	(૧) દસમો અહેવાલ	૧૯-૭-૮૮	...
	(૨) અગિયારમો અહેવાલ	૨૭-૭-૮૮	...
	(૩) બારમો અહેવાલ	૨૮-૭-૮૮	...
૩.	**જાહેર સાહસો બાબતની સમિતિ.**		
	(૧) ચૌદમો અહેવાલ	૨૮-૭-૮૮	...
	(૨) પંદરમો અહેવાલ.	૩-૮-૮૮	...
૪.	**પંચાયતી રાજ સમિતિ.**		
	(૧) નવમો અહેવાલ	૧૯-૭-૮૮	...
૫.	**કામકાજ સલાહકાર સમિતિ.**		
	(૧) ઓગણચાલીસમો અહેવાલ	૫-૭-૮૮	૫-૭-૮૮
	(૨) ચાલીસમો અહેવાલ.	૬-૭-૮૮	૬-૭-૮૮
	(૩) એકતાળીસમો અહેવાલ.	૨૯-૭-૮૮	૨૯-૭-૮૮

૧	૨	૩	૪
૬.	**નિયમો માટેની સમિતિ.**		
	(૧) ત્રીજો અહેવાલ	૨૮-૭-૮૮	...
૭.	**ગૌણ વિધાન સમિતિ.**		
	(૧) દસમો અહેવાલ	૨૮-૬-૮૮	...
	(૨) અગિયારમો અહેવાલ	૨-૮-૮૮	...
૮.	**બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ.**		
	(૧) બત્રીસમો અહેવાલ	૨૩-૬-૮૮	૨૩-૬-૮૮
	(૨) તેત્રીસમો અહેવાલ	૩૦-૬-૮૮	૩૦-૬-૮૮
	(૩) ચોત્રીસમો અહેવાલ	૬-૭-૮૮	૬-૭-૮૮
	(૪) પાંત્રીસમો અહેવાલ	૧૩-૭-૮૮	૧૩-૭-૮૮
	(૫) છત્રીસમો અહેવાલ	૨૦-૭-૮૮	૨૦-૭-૮૮
	(૬) સાડત્રીસમો અહેવાલ.	૨૭-૭-૮૮	૨૭-૭-૮૮
૯.	**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ.**		
	(૧) નવમો અહેવાલ.	૧૪-૭-૮૮	...
	(૨) દસમો અહેવાલ.	૨૨-૭-૮૮	..
	(૩) અગિયારમો અહેવાલ	૨૨-૭-૮૮	...
	(૪) બારમો અહેવાલ.	૩-૮-૮૮	...

૧	૨	૩	૪
૧૦.	અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ.		
	(૧) વીસમો અહેવાલ.	૨૭-૬-૮૮	...
	(૨) એકવીસમો અહેવાલ.	૨૭-૬-૮૮	...
	(૩) બાવીસમો અહેવાલ.	૨૭-૬-૮૮	...
૧૧.	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા વિચરતી અને વિમુકત જાતિઓ ના કલ્યાણ માટેની સમિતિ.		
	(૧) અઢારમો અહેવાલ.	૨૯-૭-૮૮	...
	(૨) ઓગણિસમો અહેવાલ.	૨૯-૭-૮૮	...
	(૩) વીસમો અહેવાલ.	૩-૮-૮૮	...
	(૪) એકવીસમો અહેવાલ.	૩-૮-૮૮	...
	(૫) બાવીસમો અહેવાલ.	૩-૮-૮૮	...
	(૬) ત્રેવીસમો અહેવાલ.	૩-૮-૮૮	...
૧૨.	સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ.		
	(૧) બીજો અહેવાલ	૬-૭-૮૮	...
૧૩.	સભાગૃહની બેઠકોમા સભ્યોની ગેરહાજરીની બાબતની સમિતિ.		
	(૧) સાતમો અહેવાલ.	૧-૮-૮૮	૧-૮-૮૮
૧૪.	ગૃહના ખેજ પર મૂકાયેલા કાગળો માટેની સમિતિ.		
	(૧) પ્રથમ અહેવાલ.	૨૭-૭-૮૮	...
૧૫.	ગુજરાત પ્રવેશવેરા વિધેયક પરની પ્રવર સમિતિ.		

વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચના સિવાય)

૩૮. સત્ર દરમિયાન નીચેના કાગળો (અધિસૂચના સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

અનુ. નં	વિગત	મેજ ઉપર મૂકાયા તારીખ.
૧	૨	૩
૧.	ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૮૬–૮૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૭–૬–૮૮
૨.	ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૮૮–૮૯નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક.	૨૭–૬–૮૮
૩.	ગુજરાત રાજય ત્રીજા પગાર પંચનો અહેવાલ તથા પગાર સુધારણા માટે	૨૯–૬–૮૮
૪.	તજજ્ઞ સમિતિનો અહેવાલ.,	
૫.	ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૧૯૮૬–૮૭ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ પ્રકાશનને વિધાનસભા ના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૪–૭–૮૮
૬.	ગુજરાત કોમ્યુનિકેશન્સ એન્ડ ઈલેકટ્રોનિકસ લિમિટેડનો સન ૧૯૮૬–૮૭નોવાર્ષિક અહેવાલ હિસાબો ઓડિટરનો અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૬–૭–૮૮
૭.	ગુજરાત રાજય હસ્તકલા અને હાથવણાટ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૫–૮૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, એડિટરનો અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાનસભા ના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૧–૭–૮૮
૮.	ગુજરાત રાજય ખાદી-ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૮૬–૮૭નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૧–૭–૮૮

૧	૨	૩
૯.	ગુજરાત સ્લમ ક્લીઅરન્સ બોર્ડના સન ૧૯૮૫--૮૬ના વાર્ષિક હિસાબો અને ઓડિટ રિપોર્ટ તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૪--૭--૮૮
૧૦.	ગુજરત રાજ્ય તકેદારી આયોગનો સન ૧૯૮૫--૮૬નો વાર્ષિક અહેવાલ અને તે ઉપરની સરકારની યાદી તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૧૮--૭--૮૮
૧૧.	ગુજરાત રાજ્ય નાગરિક પૂરવઠા નિગમ લિમિટેડનો સન ૧૯૮૨--૮૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટરનો અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૯--૭--૮૮
૧૨.	ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડનો સન ૧૯૮૨--૮૩નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૧૯--૭--૮૮
૧૩.	ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૧૯૮૬--૮૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૨૦--૭--૮૮
૧૪.	ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૧૯૮૭--૮૮નું અંદાજપત્ર તથા આ અંદાજપત્રને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૨૧--૭--૮૮
૧૫.	ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૧૯૮૩--૮૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટરનો અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૨૨--૭--૮૮
૧૬. અને	ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૧૯૮૮--૮૯નું અંદાજપત્ર અને સન ૧૯૮૫--૮૬નો ઓડિટ અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાન-	૨૬--૭--૮૮

૧	૨	૩
૧૭.	સભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	
૧૮.	ગુજરાત વિદ્યુત બોર્ડનો સન ૧૯૮૬--૮૭નો પ્રશાસકીય અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૨૬--૭--૮૮
૧૯.	ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમનો સન ૧૯૮૬--૮૭નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન,	૨૬--૭--૮૮
૨૦. અને	ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૮૫--૮૬નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ	૨૬--૭--૮૮
૨૧.	અંગેનું નિવેદન તથા સન ૧૯૮૭--૮૮નો વાર્ષિક અહેવાલ.,	
૨૨.	ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૧૯૮૫--૮૬નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૨૯--૭--૮૮
૨૩.	ગુજરાત હાઉસીંગ બોર્ડનું સન ૧૯૮૮--૮૯નું અંદાજપત્રક અને કાર્યક્રમ તથા આ પ્રકાશનને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૨૯--૭--૮૮
૨૪.	ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૧૯૮૬--૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટરનો અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૧--૮--૮૮
૨૫.	ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૧--૮૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટરનો અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૨--૮-.૮૮

૧	૨	૩
૨૬.	ગુજરાત રાજ્ય હાથશાળ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૪--૮૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, અડિટરનો અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૨--૮--૮૮
૨૭.	ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ લિમિટેડનો સન ૧૯૮૨--૮૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટરનો અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમનો કામગરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૨--૮--૮૮
૨૮.	ગુજરા રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૮૧--૮૨નો અહેવાલ, હિસાબો, ઓડિટરનો અહેવાલ, ભારતનાં કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૨--૮--૮૮
૨૯.	ગુજરાત ટ્રેકટર નિગન લિમિટેડનો સન ૧૯૮૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટરનો અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૨--૮--૮૮
૩૦. ૩૧.	ગુજરાત રાજ્ય માર્ગવાહનવ્યવહાર નિગમના સન ૧૯૮૭--૮૮ના અને સુધારેલા અંદાજો અને ૧૯૮૮--૮૯ના અંદાજો તથા આ અંદાજોને વિધાન સભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.,	૩--૮--૮૮
૩૨. ૩૩.	ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડના સન ૧૯૮૩--૮૪ તથા ૧૯૮૪--૮૫ના અને વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.	૩--૮--૮૮

વિધાનસભામાં પક્ષોની પરિસ્થિતિ

૩૯. સત્ર દરમિયાન વિધાનસભાના પક્ષવાર સભ્ય સંખ્યાની માહિતી પત્રક ક્રમાંક-૨૨માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન ખરેખર થયેલા કામ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

૪૦. સત્ર દરમિયાન જુદા જુદા કામ ખરેખર કઈ તારીખે હાથ પર લેવાયા તે બતાવતી સભાઓની તારીખવાર યાદી પત્રક ક્રમાંક-૨૩માં આપવામાં આવી છે.

રોજેરોજના કામકાજનો સારાંશ

૪૧. સત્ર દરમિયાન વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૨૪ માં આપવામાં આવ્યો છે.

વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો

૪૨. સત્ર દરમિયાન જુદા જુદા કામમાં સભ્યોએ કેટલી વખત ભાગ લીધો તે પત્રક ક્રમાંક-૨૫ માં આપવામાં આવેલ છે.

શોકદર્શક ઉલ્લેખ

૪૩. સત્ર દરમિયાન નવ મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા, જેમાં એક માજી મંત્રીશ્રી, ત્રણ માજી સભ્યશ્રીઓ, બે ચાલુ વિધાનસભાના સભ્યશ્રીઓ અને ભૂતપૂર્વ મુંબઈ વિધાન પરિષદના સભ્ય અને એક માજી સંસદ સભ્યશ્રી છે. તદ્‌ઉપરાંત ગુજરાત રાજ્યના માજી રાજ્યપાલશ્રી નિત્યાનંદ કાનુન્ગોને લગતા હતા. (જુઓ પત્રક ક્રમાંક-૨૬)

વિભાજન

૪૪. સત્ર દરમિયાન થયેલ વિભાજનને લગતી માહિતી પત્રક ક્રમાંક-૨૭ માં આપવામાં આવી છે.

સભાત્યાગ

૪૫. (૧) તા. ૧૪-૭-૮૮ના રોજ સભાગૃહના વિરામનો સમય થઇ ગયો છે તેથી વિરામ જાહેર કરવો જોઇએ જે નહીં થતાં વિરોધપક્ષના તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા.

(૨) તા. ૨૧-૭-૮૮ના રોજ વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઇ પટેલે ટર્નઓવર ટેક્ષ અંગે લોકોમાં વ્યાપક વિરોધની લાગણી છે તેમ જણાવી ભારે કરવેરાનો વિરોધ કરી વિરોધ-પક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

(૩) તા. ૧-૮-૮૮ના રોજ સન ૧૯૮૮ના મુંબઇ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયકના પહેલા વાંચનના પ્રસ્તાવ પરની ચર્ચા સમાપ્ત માટેના શ્રી જ્યોતિલાલ કાલરિયાના પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવતા સભાગૃહમાં હાજર રહેલા ભા. જ. પ. ના સભ્યો સભા-ત્યાગ કરી ગયા.

વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકો

૪૬. સત્ર દરમિયાન નીચે જણાવ્યા મુજબના પ્રેક્ષકો વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવ્યા હતા.

૧.	અધ્યક્ષ દીર્ઘા	૪૮૦૪
૨.	અતિથિવિશેષ દીર્ઘા	૬૨૨
૩.	પ્રેક્ષક દીર્ઘા	૧૬૯૬૪
૪.	૪૩ શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા મુલાકાતીઓ	૩૨૭૫
	કુલ	૨૫૬૬૫

પત્ર ક્રમાંક ૧

(જુઓ ફકરા ક્રમાંક : ૧)

સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી

કલાક મિનિટ

દિવસોની સંખ્યા—૩૦ કુલ કલાક : ૧૩૦.૫૭

	કલાંક મિનિટ	ટકાવારી
૧. પ્રશ્નોત્તરી	૨૭.૧૧	૨૦.૯૦
૨. વિધેયકો.		
(અ) સરકારી	૨૪.૦૦	૧૮.૫૦
(બ) બિન-સરકારી	૩.૫૪	૨.૭૫
૩. અંદાજપત્ર પર ચર્ચા	૫૬.૦૩	૪૩.૦૦
૪. પ્રસ્તાવો—		
(અ) સભામોકૂફીના પ્રસ્તાવો	...	...
(બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો	...	...
(ક) બીજા પ્રસ્તાવો (સરકારી તેમજ બિન-સરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો સહિત)	૩.૨૧	૨.૫૫
૫. રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા		
૬. (૧) સરકારી સંકલ્પો		
(૨) બિન-સરકારી સંકલ્પો	૬.૧૬	૪.૭૫
૭. વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા		
૮. વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા	૦.૨૬	૦.૨૫
૯. અન્ય બાબતો	૯.૪૨	૭.૩૦
	૧૩૦.૫૭	૧૦૦.૦૦

પત્રક ક્રમાંક—૨

(જુઓ ફકરા ક્રમાંક—૨)

ગૃહની બેઠકોની તારીખ અને સમય

કામકાજના દિવસો—૩૦	સભાગૃહની બેઠકો ૩૨		
વાર/તારીખ	બેઠક શરૂ થવાનો અને પૂરી થવાનો સમય	વિશ્રાંતિ	બેઠકનો ખરેખર સમય
		ક. મિ.	ક. મિ.
૧	૨	૩	૪
બુધવાર, તા. ૨૨મી જુન, ૧૯૮૮	૧૨-૦૦ થી ૧-૨૬	...	૧--૨૬
ગુરૂવાર, તા. ૨૩મી જુન, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૧૦	૧--૦૦	૪--૧૦
શુક્રવાર, તા. ૨૪મી જૂન, ૧૯૮૮	૮-૩૦ થી ૧-૦૦	૦–૩૦	૪--૦૦
સોમવાર, તા. ૨૭મી જુન, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૧૫	૦–૪૫	૪–૩૦
મંગળવાર, તા. ૨૮મી જૂન, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૧૬	૦-૪૫	૪--૩૧
બુધવાર, તા. ૨૯મી જુન, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૧૬	૦–૪૫	૪–૩૧
ગુરૂવાર, તા. ૩૦મી જૂન, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૧૮	૦–૪૫	૪–૩૩
શુક્રવાર, તા. ૧લી જુલાઈ, ૧૯૮૮	૮-૩૦ થી ૧-૦૫	૦–૩૦	૪--૦૫
સોમવાર, તા. ૪થી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૪૮	૦–૪૫	૫--૦૩
મંગળવાર, તા. ૫મી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૧૬	૧–૧૭	૩–૫૯
બુધવાર, તા. ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૪૧	૦–૪૫	૪--૫૬
ગુરૂવાર, તા. ૭મી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૭-૨૮	૦–૪૫	૬–૪૩
શુક્રવાર, તા. ૮મી જુલાઈ, ૧૯૮૮	૮-૩૦ થી ૧-૧૬	૦–૩૦	૪–૧૬

૧	૨	૩	૪
સોમવાર, તા. ૧૧મી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૫૯	૦–૪૫	૫–૧૪
મંગળવાર, તા. ૧૨મી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૩૦	૦–૪૫	૪–૪૫
બુધવાર, તા. ૧૩મી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૨૪	૨–૧૨	૩–૧૨
ગુરૂવાર, તા. ૧૪મી જુલાઈ, ૧૯૮૮	૮-૩૦ થી ૧૧-૫૫ ૧-૦૦ થી ૬-૧૯	૦–૩૨	૮–૧૨
શુક્રવાર, તા. ૧૫મી જુલાઈ, ૧૯૮૮	૮-૩૦ થી ૧-૦૧	૦–૨૬	૪–૦૫
સોમવાર, તા. ૧૮મી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૨૦	૦–૪૫	૪–૩૫
મંગળવાર, તા. ૧૯મી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૫૫	૦–૪૫	૫–૧૦
બુધવાર, તા. ૨૦મી જુલાઈ, ૧૯૮૮	૮–૩૦ થી ૧૧-૩૦ ૧-૦૦ થી ૬-૧૯	... ૦–૪૪	૭–૩૫
ગુરૂવાર, તા. ૨૧મી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૩-૧૭	૨–૦૭	૧–૧૦
શુક્રવાર, તા. ૨૨મી જુલાઈ, ૧૯૮૮	૮-૩૦ થી ૯-૪૩	૦–૩૦	૦–૪૩
મંગળવાર, તા. ૨૬મી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૨૮	૦–૪૫	૪–૪૩
બુધવાર, તા. ૨૭મી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૪-૨૭	૦–૪૫	૩–૪૨
ગુરૂવાર, તા. ૨૮મી જુલાઈ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫–૨૩	૦–૪૫	૪–૩૮
શુક્રવાર, તા. ૨૯મી જુલાઈ, ૧૯૮૮	૮-૩૦ થી ૧૨-૪૦	૦–૩૦	૩–૪૧
સોમવાર, તા. ૧લી ઓગસ્ટ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૧૮	૦–૪૫	૪–૩૩
મંગળવાર, તા. ૨જી ઓગસ્ટ, ૧૯૮૮	૧૨-૦૦ થી ૫-૧૨	૦–૪૫	૪–૨૭
બુધવાર, તા. ૩જી ઓગસ્ટ, ૧૯૮૮	૮-૩૦ થી ૧૨-૪૯	૦–૩૦	૩–૪૯
		કુલ	૧૩૦–૫૭

પત્રક ક્રમાંક-૩

(જુઓ ફકરા ક્રમાંક-૩)

સભ્યોએ વ્યકિતગત રીતે આપેલ હાજરી (સભ્યોનું હાજરીપત્રક)

ક્રમાંક ૧	સભ્યશ્રીનું નામ ૨		કુલ હાજરી ૩
૧.	જાડેજા, શ્રી કનુભા માધુભા	...	૨૯
૨.	મહેતા, શ્રી સુરેશચંદ્ર રૂપશંકર	...	૨૯
૩.	પંચોલી, શ્રીમતી કુમુદીની ગજેન્દ્ર	...	૨૯
૪.	દનીચા, શ્રી વાલજીભાઈ પૂનમચંદ	...	૩૦
૫.	શાસ્ત્રી, શ્રી નવીનભાઈ	...	૨૮
૬.	પટેલ, શ્રી હરિલાલ નાનજી	...	૨૬
૭.	શ્રીમાળી, શ્રીમતી ચન્દ્રાબેન સુરેશભાઈ	...	૨૭
૮.	દવે, શ્રી નંદકિશોર ત્રંબકલાલ	...	૨૯
૯.	રાણા, શ્રી જનકસિંહ ખેંગારજી	...	૨૯
૧૦.	મકવાણા, શ્રી કરમશીભાઈ કાનજીભાઈ	...	૨૭
૧૧.	ઝાલા, શ્રી જીવુભાભાઈ ધેલુભાભાઈ	...	૨૮
૧૨.	સંઘવી, શ્રી અરવિંદ સકરચંદ	...	મંત્રીશ્રી
૧૩.	અઘારા, શ્રી અમરતલાલ ગણેશભાઈ	...	૨૭
૧૪.	પટેલ, શ્રી વલ્લભભાઈ પોપટભાઈ	...	મંત્રીશ્રી
૧૫.	જીંજરીયા, શ્રી પોપટભાઈ સવસીભાઈ	...	૨૧
૧૬.	ડાભી, શ્રી મામૈયાભાઈ હરિભાઈ	...	૨૭
૧૭.	શેઠ, ડૉ. સુશીલાબેન કે.	...	મંત્રીશ્રી
૧૮.	વાળા, શ્રી વજુભાઈ	...	૧૫
૧૯.	વાઘેલા, શ્રી ચંદ્રકાન્ત ભાનુભાઈ	...	૨૦
૨૦.	સોરઠિયા, શ્રી પોપટભાઈ લાખાભાઈ	...	૨૭
૨૧.	પટેલ, શ્રી દિલીપભાઈ રમણભાઈ	...	૨૪

૧	૨	૩
૨૨.	સોજીત્રા, શ્રી છગનભાઈ શંભુભાઈ ...	૨૯
૨૩.	કાલરીયા, શ્રી જ્યંતિલાલ ભગવાનજી ...	૨૪
૨૪.	ભીમાણી, શ્રી ડાહ્યાભાઈ દેવશીભાઈ ...	૨૫
૨૫.	સંઘવી, ડૉ. વસંતભાઈ ...	૬
૨૬.	હીરાણી, શ્રી ભીમજી નારણ ...	૩૦
૨૭.	પટેલ, શ્રી કેશુભાઈ સવદાસ ...	૨૮
૨૮.	કાલરીયા, શ્રી રમેશભાઈ વિઠલભાઈ ...	૨૬
૨૯.	ગોરીયા, શ્રી મારખીભાઈ જેઠાભાઈ ...	૧૭
૩૦.	માડમ, શ્રી હેમતભાઈ રામભાઈ ...	૦
૩૧.	વારોતરીયા, ડૉ. રણમલભાઈ ના. ...	૨૮
૩૨.	આગઠ, શ્રી લક્ષ્મણભાઈ ભીમાભાઈ ...	૩૦
૩૩.	મહંત, શ્રી વિજ્યદાસજી વીરદાસજી ...	મંત્રીશ્રી
૩૪.	ચુડાસમા, શ્રીમતી ચન્દ્રીકાબેન કાનજીભાઈ ...	૨૯
૩૫.	પટેલ, શ્રીમતી જશુમતી અર્જુનભાઈ ...	૨૯
૩૬.	ચાવડા, શ્રી પરબતભાઈ ભોજાભાઈ ...	૨૯
૩૭.	ઝાલા, શ્રી અરશીભાઈ પુંજા ...	૨૭
૩૮.	બલોચ, શ્રી એમ. એફ. ...	૨૯
૩૯.	ઝાલા, શ્રી ઉકાભાઈ સીદીભાઈ ...	૨૭
૪૦.	રામાણી, શ્રી પોપટલાલ રામજીભાઈ ...	૨૯
૪૧.	સોલંકી, શ્રી દેવાણંદભાઈ એસ. ...	૧૯
૪૨.	પટેલ, શ્રી ગોરધનભાઈ ગોકળભાઈ ...	૨૯
૪૩.	ખોખરીયા, શ્રી વાલજીભાઈ નાનજીભાઈ ...	૨૫
૪૪.	ઠક્કર, શ્રી ખોડીદાસ ...	૩૦
૪૫.	સંઘાણી, શ્રી દીલીપભાઈ નનુભાઈ ...	૨૯
૪૬.	કોટડીયા, શ્રી મનુભાઈ ...	૨૯
૪૭.	કામળીયા, શ્રી અરશીભાઈ કાનાભાઈ ...	૨૯
૪૮.	નકુમ, શ્રી ખોડાભાઈ રાજાભાઈ ...	૨૮

૧	૨		૩
૪૯.	ખાચર, શ્રી હાથીભાઈ છેલભાઈ	...	૨૯
૫૦.	ગોહિલ, શ્રી કાંતિભાઈ	...	૨૮
૫૧.	સમા, શ્રી મજીદભાઈ દાદાભાઈ	...	૨૦
૫૨.	પટેલ, શ્રી અમરશીભાઈ રામજીભાઈ	...	૨૮
૫૩.	પટેલ, શ્રી ધીરૂભાઈ ઠાકરશીભાઈ (દૂધવાળા)	...	૨૬
૫૪.	જાની, શ્રી વજુભાઈ	...	૨૯
૫૫.	વાજા, શ્રી ભટ્ટરસિંહ જામસિંહ	...	૨૦
૫૬.	ગોહિલ, શ્રી દિલીપસિંહ અજીતસિંહ	...	૨૮
૫૭.	ઓઝા, શ્રી દિગંતભાઈ દિલીપભાઈ	...	૨૬
૫૮.	જમોડ, શ્રી શશીભાઈ માવજીભાઈ	...	૩૦
૫૯.	શાહ, શ્રી નટવરલાલ ચંદુલાલ	...	અધ્યક્ષશ્રી
૬૦.	મકવાણા, શ્રી પરસોતમભાઈ રવજીભાઈ	...	૨૮
૬૧.	ચાવડા, શ્રી મોતીભાઈ માવજીભાઈ	...	૨૮
૬૨.	ઠક્કર, પ્રોફેસર ઘનશ્યામ	...	૨૮
૬૩.	કોળી પટેલ, શ્રી સોમાભાઈ ગાંડાભાઈ	...	૨૮
૬૪.	પટેલ, શ્રી નલિન કે.	...	મંત્રીશ્રી
૬૫.	સોઢા, શ્રી ફત્તેસિંહ	...	૩૦
૬૬.	ઠાકોર, શ્રી ગાભાજી મંગાજી	...	૩૦
૬૭.	ગઢવી, શ્રી ભરત	...	૨૪
૬૮.	વાસણવાળા, શ્રી બાબુભાઈ	...	૩૦
૬૯.	રાજપૂત, શ્રી સુરેન્દ્રકુમાર નેત્રપાલસીંગ	...	૨૪
૭૦.	શાહ, શ્રી જીતેન્દ્રકુમાર ચીનુભાઈ	...	૧૯
૭૧.	કુરેશી, શ્રીમતી તમીઝબેન અમીરભાઈ	...	૨૩
૭૨.	પટણી, શ્રી લક્ષ્મણભાઈ કાળીદાસ	...	૨૮
૭૩.	પટેલ, શ્રી હસમુખ (પ્રોફેસર)	...	મંત્રીશ્રી
૭૪.	પરમાર, શ્રી મનુભાઈ	...	દંડક

૧	૨		૩
૭૫.	ભટ શ્રી અશોક	...	૨૮
૭૬.	કુંદીવાલા, શ્રી અબ્દુલરહીમ તાજુજી	...	૨૬
૭૭.	શ્રી રામલાલ રૂપલાલ	...	૩૦
૭૮.	દક્ષિણી, ડૉ. ગીતાબેન	...	૨૯
૭૯.	શ્રી કાસમ બાપુ	...	૩૦
૮૦.	ઠાકોર, શ્રી શંકરજી કાળાજી	...	૩૦
૮૧.	ઠાકોર, શ્રી કરશનજી મગનજી	...	૨૮
૮૨.	જાદવ, શ્રી માનસિંગભાઈ વીરાભાઈ	...	૩૦
૮૩.	પટેલ, શ્રી મણીલાલ વીરચંદદાસ	...	૧૯
૮૪.	શુકલ, શ્રી હરિપ્રસાદ વિઠલરાય	...	૩૦
૮૫.	રાવલ, શ્રી નરેશકુમાર ગંગારામ	...	૨૮
૮૬.	પટેલ, શ્રી ભોળાભાઈ ચતુરભાઈ	...	૨૯
૮૭.	ઠાકોર, શ્રી શંકરજી ઓખાજી	...	૨૯
૮૮.	પટેલ, શ્રી ચીમનભાઈ જીવાભાઈ	...	વિરોધપક્ષના નેતાશ્રી
૮૯.	રાવલ, શ્રી નરેન્દ્ર મોહનલાલ	...	૨૯
૯૦.	ઠાકોર, શ્રી કેશાજી શંકરજી	...	૩૦
૯૧.	પટેલ, શ્રી કાન્તિલાલ નાનાલાલ	...	૨૮
૯૨.	દરબાર, શ્રી ઉદેસિંહભાઈ જાલમસિંહ	...	૨૩
૯૩.	ઠાકોર, શ્રી વિરાજી નવાજી	...	૨૮
૪	સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ.	(૧) શ્રી ગોવિંદભાઈ જે. પટેલ, પ્રમુખ.
		(૨) શ્રી દિલીપાઈ ૨. પટેલ.
		(૩) શ્રીમતી જશુમતીબેન પટેલ.
		(૪) શ્રી ગોરધનભાઈ પટેલ.
		(૫) શ્રી સોમાભાઈ પટેલ.
		(૬) શ્રી ફતેહસિંહ સોઢા.
		(૭) શ્રી માનસિંહજી વાઘેલા.
		(૮) શ્રી લીલાધરભાઈ વાઘેલા.
		(૯) શ્રી સુખરામભાઈ રાઠવા.
		(૧૦) શ્રી રમેશભાઈ ઠાકોર.
૫	અરજી સમિતિ.	(૧) ડૉ. કરસનદાસ સોનેરી, ઉપાધ્યક્ષશ્રી, પ્રમુખ.
		(૨) શ્રી કેશુભાઈ પટેલ.
		(૩) શ્રી ઉકાભાઈ સી. ઝાલા.
		(૪) શ્રી પોપટલાલ રામાણી.
		(૫) શ્રી સુરેન્દ્રકુમાર રાજપૂત.
		(૬) શ્રી મણીલાલ પટેલ.
		(૭) શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી.
		(૮) શ્રી બુધાજી ચૌહાણ.
૬	વિશેષાધિકાર સમિતિ	(૧) શ્રી નવીનભાઈ શાસ્ત્રી, પ્રમુખ.
		(૨) શ્રી હરિલાલ ના. પટેલ.

૧	૨	૩
		(૩) શ્રી વજુભાઈ વાળા.
		(૪) શ્રી ખોડીદાન ઝુલા.
		(૫) શ્રી ગોવિંદભાઈ જે. પટેલ.
		(૬) શ્રી ઉમેદભાઈ ગોહેલ.
		(૭) શ્રીપ્રકાશચંદ્ર બ્રહ્મભટ્ટ.
૭. સભ્યોના ભથ્થાં બાબતની નિયમો માટેની સમિતિ.		(૧) શ્રી ખોડીદાસ ઠક્કર, પ્રમુખ.
		(૨) જનકસિંહ રાણા
		(૩) શ્રી દેવાણંદભાઈ સોલંકી
		(૪) શ્રી દિગંત ઓઝા
		(૫) શ્રી મોતીભાઈ ચાવડા
		(૬) શ્રી શંકરજી કાળાજી ઠાકોર
		(૭) શ્રી રામસિંહજી રુ. સોલંકી
		(૮) શ્રી નરેન્દ્રસિંહ ઝાલા
		(૯) શ્રીમતી નુરજહાં બખ્ત બાબી
		(૧૦) શ્રી પ્રભાતસિંહ હા. ચૌહાણ
૮. સદસ્ય નિવાસ સમિતિ.		(૧) શ્રી અબ્દલરહીમ કુંદીવાલા, પ્રમુખ
		(૨) શ્રી કનુભા જાડેજા
		(૩) શ્રી જીવુભા ઝાલા
		(૪) શ્રી મામૈયાભાઈ ડાભી
		(૫) શ્રી ચંદ્રકાંત વાઘેલા
		(૬) શ્રી પોપટલાલ રામણી
		(૭) શ્રી દિલીપભાઈ સંઘાણી
		(૮) શ્રી અમરશીભાઈ રા. પટેલ
		(૯) શ્રી ભોળાભાઈ ચ. પટેલ
		(૧૦) શ્રી માલસિંહ ડામોર
		(૧૧) શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણ
		(૧૨) શ્રીમતી ચંપાબેન રા. પરમાર
		(૧૩) શ્રી મેઘાભાઈ ભીલ
		(૧૪) શ્રી ભઈજીભાઈ તડવી
		(૧૫) શ્રી રામજીભાઈ વસાવા

૧	૨	૩
૯	અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ	(૧) શ્રી ભીમજીભાઈ હીરાણી, પ્રમુખ. (૨) શ્રી વાલજીભાઈ દનીચા (૩) શ્રીમતી ચંદ્રાબેન શ્રીમાળી (૪) ડૉ. વસંતભાઈ સંઘવી (૫) શ્રી પરબતભાઈ ચાવડા (૬) શ્રી કાન્તિભાઈ ગોહિલ (૭) પ્રો. ઘનશ્યામ ઠક્કર (૮) શ્રી માનસીંગભાઈ જાદવ (૯) શ્રી મોહનસિંહ રાઠવા (૧૦) શ્રી ભીખાભાઈ રબારી (૧૧) શ્રી ભાઈલાલભાઈ ડાભી
૧૦	અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ	(૧) શ્રી મોહનભાઈ તળાવિયા, પ્રમુખ (૨) શ્રી અરશીભાઈ પું. ઝાલા (૩) શ્રી વીરાજી ઠાકોર (૪) શ્રી કલજીભાઈ કટારા (૫) શ્રી રેવાદાસ વસાવા (૬) પ્રો. પ્રેમસીંગભાઈ વસાવા (૭) શ્રી ભીમસીંગ વસાવે (૮) શ્રી જીતુભાઈ હળપતિ (૯) શ્રીમતી ભારતીબેન પટેલ (૧૦) શ્રી બરજુલભાઈ પટેલ (૧૧) શ્રીમતી સવિતાબેન પટેલ
૧૧	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને વિચરતી અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ.	(૧) શ્રી પરસોત્તમભાઈ મકવાણા, પ્રમુખ (૨) શ્રી અમરતલાલ અધારા (૩) શ્રી પોપટભાઈ જીંજરિયા (૪) શ્રી મારખીભાઈ જે. ગોરીયા (૫) શ્રીમતી ચંદ્રિકાબેન ચુડાસમા (૬) શ્રી શશીભાઈ જમોડ (૭) શ્રી લક્ષ્મણભાઈ પટણી (૮) શ્રી ઉદેસિંહ બારીયા (૯) શ્રીમતી ચંપાબેન રા. પરમાર (૧૦) શ્રી રણછોડભાઈ સોલંકી (૧૧) શ્રી મૂળરાજસિંહ પરમાર

૧	૨	૩
૧૨	સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ	(૧) શ્રી લલિતભાઈ પટેલ, પ્રમુખ (૨) શ્રી ભરત ગઢવી (૩) શ્રીમતી તમીઝબેન કુરેશી (૪) શ્રી રામલાલ રુપલાલ (૫) શ્રી કાસમબાપુ તીરમીઝી (૬) શ્રી વીરસિંહ પસાયા. (૭) શ્રી પ્રભાતસિંહ હા. ચૌહાણ (૮) શ્રી ચંદરભાઈ પટેલ
૧૩	ગ્રંથાલય સમિતિ	(૧) શ્રી નટવરલાલ શાહ, માન. અધ્યક્ષશ્રી, પ્રમુખ (૨) શ્રી હેમત માડમ (૩) શ્રી રણમલભાઈ વારોતરીયા (૪) શ્રી વાલજીભાઈ ખોખરીયા (૫) શ્રી ભદ્રસિંહ વાજા (૬) પ્રો. ઘનશ્યામ ઠક્કર (૭) શ્રી કાસમબાપુ તીરમીઝી (૮) શ્રી કેશાજી ઠાકોર (૯) શ્રી કાન્તિલાલ ના. પટેલ (૧૦) શ્રી નરેન્દ્રસિંહ ઝાલા (૧૧) શ્રી હરગોવિંદદાસ ઉપાધ્યાય (૧૨) શ્રી મગનભાઈ ઝાલા (૧૩) શ્રી બળવંતસિંહ સોઢા (૧૪) શ્રી નારણભાઈ રાઠોડ (૧૫) શ્રી શંકરભાઈ ૨. પટેલ
૧૪	બિન–સરકારી સંભ્યોના કામકાજ માટેની સમિતિ	(૧) શ્રીમતી મહાશ્વેતાબેન ચૌહાણ, પ્રમુખ (૨) શ્રી ભદ્રસિંહ વાજા (૩) શ્રી જીતેન્દ્રકુમાર શાહ (૪) શ્રી નરેશકુમાર રાવલ (૫) શ્રી વીરાજી ઠાકોર (૬) શ્રી સુરેશભાઈ સા. મહેતા (૭) શ્રી પ્રબોધકાન્ત પંડયા (૮) શ્રી બરજોરજી પારડીવાલા

પત્રક ક્રમાંક—૨૨

(જુઓ ફકરા ક્રમાંક. ૩૯)

વિધાનસભામાં પક્ષવાર સભ્ય સંખ્યા.

તારીખ	કુલ સંખ્યા	કોંગ્રેસ	જનતાપક્ષ	ભા.જપ.	અપક્ષ	ખાલી
૨૨–૬–૧૯૮૮ થી ૩૦–૬–૧૯૮૮	૧૮૨	૧૪૬	૧૪	૧૨	૮	૨
	૧૮૨	૧૪૬	૧૩	૧૨	૮	૩
થી ૩–૮–૧૯૮૮	૧૮૨	૧૪૬	૧૩	૧૨	૮	૩

પત્રક ક્રમાંક-૨૩

(જુઓ ફકરા ક્રમાંક-૪૦)

ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

જૂન, ૧૯૮૮

બુધવાર તા. ૨૨મી,	૧. સોગંદ વિધિ ૨. શોકદર્શક ઉલ્લેખો
ગુરુવાર, તા. ૨૩મી,	(૧) સન ૧૯૮૮-૮૯ના વર્ષ માટેના અંદાજપત્ર અંગે નાણામંત્રીશ્રીનું નિયમ-૪૪ હેઠળનું નિવેદન. (૨) બિન-સરકારી વિધેયકો.
શુક્રવાર, તા. ૨૪મી,	વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો.— (૧) (ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક--૧ સન ૧૯૮૮નો ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ નામંજૂર કરવા બાબતનો સભ્યશ્રી અશોક ભટ્ટનો પ્રસ્તાવ (ચર્ચા ચાલુ). (ખ) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૭ સન ૧૯૮૮નું ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વિધેયક. (પહેલું વાંચન ચાલુ).
શનિવાર, તા. ૨૫મી,	રજા.
રવિવાર, તા. ૨૬મી,	રજા
સોમવાર, તા. ૨૭મી,	(૧) સન ૧૯૮૦--૮૧ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકોની રજુઆત. (૨) વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયક (ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક--૧ ૧૯૮૮નો ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ નામંજૂર કરવા બાબતનો સભ્યશ્રી અશોક ભટ્ટનો પ્રસ્તાવ (ચર્ચા ચાલુ). (ખ) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૭ સન ૧૯૮૮નું ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વિધેયક (પહેલુ વાંચન ચાલુ).
મંગળવાર, તા. ૨૮મી,	વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો. (૧) (ક). સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૧ સન ૧૯૮૮નો ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ નામંજૂર કરવા બાબતનો સભ્યશ્રી અશોક ભટ્ટનો પ્રસ્તાવ.

(ખ) ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૭ સન ૧૯૮૮નું ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વિધેયક.

૨.(ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૨ સન ૧૯૮૮નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટહુકમ નામંજૂર કરવા બબતનો સભ્યશ્રી અશોક ભટ્ટનો પ્રસ્તાવ (ચર્ચા ચાલુ)

(ખ) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૮ સન ૧૯૮૮નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક. (પહેલુ વાંચન ચાલુ)

બુધવાર, તા. ૨૯મી, અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ).
ગુરુવાર, તા. ૩૦મી, (૧) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ).
(૨) બિન-સરકારી સંકલ્પો.

જુલાઈ, ૧૯૮૮.

શુક્રવાર, તા. ૧લી, અદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શનિવાર, તા. ૨જી, બેઠક ન હતી.

રવિવાર, તા. ૩જી, રજા.

સોમવાર, તા. ૪થી, અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)
મંગળવાર, તા. ૫મી, (૧) સન ૧૯૮૦–૮૧ના વર્ષ માટેની વધારાની માગણીઓ પર ચર્ચા અને મતદાન.
(૨) માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ).

બુધવાર, તા. ૬ઠ્ઠી, માંગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

ગુરુવાર, તા. ૭મી, (૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)
(૨) બિન-સરકારી વિધેયકો.

શુક્રવાર, તા. ૮મી, માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શનિવાર, તા. ૯મી, રજા.

રવિવાર, તા. ૧૦મી, રજા.

સોમવાર તા. ૧૧મી, માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

મંગળવાર, તા. ૧૨મી, માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

બુધવાર, તા. ૧૩મી.	માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)
ગુરુવાર, તા. ૧૪મી,	પ્રથમ બેઠક:— વિરોધ પક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલનો પાક વીમા યોજના અંગેનો નિયમ ૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ. બીજી બેઠક : (૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) (૨) બિન-સરકારી સંકલ્પો
શુક્રવાર, તા. ૧૫મી,	માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ).
શનિવાર, તા. ૧૬મી,	બેઠક ન હતી.
રવિવાર, તા. ૧૭મી,	રજા.
સોમવાર તા. ૧૮મી,	માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ).
મંગળવાર તા. ૧૯મી,	માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ).
બુધવાર તા. ૨૦મી,	પ્રથમ બેઠક:— વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયક ૧(ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૨ સન ૧૯૮૮નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટહુકમ નામંજૂર કરવા બાબતનો સભ્યશ્રી અશોક ભટ્ટનો પ્રસ્તાવ (ચર્ચા ચાલુ). (ખ) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૮ સન ૧૯૮૮નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક (પહેલુ વાંચન ચાલુ). બીજી બેઠક માંગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો દિવસ).
ગુરુવાર, તા. ૨૧મી,	(૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન (તેરમો દિવસ). (૨) બિન-સરકારી વિધેયકો
શુક્રવાર, તા. ૨૨મી,	માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચૌદમો દિવસ)
શનિવાર, તા. ૨૩મી,	રજા.

રવિવાર, તા. ૨૪મી, રજા.

સોમવાર, તા. ૨૫મી, રજા: (બકરી ઈદ).

મંગળવાર તા. ૨૬મી, માગણીઓ પર ચર્ચા અને મતદાન (પંદમો દિવસ)

બુધવાર, તા. ૨૭મી, (૧) શોકદર્શક ઉલ્લેખ

(૨) માગણીઓ પર ચર્ચા અને મતદાન (સોળમો અને છેલ્લો દિવસ).

ગુરુવાર, તા. ૨૮મી, સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ.

(૧) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૨૫ સન ૧૯૮૮નું ગુજરાત વિનિયોગ (વધારાનાં ખર્ચ) વિધેયક.

(૨) (ક) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક--૨ સન ૧૯૮૮નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટ હુકમ નામંજૂર કરવા બાબતનો સભ્યશ્રી અશોક ભટ્ટનો પ્રસ્તાવ.

(ખ) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૮ સન ૧૯૮૮નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક (પ્રથમ વાંચન ચાલુ).

૩. બિન-સરકારી સંકલ્પો.

શુક્રવાર, તા. ૨૯મી, સરકારી વિધેયક.
સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૨૬
સન ૧૯૮૮નું ગુજરાત વિનિયોગ વિધેયક.

શનિવાર, તા. ૩૦મી, બેઠક ન હતી.

રવિવાર, તા. ૩૧મી, રજા

ઓગસ્ટ, ૧૯૮૮

સોમવાર, તા. ૧લી, વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવ અને સરકારી વિધેયકો.

(૧)(ક), સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૩ સન ૧૯૮૮નો મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વટહુકમ નામંજૂર કરવા બાબતનો સભ્યશ્રી અશોક ભટ્ટનો પ્રસ્તાવ.

(ખ) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૯ સન ૧૯૮૮નું મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક.

મંગળવાર, તા. ૨જી, સરકારી વિધેયકો :
સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૩૦ સન ૧૯૮૮નું ગુજરાત વેચાણવેરા (તૃતીય સુધારા) વિધેયક (પહેલુ વાંચન)

બુધવાર, તા. ૩જી, (૧) શોકદર્શક ઉલ્લેખ

(૨) સરકારી વિધેયકો

(૧) પ્રવર સમિતિની ભલામણ મુજબ સન ૧૯૮૭નું વિધેયક ક્રમાંક-૨૭ સન ૧૯૮૭નું ગુજરાત પ્રવેશવેરા વિધેયક પાછુ ખેંચવા માટેનો પ્રસ્તાવ.

(૨) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૩૦ સન ૧૯૮૮નું ગુજરાત વેચાણવેરા (તૃતીય સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૨૯- સન ૧૯૮૮નું મુંબઈ મોટર સ્પિરિટ વેચાણવેરા (ગુજરાત સુધારા) વિધેયક.

(૪) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૨૭ સન ૧૯૮૮નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક.

(૫) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૧ સન ૧૯૮૮નું ગુજરાત વિધાનસભાના અધ્યક્ષના અને મંત્રીઓના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારવા) બાબત ગુજરાત વિધેયક.

(૬) ગૃહની સમિતિઓ ઉપર સભ્યો અને પ્રમુખોની નિમણૂક અંગેની અધ્યક્ષશ્રીની જાહેરાત.

પત્રક ક્રમાંક : ૨૪

(જુઓ ફકરા ક્રમાંક : ૪૧)

રોજેરોજના કામકાજનો સારાંશ

બુધવાર, તા. ૨૨મી જૂન, ૧૯૮૮.

૧. નવા ચૂંટાયેલા સભ્ય ડૉ. રણમલભાઈ વારોતિયા (દ્વારકા) અને દેવાણંદભાઈ સોલંકી (માળિયા) એ ઈશ્વરના નામે ગુજરાતીમાં સોગંદ લીધા.

૨. (ક) મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ ગુજરાત વિધાનસભાના સભ્ય શ્રી જમનાદાસ પાબારીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી સુરેશચંદ્ર ર. મહેતા, શ્રી લીલાધરભાઈ વાઘેલા અને શ્રી મારખીભાઈ ગોરિયાએ સ્વર્ગસ્થને અંજલિ આપી, ત્યારબાદ અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થને અંજલિ આપી. સભ્યોએ ઊભા થઈ થોડીવાર મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

(ખ) મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ ગુજરાત વિધાનસભાના સભ્ય શ્રી રમણલાલ શંકરભાઈ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી સુરેશચંદ્ર ર. મહેતા, શ્રી શંકરજી ઓ. ઠાકોર અને શ્રી વીરજીભાઈ મુનિયાએ સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થને અંજલિ આપી. સભ્યોએ ઊભા થઈ થોડીવાર મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

(ગ) મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ ગુજરાત રાજ્યના માજી મંત્રી શ્રી મકરંદભાઈ દેસાઈ, મુંબઈ વિધાન પરિષદના માજી સભ્ય શ્રી હરજીવનદાસ બારદાનવાળા, ગુજરાત વિધાનસભાના માજી સભ્ય શ્રીમતી પુષ્પાબહેન મહેતા, શ્રી ખુમાનસિંહજી રાઠોડ અને શ્રી માર્તંડરાય શાસ્ત્રીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યા અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધપક્ષના નેતા શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી સુરેશચંદ્ર ર. મહેતા, શ્રી જશપાલસિંગ, શ્રીમતી સુશીલાબહેન શેઠ, શ્રી મનુભાઈ પરમાર, શ્રી કરમશીભાઈ મકવાણા અને શ્રી અશોક ભટ્ટે સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ તેમાં સૂર પુરાવ્યો. સભ્યોએ ઊભા થઈ થોડીવાર મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

૩. મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સ્વર્ગસ્થ શ્રી જમનાદાસ પાબારી અને શ્રી રમણલાલ પટેલના માનમાં સભાગૃહની બેઠક મુલતવી રાખવામાં આવે. વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઇ પટેલે પ્રસ્તાવનું સમર્થન કર્યું. અધ્યક્ષશ્રીએ, સભાગૃહની સર્વસંમતિથી ગૃહની બેઠક મુલતવી રાખી.

ગુરુવાર, તા. ૨૩મી જૂન, ૧૯૮૮

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી અશોક ભટે નિયમ ૨૪૯ હેઠળ નીચેના મુદ્દા અંગે વિશેષાધિકારનો પ્રશ્ન ઉપસ્થિત કરવાની સભાગૃહની અનુમતિ માગી--

"તા. ૧-૩-૮૮ના રોજ દુષ્કાળ અંગેની ચર્ચાનો જવાબ આપતાં મહેસૂલ મંત્રીશ્રીએ શેરડીની ખરીદી થઇ નથી તેવાં સભાગૃહને ગેરરસ્તે દોરતાં કરેલા વિધાન ઉપરથી ઉપસ્થિત થયેલ વિશેષાધિકાર ભંગનો પ્રશ્ન."

સભાગૃહે શ્રી અશોક ભટને પ્રશ્ન ઉપસ્થિત કરવાની પરવાનગી આપતાં, ઉપરોકત વિશેષાધિકાર ભંગના પ્રશ્ને વિશેષાધિકાર સમિતિને વિચારણા કરવા માટે સોંપવાની અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

૩. શ્રી પ્રબોધકાન્ત પંડયાએ નિયમ-૧૧૬ અન્વયે, નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું :—

"રાજ્યના શિક્ષણ ખાતાએ રાજ્યની બિનસરકારી માધ્યમિક શાળાઓના દરેક વર્ગમાં પચાસ વિદ્યાર્થીઓની લઘુમતમ સંખ્યા ફરજિયાત રાખવાના તાજેતરમાં કરેલા હુકમોને કારણે રાજ્યભરમાં ફાજલ પડનાર હજારો શિક્ષકોમાં ફેલાયેલાં અસંતોષને પરિણામે શિક્ષણ જગતમાં ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિ નિવારવા સરકારે લીધેલાં પગલાં."

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રો. હસમુખ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઇ પટેલે વીસનગર તાલુકાના દેણપ ગામમાં બે કોમો વચ્ચે થયેલા વિખવાદ અંગે પોલીસનું વર્તન અને પોલીસે કરેલા ગોળીબાર અંગે મુદ્દો ઉપસ્થિત કર્યો. મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ તે અંગે ખુલાસાત્મક નિવેદન કર્યું.

૫. નીચેના કાગળો તેની સામે દર્શાવ. મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા :—

(૧) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક : ૧ સન ૧૯૮૮નો ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ

નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવી

(૨) સન. ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક : સન ૧૯૮૮નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટહુકમ રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી

પ્રા. હસમુખ પટેલ

(૩) સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક : ૩ સન ૧૯૮૮નો મુંબઈ વિધૃતશુલ્ક (ગુજરાત સુધારા) વટહુકમ રાજ્યકક્ષાના, ઉર્જા મંત્રી

શ્રી નલિન પટેલ.

૬. સચિવશ્રીએ સાતમી ગુજરાત વિધાનસભાના સાતમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જે ને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૧૯૮૮ના વિધેયક ક્રમાંક : ૧, ૯ અને ૧૩ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૭. તા. ૧૦-૮-૧૯૮૭ના રોજ સભાગૃહમાં સુરેશચંદ્ર રૂ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો કે તા. ૯-૮-૧૯૮૭ના રોજની સભાગૃહની બેઠકના સમયમાં કરવામાં આવલો ફેરફાર નિયમાનુસાર નથી. ઉપરોકત બાબતે અધ્યક્ષશ્રીએ તે વખતે મોકૂફ રાખેલ નિર્ણય આપતાં જણાવ્યું કે નિયમ ૪(૨) હેઠળની સત્તાની રૂએ નિયત સમયમાં ફેરફાર કરવામાં આવેલો છે અને તેથી ઉપસ્થિત કરવામાં આવેલા પોઈન્ટ ઓફ ઓર્ડર ટકતો નથી.

૮. બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્ય શ્રી બુધાજી ચૌહાણે સમિતિનો બત્રીસમો અહેવાલ રજૂ કર્યો:

૯. ઉકત સમિતિના સભ્ય શ્રી બુધાજી ચૌહાણે પ્રસ્તાવ રજૂ કર્યો કે :– "આ સભાગૃહ, બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના બત્રીસમા અહેવાલ સાથે સમંત થાય." પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૦. શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ નિયમ-૪૪ હેઠળ નાણાં મંત્રીશ્રી અંદાજપત્ર અંગે જે નિવેદન કરવા ધારે છે તે યોગ્ય નથી, કારણ કે તેમાં ચર્ચા કરવાની કોઈ અવકાશ નિયમથી રહેતો નથી અને તેથી નિયમ ૨૨૦ હેઠળ આવું નિવેદન કરવું જોઈએ તેવો મુદો ઉપસ્થિત કર્યો નાણા મંત્રીશ્રીએ પોતાનો ખુલાસો કર્યો. ચર્ચાને અંતે અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે

નિયમ-૪૪ હેઠળ નિવેદન હોય તેમ છતાં મૂળ અંદાજપત્રની દરખાસ્ત સાથે આ નિવેદનની બાબતને સાંકળી લઈને ચર્ચાને અવકાશ રહેશે તેથી પોઈન્ટ ઓફ ઓર્ડર અસ્વીકાર કરવામાં આવે છે.

૧૧. સન ૧૯૮૮-૮૯ના વર્ષ માટેના અંદાજપત્ર અંગે નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવીએ નિયમ-૪૪ હેઠળનું નિવેદન કર્યું.

(ક) દાખલ કરાયેલા બિનસરકારી વિધેયકો :—

શ્રી હરિપ્રસાદ શુકલ એ સભાગૃહની અનુમતિથી નીચેના વિધેયકો દાખલ કર્યા :—

(ક) સન ૧૯૮૮નું ગુજરાત પ્રચાર સાહિત્યમાં ફરજિયાત નિયંત્રણ બાબત વિધેયક.

(૨) સન ૧૯૮૮નું ગુજરાત કિડની (રોગ નિવારકના ઉપયોગાર્થેના હેતુઓ માટે અધિકાર આપવા બાબત) વિધેયક.

(ખ) પહેલાં, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો :—

નીચે દર્શાવેલા ત્રણ બિનસરકારી વિધેયકોના પહેલા વાચનના પ્રસ્તાવો રજૂ થયા અને તેના પર ચર્ચા થઈ. ચર્ચાને અંતે ત્રણે બિનસરકારી વિધેયકો, સભાગૃહની અનુમતિથી, પાછા ખેંચી લેવામાં આવ્યા.

(૧) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક : ૩૦

સન ૧૯૮૫નું ગુજરાત શુશ્રૂષાગૃહો અને ચિકિત્સા કેન્દ્રો (રજિસ્ટર કરવા બાબત અને લાઈસન્સ આપવા બાબત) વિધેયક.

(૨) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક : ૫

સન ૧૯૮૭નું તબીબી ગર્ભપાત (ગુજરાત સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક : ૧૯

સન ૧૯૮૫નું ગુજરાત ખેતમજૂર ગૃહનિર્માણ કોરપોરેશન વિધેયક.

શુક્રવાર, તા. ૨૪મી જૂન, ૧૯૮૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યાં અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી અશોક ભટ્ટે નિયમ-૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર મુખ્ય મંત્રીશ્રી (નર્મદા વિકાસ)નું ધ્યાન દોર્યું.

"અધિક મદદનીશ ઈજનેરોની હડતાળને કારણે રાજ્યની જૂદી જૂદી સિંચાઈ યોજનાઓ પર ચાલુ વર્ષઋતુની શરૂઆતમાં જ બંધો અને નહેરોના બાંધકામ અને નિભાવની કામગીરી ઠપ થઈ જવાને કારણે ઊભી થયેલ પરિસ્થિતિ નિવારવા સરકારે લીધેલાં પગલાં."

મુખ્ય મંત્રીશ્રી (નર્મદા વિકાસ) શ્રી અમરસિંહ ચૌધરીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ સભાના મેજ ઉપર મૂકયા :–

(૧) સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક : ૧, સન ૧૯૮૮. ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમને બહાર પાડવા અંગેના કારણો સમજાવતું નિવેદન.

.... નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવી

(૨) સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક-૨, સન ૧૯૮૮ના ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટહુકમને બહાર પાડવા અંગેના કારણો સમજાવતું નિવેદન.

....રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી

પ્રો. હસમુખ પટેલ.

(૩) સન ૧૯૮૮ના વટહુકમ ક્રમાંક-૩, સન ૧૯૮૮ના મુંબઈ વિદ્યુતશુલ્ક (ગુજરાત સુધારા) વટહુકમને બહાર પાડવા અંગેના કારણો સમજાવતું નિવેદન.

....રાજ્યકક્ષાના ઉર્જા મંત્રી શ્રી

નલિન પટેલ.

(૪) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની--

(ક) સન ૧૯૮૮ના ગુજરાત નગર પંચાયત સેકેટરી (ભરતી, તાલીમ અને સેવાની શરતો અંગેના) નિયમો ઘડતી, તા. ૧૬-૪-૮૮ની અધિસૂચના ક્રમાંક : કેપી-૬-૧૯૮૮-એનપીએમ-૧૦૮૫-૧૩૮-કે-૧ તથા તા. ૧૬-૫-૮૮નો તેનો સુધારો ક્રમાંક : કેપી-૧૦-૧૯૮-એનપીએમ-૧૦૮૫-૧૩૮-કે-૧,

(ખ) સન ૧૯૮૮ના ગુજરાત નગર પંચાયત સેકેટરી (ભરતીની પરીક્ષા અંગેના) નિયમો ઘડતી, તા. ૧૬-૪-૮૮ ની અધિસૂચના ક્રમાંક : કેપી-૭-૧૯૮૮-૧૦૮૫-૨૬૧-કે-૧ તથા તા. ૧૬-૫-૮૮ નો તેનો સુધારો ક્રમાંક : કેપી-૧૧-૧૯૮૮-એનપીએમ ૧૦૮૫-૨૬૧-કે-૧,

(૧) સન ૧૯૬૨ના ગુજરાત પંચાયત (ગ્રામ, નગર અથવા મ્યુનિસિપલ બરોની જાહેરાત સંબંધી તપાસ) નિયમો સુધારતી, તા. ૧૮-૪-૮૮ની અધિસૂચના ક્રમાંક : કેપી-૮-૧૯૮૮-એનકેએમ-૧૦૮૬-૫૩૦ક-૧ તથા તા. ૧૦-૫૮૮ના તેનો સુધારો ક્રમાંક : કેપી-૧૨-૧૯૮૮-એનકેએમ-૧૦૮૬-૫૩૦કે-૧,

પંચાયત મંત્રીશ્રી હરિસિંહ મહિડા

(૪) સભાગૃહમાં તા. ૧૫-૨-૧૯૮૮ના રોજ વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે સભાગૃહના ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું હતું કે, રફાળેશ્વર ઢોરવાડામાં ગેરરીતિની તપાસ કરનાર અધિકારીએ સભાગૃહને આપવાને બદલે પ્રેસને માહિતી આપીને સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે, તે મુદ્દા અંગેનો મુલતવી રાખેલો નિર્ણય આપતાં અધ્યક્ષશ્રીએ ઔચિત્ય ભંગના મુદ્દાનો અસ્વીકાર કરીને જણાવ્યું કે, સરકારની કોઈ નીતિ વિષયક જાહેરાત સભાગૃહની બહાર સરકારે કે તેના કોઈ અધિકારીએ કરી નથી. અને તેથી ઔચિત્ય ભંગનો મુદ્દો રહેતો નથી.

(૫) સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ.

(ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયે શ્રી અશોક ભટ્ટે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :—

"આ સભાગૃહ, સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક : ૧, સન ૧૯૮૮નો ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ ના મંજૂર કરે."

(ખ) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૭ :—

સન ૧૯૮૮ નું ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વિધેયક નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવીએ ઉકત વિધેયક દાખલ કર્યું અને વિધેયકનાં પહેલાં વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો. નિયમ ૧૫૨ (૨) નો પ્રસ્તાવ અને વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ બંને પર ભેગી ચર્ચા શરૂ થઈ, ચર્ચામાં ૪ સભ્યોએ ભાગ લીધો.

(૬) અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરરાવ ચીમાજી જગતાપ આપણા ગૃહની મુલાકાતે આવ્યા છે. એમને હું આપના સહુ તરફથી આવકારું છું.

તેમનું અધૂરું રહેલું પ્રવચન પૂરું કર્યું.

(૭) ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રી ઉભા થતા શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ મુદ્દો ઉપસ્થિત કર્યો કે પ્રસ્તાવના પ્રવર તરીકે શ્રી વજુભાઈ વાળા અને શ્રી બાબુભાઈ વાસણવાળા પણ છે તેઓ પ્રથમ પ્રસ્તાવ ઉપર પ્રવચન કરે ત્યારબાદ જ વિધેયકના પ્રભારી મંત્રીશ્રી

પોતાનું પ્રવચન કરી શકે. ચર્ચાને અંતે સભાપતિ શ્રી બાબુભાઈ વાસણવાળા) એ મુદાનો અસ્વીકાર કરતાં જણાવ્યું કે પ્રસ્તાવ અને વિધેયક ઉપર ભેગી ચર્ચા થઈ રહી છે તેથી પ્રસ્તાવ મૂવ થયા બાદ પ્રાભારી મંત્રીશ્રી તેમના મંતવ્યો રજૂ કરે ત્યારબાદ જ બીજા સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લઈ શકે.

સોમવાર, તા. ૨૭મી જૂન, ૧૯૮૮.

પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

(૨) શ્રી પોપટભાઈ સોરઠિયાએ નિયમ-૧૧૬ અન્વયે, નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર રાજ્યકક્ષાના વન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું–

"તાજેતરમાં જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના ગામોમાં માનવલક્ષી જંગલી પશુઓ દ્વારા જાનહાનીથી ઊભી થયેલી માનવો અને પશુઓની અસલામતી અને તેને કારણે આ વિસ્તારના લોકોમાં ઊભી થયેલી ભયની લાગણી દૂર કરવા તથા આવા બનાવો બનતા અટકાવવા સરકારે લીધેલાં પગલાં."

રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી નલિન પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

(૩) નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા–

(૧) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

રાજ્યકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી નલિન પટેલ.

(૨) ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૮૮-૮૯નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક.

રાજ્યકક્ષાના ઉર્જા મંત્રી શ્રી નલિન પટેલ.

(૩) તા. ૧૧-૨-૮૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્ય શ્રી પ્રભાતસિંહ એચ. ચૌહાણના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૭૦૦૦ (અગ્રતાક્રમ-૫)ના પૂરક પ્રશ્નના અનુસંધાને રાજ્યમાં આતંકવાદ ધારા હેઠળ ધરપકડ કરાયેલ વ્યકિતઓની માહિતી.

મુખ્યમંત્રી (ગૃહ) શ્રી અમરસીંહ ચૌધરી.

(૪) અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રી રામજીભાઈ વસાવાએ સમિતિના વીસમા, એકવીસમા અને બાવીસમા અહેવાલ રજૂ કર્યા.

(૫) નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવીએ સન ૧૯૮૦-૮૧ના વર્ષ માટેના વધારાના ખર્ચનું પત્રક રજૂ કર્યું.

(૬) સરકારી વિધેયકો અને વટહુકમ ના મંજૂર કરતા પ્રસ્તાવો—

(ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયે શ્રી અશોક ભટ્ટનો પ્રસ્તાવ એટલે કે—

"આ સભાગૃહ, સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૧, સન ૧૯૮૮નો ગુજરાત વેચાણ-વેરા (સુધારા) વટહુકમ ના મંજૂર કરે" તથા

(ખ) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૭, સન ૧૯૮૮નું ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ—

ઉપર્યુકત બન્ને બાબતો પર શુક્રવાર, તા. ૨૪મી જૂન, ૧૯૮૮ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી ચર્ચામાં વધુ ૧૩ સભ્યોએ ભાગ લીધો, ચર્ચા અધૂરી રહી.

મંગળવાર, તા. ૨૮મી જૂન, ૧૯૮૮

(૧) પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

(૨) શ્રી પોપટભાઈ સોરઠિયાએ નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું (નિયમ-૧૧૬) અન્વયે.

"ભરૂચ જિલ્લાના રાજપીપળા તાલુકામાં અસંખ્ય ખેડૂતોને ભેળસેળ વાળું બિયારણ આપવાના બહાર આવેલા બનાવથી, નાણા બરબાદ થવા તથા પાક નિષ્ફળ જવાના ઉભા થયેલા ભયને કારણે આદિવાસી ખેડૂતોમાં ફેલાયેલી નિરાશાની લાગણી દૂર કરવા તથા તેમને ગુણવત્તાવાળું બિયારણ પૂરું પાડવા સરકારે લીધેલાં પગલાં."

કૃષિ મંત્રીશ્રી વતી મહેસૂલમંત્રીશ્રી હરિસિંહ મહિડાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

(૩) શ્રી અશોક ભટ્ટે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકા પંચાયતના પ્રમુખના થયેલા ખૂન અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું—

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) શ્રી અમરસિંહ ચૌધરીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૪) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આયાતી ખાદ્યતેલના વિતરણ અંગે નાગરિક પુરવઠા મંત્રી શ્રી બાબુભાઈ સોંપારીવાળાએ નિયમ-૪૪ હેઠળનું નિવેદન કર્યું.

(૫) નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા—

(૧) સન ૧૯૮૮ના ગુજરાત ગ્રાહક સુરક્ષા નિયમો ઘડતી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની તા. ૧૮-૨-૮૮ની અધિસૂચના ક્રમાંક : જીએસઆર-જીટીએચ-૮૮-૯-સીપીએ-૧૨૮૭-૧૪૦૮-ડી.

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી બાબુભાઈ સોપારીવાળા.

(૨) સન ૧૯૬૫ના ગુજરાત સહકારી મંડળી નિયમો સુધારતી, સહકાર વિભાગની તા. ૩-૫-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જીએચએચ-૨૬-૮૮-સીએસઆર-૧૨૮૮ એમઆર-૧૨૦૪-કે.

સહકારમંત્રીશ્રી અમરસિંહ વાઘેલા

(૬) ગૌણ વિધાન સમિતિના પ્રમુખશ્રી કરસનદાસ સોનેરીએ સમિતિનો દશમો અહેવાલ રજૂ કર્યો.

(૭) સરકારી વિધેયકો અને વટહુકમના મંજૂર કરતા પ્રસ્તાવો દાખલ કરવાનું સરકારી વિધેયક—

સન ૧૯૮૮નું ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વિધેયક સભાગૃહની સંમતિથી નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ઉકત વિધેયક દાખલ કર્યું.

(૨)(ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયે શ્રી અશોક ભટનો પ્રસ્તાવ એટલે કે—

"આ સભાગૃહ, સન ૧૯૮૮ નો વટહુકમ ક્રમાંક-૧ સન ૧૯૮૮નો ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ ના મંજૂર કરે" તથા

(ખ) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૭,

સન ૧૯૮૮ નું ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ—

ઉપર્યુકત બન્ને બાબતો પર સોમવાર, તા. ૨૦મી જૂન, ૧૯૮૮ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી તેમાં વધુ ત્રણ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો.

શ્રી દિલીપભાઈ સંઘાણીએ તેમનું અધૂરું રહેલું પ્રવચન પૂરું કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી છગનભાઈ સોજીત્રા

(૩) શ્રી કેશુભાઈ પટેલ

(૪) શ્રી દેવાણંદભાઈ સોલંકી.

ત્યારબાદ શ્રી અશોક ભટે તેમના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો.

ત્યારબ્બાદ નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ઉપર્યુકત વિધેયકના પહેલા વાચનના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો.

ત્યારબાદ નિયમ ૧૫૨ (૨) અન્વયેની ઉપર્યુકત પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ વિધેયકનું પહેલું અને બીજું વાચન કરવામાં આવ્યું.

કલમ-૨, ૩, ૪મંજૂર કરવામાં આવી

દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા મંજૂર કરવામાં આવી ત્યારબાદ સુધારેલા સ્વરૂપમાં ઉકત વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવ્યું અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ (૨) અન્વયેની પ્રસ્તાવ-

શ્રી અશોક ભટે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો—

"આ સભાગૃહ, સન ૧૯૮૮ નો વટહુકમ કમાંક-૨, સન ૧૯૮૮ નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટહુકમ ના મંજૂર કરે."

(ખ) સન ૧૯૮૮ નું વિધેયક ક્રમાંક-૧૮,

સન ૧૯૮૮નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રો. હસમુખ પટેલે ઉકત વિધેયક દાખલ કર્યું અને વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

પોઈન્ટ ઓફ ઓર્ડર

શ્રી પ્રકાશ બ્રહ્મભટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઊભો કરીને જણાવ્યું કે વટહુકમ સામે નાગરિક કોર્ટમાં ગયા છે. અને તેથી તેને આનુષંગિક આ વિધેયક પણ કોર્ટમાં પડેલી બાબત સાથે આવી જાય તેથી આ વિધેયક ઉપર ચર્ચા કરી શકાય કે કેમ ?

ચર્ચાને અંતે ઉપાધ્યક્ષીએ નિર્ણય આપ્યો કે અગાઉ આવી બાબતને લગતો નિર્ણય અપાયો છે કે વટહુકમ અને વિધેયક ઉપર ચર્ચા કરી શકાય છે અને તેથી શ્રી પ્રકાશ બ્રહ્મભટ્ટના મુદાનો અસ્વીકાર કરવામાં આવે છે.

ત્યારબાદ નિયમ ૧૫૨ (૨) નો પ્રસ્તાવ અને વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ બંને પર ભેગી ચર્ચા શરૂ થઈ, જેમાં ૧ સભ્યશ્રીએ ભાગ લીધો—

ત્યારબાદ વિધેયકના પ્રથમ વાચન ઉપરનું પ્રવચન પ્રભારી મંત્રી શ્રી હસમુખ પટેલે કર્યું (પ્રવચન અધૂરું રહયું).

બુધવાર, તા. ૨૯મી જૂન, ૧૯૮૮.

(૧) પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

(૨) નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા—

(૧) ગુજરાત રાજ્ય ત્રીજા પગાર પંચનો અહેવાલ તથા પગાર સુધારણા માટે તજજ્ઞ સમિતિનો અહેવાલ.

નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવી

(૨) નાણા વિભાગની સન ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા અધિનિયમ અન્વયેની-

(ક) તા. ૭-૪-૮૮ ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૮)-જીએસટી-૧૦૮૮-(એસ-૪૯)-(૧૯૩)-ટીએચ.

(ખ) તા. ૭-૩-૮૮ ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૯)- (જીએસઆર-૧૦૮૮-(૫૫)-ટીએચ,

(ગ) તા. ૭-૩-૮૮ ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૬) જ-જીએસટી-૧૦૮૮-(એસ-૪૯)-(૧૯૪)-ટીએચ,

(ઘ) તા. ૨૮-૩-૮૮ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૧૩)-જીએસઆર-૧૦૮૮-(૫૬)-ટીએચ,

(ચ) તા. ૩૦-૩-૮૮ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૧૫)-જીએસટી-૧૦૮૮-(એસ-૪૯)-(૧૯૫)-ટીએચ,

(છ) તા. ૨-૪-૮૮ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૭)-જીએસટી-૧૦૮૮-(એસ-૪૯)-(૧૯૨)-ટીએચ,

(જ) તા. ૨-૪-૮૮ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૧૦)-જીએસટી-(એફટીએસ)-૧૦૮૮-(એસ-૪૯) (૩)-ટીએચ,

(ઝ) તા. ૩-૫-૮૮ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૧૭)-જીએસટી-૧૦૮૮-(એસ-૪૯)-(૧૯૬)-ટીએચ,

(ટ) તા. ૩૧-૫-૮૮ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૨૦)-જીએસટી-૧૦૮૮-(એસ-૪૯) (૧૯૭)-ટીએચ,

(ઠ) તા. ૩૧-૫-૮૮ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૨૧)-(જીએસટી)-૧૦૮૮-(એસ-૪૯) (૧૯૮)-ટીએચ,

(ડ) તા. ૩૧-૫-૮૮ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૨૨)-જીએસટી-૧૦૮૮-(એસ-૪૯) (૧૯૯)-ટીએચ,

(ઢ) તા. ૩૧-૫-૮૮ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૧૯)-જીએસટી-૧૦૮૮-એસ.આઇ. (૫) (૨) (૧)-ટીએચ,

(ણ) તા. ૪-૬-૮૮ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૨૩)-જીએસટી-૧૦૮૮-(એસ-૪૯) (૨૦૦)-ટીએચ,

(ત) તા. ૪-૬-૮૮ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૨૪)-જીએસટી-૧૦૮૮-એસ.આઇ-૫-(૨)-(૨)-ટીએચ,

નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવી.

(૩) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાયધરી અધિનિયમ અન્વયે—

(ક) રાજ્ય સરકારે તા. ૧-૪-૮૭થી તા. ૩૧-૩-૮૮ના સમય દરમિયાન આપેલ બાયધરીની વિગતો દર્શાવતું પત્રક,

(ખ) રાજ્ય સરકાર દ્વારા બાંયધરી આપવાના કારણે સન ૧૯૮૭-૮૮ના વર્ષ દરમિયાન રાજ્યના એકત્રિત ફંડમાંથી ચૂકવેલ રકમો દર્શાવતું પત્રક,

(૭) બાયધરી આપવાની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૧૯૮૭-૮૮ના વર્ષ દરમિયાન જે તે સંસ્થાઓએ-વ્યકિતઓએ ભરપાઇ કરેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવી.

(૪) તા. ૧-૩-૮૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી મોહનસિંહ રાઠવાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૯૭૨૮ (અગ્રતાક્રમ-૨)ના પૂરક પ્રશ્નના અનુસંધાને આયોજન મંડળમાંથી વડોદરા જિલ્લાને પીવાના પાણી માટે ફાળવેલ રકમની એકત્રિત કરાયેલ માહિતી.

આયોજન મંત્રીશ્રી અરવિંદ સંઘવી.

(૫) તા. ૧-૩-૮૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી જયંતીલાલ શાહના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૯૭૪૯ (અગ્રતાક્રમ-૧૦)ના પૂરક પ્રશ્નના અનુસંધાને વેચાણ-વેરાની બાકી રકમની વસૂલાત માટે જેલમાં મોકલવામાં આવેલ વેપારીઓની સંખ્યાની માહિતી.

નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવી.

(૩) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા શરૂ થઈ શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ ઉપર્યુકત ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ ચર્ચામાં ૧૧ સભ્યોએ ભાગ લીધો-ચર્ચા અધૂરી હતી.

ગુરૂવાર, તા. ૩૦મી જૂન, ૧૯૮૮.

(૧) પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

(૨) શ્રી અરશીભાઈ ઝાલાએ નિયમ-૧૧૬ અન્વયે, નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

"પોરબંદર શહેરમાં પીવાના પાણીની કારમી ખેંચને કારણે લોકોમાં વ્યાપેલા તીવ્ર અસંતોષથી ઊભી થયેલી પરિસ્થિતિ હલ કરવા સરકારે લીધેલાં પગલાં."

આરોગ્ય મંત્રી, શ્રી વલ્લભભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

(૩) અધ્યક્ષશ્રીએ શ્રી માધવસિંહ કુલસિંહ સોલંકી (ભાદરણ) અને શ્રી શાંતિલાલ પરસોત્તમભાઈ પટેલ (રાજગઢ)એ તેમની બેઠક ઉપરથી રાજીનામું આપ્યાની જાહેરાત કરી.

(૪) બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી લલિતકુમાર પટેલે સમિતિનો તેત્રીસમો અહેવાલ રજૂ કર્યો.

(૫) સમિતિના પ્રમુખ શ્રી લલિતકુમાર પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે–

"આ સભાગૃહ, બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના તેત્રીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

(૬) દાખલ કરવાનું સરકારી વિધેયક—

સન ૧૯૮૮નું ગુજરાત રાજ્ય બાયધરી (સુધારા) વિધેયક નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ સભાગૃહની સંમતિથી દાખલ કર્યું.

(૭) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા બીજે દિવસે ચાલુ રહી. ચર્ચામાં ૪ વધુ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

(૮) બિનસરકારી સંકલ્પો

(ક) શ્રી દિનશા પટેલનો સંકલ્પ

શ્રી દિનશા પટેલે નીચેનો સંકલ્પ રજૂ કર્યો—

"છેલ્લા ત્રણ વરસથી ગુજરાત વરસાદના અભાવે ભારે મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર ઘણા પ્રશ્નો ઊભા થયા છે. કેટલેક સ્થળે તો પાણીને કારણે કાયદો અને વ્યવસ્થાના સવાલો છે. ઉનાળાના ચાર મહિના તો ઘણા વિસ્તારોમાં પ્રજાને માઈલો સુધી ચાલીને પાણી મેળવવું પડે છે. પીવાના શુધ્ધ પાણીના અભાવે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આરોગ્યના ઘણા પ્રશ્નો ઊભા થયા છે. કેટલેક સ્થળે તો પાણીને કારણે કાયદો અને વ્યવસ્થાના સવાલો પેદા થયા છે.

આમ, રાજ્યમાં પીવાના પાણીનો પ્રશ્ન વિકટ સમસ્યા સર્જી રહયો છે. ત્યારે આ સમસ્યાને હલ કરવા માટે ટૂંકાગાળાની અને લાંબાગાળાની યોજનાઓ હાથ ધરીને, ૧૯૯૯ના અંત સુધીમાં સમગ્ર ગુજરાત રાજ્ય પીવાના પાણીની સમસ્યામાંથી મુકત બને તેવું આયોજન કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે."

શ્રી છગનભાઈ સોજીત્રાની ગેરહાજરીને કારણે તેમનો સુધારો રજૂ થઈ શકયો નહીં.

ચર્ચામાં ૭ સભ્યોએ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શ્રી દિનશા પટેલે આપ્યો. ત્યારબાદ સભાગૃહની અનુમતિથી ઉપર્યુક્ત સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

(ખ) શ્રી લીલાધરભાઈ વાઘેલાનો સંકલ્પ—

શ્રી લીલાધરભાઈ વાઘેલાએ નીચેનો સંકલ્પ રજૂ કર્યો—

"રાજ્યમાં આવેલ બનાસકાંઠા જિલ્લો સૌથી વધુ પછાત અને સરહદી જિલ્લો છે. બનાસકાંઠા જિલ્લામાં બનાસ, સીપુ અને સરસ્વતી જેવી નદીઓને કારણે બનાસકાંઠા ધનધાન્યથી ભરપૂર હતો. પરંતુ બનાસ ઉપર દાંતીવાડા ડેમ બંધાયો તેમજ સીપુ અને સરસ્વતી ઉપર ડેમ બંધાઈ રહયા છે. પરિણામે આ નદીઓનાં વહેણ રોકાયાં અને સતત દુષ્કાળની અસર નીચે જીવતા બનાસકાંઠામાં છેલ્લા ચાર-ચાર વર્ષના દુષ્કાળથી નદીઓનો પેટાળ સુકાઈ રહયા છે. બનાસની પાર આવેલા ડીસા, કાંકરેજ, રાધનપુર, સાંતલપુર અને મહેસાણા જિલ્લાના સમી-હારિજ તાલુકાઓ વેરાન થતા જાય છે.

દાંતીવાડા ડેમમાં પાણી ન હોવાને કારણે અને બનાસનું વહેણ બંધ થઈ જવાને કારણે કરોડો રૂપિયાની બટાટાની ખેતી નાશ પામી છે. બનાસ વિસ્તારના કૂવા સુકાઈ ગયા છે. પાણીના તળ ઊંડાને ઊંડા થઈ રહયા છે. પરિણામે ખેડૂતો હવે ભાંગી પડયા છે. માત-બર ખેડૂત મજૂર બની ગયો છે અને જિલ્લો ઝડપથી વેરાન બની રહયો છે. આવી દુઃખદ પરિસ્થિતિમાંથી બનાસકાંઠા જિલ્લાને તેમજ ઉત્તર ગુજરાતને ઉગારવાનો એકમાત્ર ઉપાય કડાણા હાઈ-લેવલ કેનાલ બનાવવાનો છે. આ કેનાલ દ્વારા ધરોઈ, દાંતીવાડા અને સીપુ ડેમ ભરવામાં આવે અને નદીઓ જીવતી રાખવામાં આવે તો નજીકના ભવિષ્યમાં બનાસ-કાંઠા અને ઉત્તર ગુજરાત રણમાં ફેરવાતાં બચે. આથી આ સભાગૃહ, કડાણા હાઈ-લેવલ કેનાલ બનાવી અને તેનું કામ તાત્કાલિક હાથ ધરવા રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

ચર્ચામાં ૭ સભ્યોએ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો—

ત્યાર બાદ સભાગૃહની અનુમતિથી ઉપર્યુક્ત સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

શુક્રવાર, તા. ૧લી જુલાઈ, ૧૯૮૮.

(૧) પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

વિરોધ પક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, આજની પ્રશ્નોત્તરીમાં બાંધકામ મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો કે, "સરકાર આ એક પ્રશ્ન લઈને બેઠી નથી "તેવું મંત્રીશ્રીનું અવલોકન બરાબર નથી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, જ્યારે પ્રશ્ન મંત્રીશ્રીને પૂછવામાં આવે છે ત્યારે એ મર્યાદિત પ્રશ્નનો જ જવાબ આપવાનો અને તેથી તેને અંગેની સંપૂર્ણ માહિતી એકઠી કરીને જવાબ આપવાની મંત્રીશ્રીની જવાબદારી અને ફરજ છે. આથી આવો જવાબ ચાલી શકે નહીં. ભવિષ્યમાં આનું પુનરાવર્તન ન થાય તે અંગે તેઓએ માર્ગદર્શન આપ્યું અને મુખ્ય મંત્રીશ્રીનં મંત્રીશ્રીઓને સૂચના આપવા જણાવ્યું.

(૩) શ્રી દિનશા પટેલે નિયમ-૧૧૬ અન્વયે, નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું—

"ખેડા જિલ્લાના કપડવંજ શહેર અને આજુબાજુના વિસ્તારમાં કમળાના રોગનો ઉપદ્રવ વ્યાપક પ્રમાણમાં ફેલાતાં તથા ઘણા બધા લોકો આ રોગનો ભોગ બનતાં પ્રજામાં ફેલાયેલી ભયની લાગણી નિવારવા સરકારે લીધેલાં પગલાં."

આરોગ્ય મંત્રી શ્રી વલ્લભભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

(૪) નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયા—
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની—

(૧) સન ૧૯૮૭ના ગુજરાત પંચાયત મતદાર યાદી ભાગ-૨ તૈયાર કરવા અને જાળવવા અને મતદાર યાદી ભાગ-૧ અને ભાગ-૨ પ્રસિધ્ધ કરવા બાબત નિયમો સુધારતી તા. ૧૮-૨-૮૮ની અધિસૂચના ક્રમાંક : કેપી-૨-ઓફ-૧૯૮-ઈએલસી-૧૦૮૨-૨૭૫૭-જી,

(૨) સન ૧૯૬૩ના ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત નાણાકીય, હિસાબો અને અંદાજપત્ર બાબતના નિયમો સુધારતી તા. ૨૪-૩-૮૮ ની અધિસૂચના ક્રમાંક : કેપી-૪-ઓ-૧૯૮૮-પીઆરએન-૧૦૮૧-૧૫૪-જી.

—પંચાયત મંત્રીશ્રી હરિસિંહ મહિડા

(૫) વિધાનસભાના સભ્યપદેથી શ્રી શાન્તિલાલ પટેલે રાજીનામું આપતાં કામકાજ સલાહકાર સમિતિના સભ્ય તરીકેની ખાલી પડેલી જગ્યા પર શ્રી દિનશા પટેલની નિમણૂકની અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

(૬) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજા દિવસે ચાલુ રહી ચર્ચામાં વધુ ૧૨ સભ્યોએ ભાગ લીધો ચર્ચા અધૂરી રહી.

(૭) ગુજરાત રાજ્યના અધ્યાપકનો મેહરોત્રા કમિશનનો લાભ આપવા અંગે રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રા. હસમુખ પટેલે નિયમ-૪૪ હેઠળનું નિવેદન કર્યું.

(૧) પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

(૨) શ્રી અશોક ભટે નિયમ-૧૧૬ અન્વયે, નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર મુખ્ય મંત્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

"તાજેતરમાં ખેડા જિલ્લાનાં બાલાસિનોર ખાતે રેલવે ફાટક નજીકથી પસાર થતી કેટલીક યુવતીઓને ધોળા દિવસે ટેમ્પામાં બળજબરીથી ઉઠાવી જઈ સામૂહિક બળાત્કાર કરતાં આ વિસ્તારના લોકોમાં ફેલાયેલી ભયની લાગણી નિવારવા સરકારે લીધેલાં પગલાં."

મુખ્ય મંત્રી (ગૃહ) શ્રી અમરસિંહ ચૌધરીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

(૩) શ્રી દિલીપભાઈ સંઘાણીએ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ગારિયાધારમાં એસ. આર. પી. અને પોલીસે અહીંસક આંદોલનકારો ઉપર લાઠીચાર્જ કરી, ઘરમાં ઘૂસી જઈ માર મારીને ભયની લાગણી ફેલાવી એ અંગેનો મુદ્દો ઉપસ્થિત કર્યો તેમજ અમરેલીમાં લારી ગલ્લા હઠાવતાં પહેલાં વૈકલ્પિક વ્યવસ્થા સરકારે કરવી જોઈએ તે અંગેનો પણ મુદ્દો ઉપસ્થિત કરી મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૪) (૧) શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૧ હેઠળ અટકાયત કરવાની સત્તા જે એક્ઝિકયુટિવ મેજિસ્ટ્રેટ પાસે હતી તે પોલીસ અધિકારીઓને સોંપવાનો સરકારે લીધેલો નિર્ણય મોકૂફ રાખવાનું સરકારે ઠરાવ્યું છે. સરકારનો આ નિર્ણય નીતિ વિષયક કહેવાય અને ગૃહની બેઠક ચાલુ હતી ત્યારે સરકારે આવા નિર્ણયની ગૃહમાં પ્રથમ જાહેરાત કરવી જરૂરી હતી. તેને બદલે આવી નીતિ વિષયક જાહેરાત ગૃહની બહાર કરીને સરકારે ગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે.

ઉકત બાબતમાં મુખ્ય મંત્રીશ્રીની સ્પષ્ટતા પછી અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે, ગૃહની બેઠક ચાલુ હતી ત્યારે સરકારે તેવી જાહેરાત ગૃહ સમક્ષ કરવી જોઈતી હતી. સરકારે તેમ કર્યું નથી તેટલા અંશે ગૃહના ઔચિત્યનો ભંગ થયો કહેવાય અને ઉમેર્યું કે સરકારે ભવિષ્યમાં આ બાબતમાં કાળજી લેવી.

(૨) શ્રી બાબુભાઈ વાસણવાળાએ બીજો ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે ગાંધીનગરમાં સરકારે જમીનની વહેંચણી અંગે નીતિ વિષયક નિર્ણય લઈ જે હુકમો કર્યા છે. તે અંગેની જાહેરાત અખબારોમાં પ્રસિધ્ધ થઈ હતી. ગૃહની બેઠક ચાલુ હોઈ આ જાહેરાત ગૃહ સમક્ષ થવી જોઈતી હતી, પરન્તુ તેવી જાહેરાત ગૃહની બહાર કરીને સરકારે ગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે.

માર્ગ અને મકાન મંત્રી, શ્રી દોલતભાઈ પરમારે સ્પષ્ટતા કરી, ચર્ચાને અંતે અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે, ગાંધીનગરમાં સરકારે જમીનનો વહેંચણી અંગે નીતિ વિષયક નિર્ણય લીધો છે. તે નિર્ણયની જાહેરાત ગૃહની બેઠક ચાલુ હોવાથી ગૃહ સમક્ષ થવી જોઈતી હતી અને ગૃહને વિશ્વાસમાં લેવું જરૂરી હતું, પરંતુ કમનસીબે તેમ થયું નથી. ગૃહની ચાલુ હોય ત્યારે સરકારના નીતિ વિષયક નિર્ણયની જાહેરાત ગૃહમાં જ થવી જોઈએ, આ કિસ્સામાં તેમ થયું નથી અને તેથી ગૃહના ઔચિત્યનો ભંગ થયો છે.

(૧) નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા—

(૧) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૧૯૮૬-૮૭ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ પ્રકાશનને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન,

—મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી

(૨) માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગ—

(ક) નાણા વિભાગની તા. ૧૩-૭-૭૯ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૪૫)-એમએનઆર-૧૦૭૮-૧૫૭૧-(એસ-૨૯) (૨) ટીએકસને સુધારતી, તા. ૪-૪-૮૮ની અધિસૂચના ક્રમાંક (જીટી-૮૮-૩)-ઈપીટી-૧૩૮૭-૬૯-(એસ-૨૯)-ઈ,

(ખ) સન ૧૯૮૭ના ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખ સુવિધા કર નિયમો સુધારતી, તા. ૨૫-૫-૮૮ની અધિસૂચના ક્રમાંક : (જીટી-૮૮-૧૦) એસએસ-એ-૧૩૮૮ (એસ-૨૧) (૧) ઈ.

—મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી

(૩) બંદરો વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગની—

(૧) સન ૧૯૫૦ના મુંબઈ મોટર વાહન નિયમોને સુધારતી—

(ક) તા. ૨૯-૧-૮૮ની અધિસૂચના ક્રમાંક : જીએચબી-૮૮-૧૨-એમવીઆર-૧૦૮૭-૪૮૩૯-ટી,

(ખ) તા. ૨૯-૧-૮૮ની અધિસૂચના ક્રમાંક : જીએચબી-૮૮-૧૩-એમવીઆર-૧૦૮૭-૬૧૫૨-ટી,

(ગ) તા. ૩-૨-૮૮ની અધિસૂચના ક્રમાંક : જીએચ-બી-૮૮-૧૫-એમવીઆર-૧૭૮૫-૪૯૭૩-ટી,

(ધ) તા. ૧૯-૨-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-બી-૮૮-૪૭-એમવીઆર-૧૦૮૬-૧૧૦-ટી,

(ચ) તા. ૨૨-૨-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-બી-૮૮-૪૮-એમવીઆર-૧૦૮૭-૬૧૫૫-ટી,

(છ) તા. ૨૫-૨-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-બી-૮૮-૫૨-એમવીઆર-૧૦૮૭-૬૩૭૦-ટી,

(જ) તા. ૨-૩-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-બી-૮૮-૬૧-એમવીઆર-૧૦૮૬-૬૨૫૮-ટી,

(ઝ) તા. ૮-૩-૮૮ નો સુધારો ક્રમાંક : જી-બી-૮૮-૬૬-એમવીઆર-૧૦૮૫-૯૯૫-ટી,

(ટ) તા. ૮-૩-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-બી-૮૮-૬૮-એમવીઆર-૧૦૮૦-૬૦૪-ટી,

(ઠ) તા. ૨૫-૪-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-બી-૮૮-૧૦૭-એમવીઆર-૧૦૮૮-૧૧-ટી,

(ડ) તા. ૨૫-૪-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-બી-૮૮-૧૦૮-એમવીઆર-૧૦૮૮-૧૨-ટી,

(ઢ) તા. ૨૫-૪-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-બી-૮૮-૧૦૯-એમવીઆર-૧૦૮૭-૬૯૫૭-ટી,

(ણ) તા. ૨૫-૪-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-બી-૮૮-૧૧૦-એમવીઆર-૧૦૮૭-૩૧૮-ટી,

(ત) તા. ૧૬-૫-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-બી-૮૮-૧૪૦-એમવીઆર-૧૦૮૭-૬૩૧૨-ટી,

(થ) તા. ૧૬-૫-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-બી-૮૮-૧૪૧-એમવીઆર-૧૧૮૬-૯૯૪૦-ટી,

(દ) તા. ૧૯-૫-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-બી-૮૮-૧૪૪-એમવીઆર-૧૦૮૭-૬૬૫૮-ટી,

(ધ) સન ૧૯૫૮ ના મુંબઈ મોટર વાહન કર અધિનિયમ અન્વયેની-

(ક) તા. ૨૬-૨-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જીએચબી-૮૮-૫૬-એમટીએ-૧૭૮૨-મીની-૬૪-ટી,

(ખ) તા. ૨૯-૨-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જી-એચ-બી-૮૮-૫૯-એમટીએ-૧૭૮૬-૪૬૬-ટી,

(ગ) તા. ૨૪-૩-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જીએચ-બી-૮૮-૮૭-એમટીએ-૧૭૮૭-૮૪૪-ટી,

(૩) સન ૧૯૬૨ ના ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ અન્વયે તા. ૨૪-૩-૮૮ની અધિસૂચના ક્રમાંક : જીએચ-બી-૮૮-૮૮-એમટીએ-૧૭૮૫-૮૪૪-ટી.

—મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી

(૪) તા. ૧૯-૨-૮૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્યશ્રી ચંદ્રકાંત વાઘેલાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૮૬૮૧ (અગ્રતાક્રમ-૧૩)ના પૂરક પ્રશ્નના અનુસંધાને રાજકોટ શહેર જિલ્લાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં અસામાજિક પ્રવૃત્તિઓ અંગે ફરિયાદોની માહિતી.

—મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી

(૬) દાખલ કરવાનું સરકારી વિધેયક—

સન ૧૯૮૮ નું ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક --રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી, પ્રા. હસમુખ પટેલે સભાગૃહની સંમતિથી દાખલ કર્યું.

(૧) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ચોથે અને છેલ્લે દિવસે ચાલુ રહી ચર્ચામાં ૧૬ વધુ સભ્યોએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ આપ્યો. ચર્ચા પૂરી થઇ.

મંગળવાર, તા. ૫મી જુલાઇ, ૧૯૮૮.

(૧) પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

(૨) શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે નિયમ ૧૬૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું—

—મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી

"તાજેતરમાં નડિયાદ શહેરના કેટલાક વિસ્તારોમાં મગજના તાવના રોગના કારણે બે વ્યકિતઓનાં મૃત્યુ થતાં લોકોમાં ભારે ગભરાટની લાગણી પેદા થઇ છે, તેથી આ રોગને વધુ ફેલાતો અટકાવવા સરકારે લીધેલાં પગલાં."

આરોગ્ય મંત્રી, શ્રી વલ્લભભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

(૩) (ક) શ્રી અશોક ભટ્ટે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી અમદાવાદની કોમર્સ કોલેજોમાં બે હજાર જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ મળતો નથી તે અંગે સરકારની નીતિ અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી, પ્રા. હસમુખ પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(ખ) શ્રી વજુભાઈ જાનીએ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી રાજ્યના સાંસ્કૃતિક વિભાગ અથવા માહિતી વિભાગ તરફથી ધારાસભ્યો માટે મનોરંજન કાર્યક્રમ યોજાય છે. તેમાં ધારાસભ્યોને માટેની જગ્યા ઉપર બીજા કર્મચારી વર્ગના માણસો બેઠા હોય છે તેમાં સુધારા માટે સરકાર કે વિભાગ કાંઈક વ્યવસ્થા ગોઠવવા માગે છે કે કેમ તે અંગે મુદ્દો ઉપસ્થિત કરી કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મુખ્ય મંત્રીશ્રી વતી કૃષિ મંત્રી મહંત શ્રી વિજયદાસજીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

(૪) નીચેના કાગળો તેની સાથે દર્શાવેલા મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા–

(૧) સન ૧૯૮૭નો ગુજરાત પ્રાથમિક શિક્ષણ ટ્રિબ્યુનલ (કાર્યરીતિ) હુકમ ઘડતા, શિક્ષણ વિભાગનો તા. ૩૧-૩-૮૭ નો હુકમ ક્રમાંક : કેએચ-૬-કેએચપીએસ-૧૦૮૬-૧૬૦૭-સીએચ તથા તેને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

—રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રો. હસમુખ પટેલ.

(૨) સન ૧૯૭૯ ના ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડ (અધ્યક્ષ) અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો બાબતના નિયમો સુધારતી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા. ૧૧-૫-૮૮ ની અધિસૂચના ક્રમાંક : કેપી-૧૧૪-ઓફ-૧૯૮૮-એમએફબી-૧૧૮૪-૧૨૪૫-(૮૮)-આર.

—શહેરી વિકાસ મંત્રીશ્રી બાબુભાઈ સોપારીવાળા

(૩) તા. ૨૯-૨-૮૮ ના રોજ ગૃહમાં રજૂ થયેલ સભ્ય શ્રી મોતીલાલ ચાવડાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૯૪૬૧ (અગ્રતાક્રમ-૧૬)ના પૂરક પ્રશ્નના અનુસંધાને તાલુકાવાર એકત્રિત કરાયેલ માહિતી.

—રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રો. હસમુખ પટેલ.

ઉપાધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ઓગણચાળીસમો અહેવાલ રજૂ કર્યો.

(૬) રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે- આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ઓગણચાલીસમા અહેવાલ સામે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો. સન ૧૯૮૦-૮૧ ના વર્ષ માટેની વધારાની માંગણીઓ પર ચર્ચા અને મતદાન શરૂ કર્યું. શરૂઆતમાં રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રી, શ્રી નલિન પટેલે વધારાની માગણીઓ પર વિચારણા કરવાની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

ત્યારબાદ ઉપાધ્યક્ષશ્રીએ પ્રસ્તુત વધારાની માગણીઓની ચર્ચામાં અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ સંબંધિત મંત્રીશ્રીઓએ ઉપર્યુકત વર્ષ માટેની બધી વધારાની માગણીઓ એકી-સાથે રજૂ કરી.

ત્યારબાદ મજકૂર બધી વધારાની માગણીઓ પર એકીસાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચામાં ૨ સભ્યોએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ આપ્યો. ઉકત બધી વધારાની માગણીઓ, એકીસાથે, મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

(૮) માગણીઓ પર ચર્ચા અને મતદાન શરૂ થયું કૃષિ મંત્રી, મહંત શ્રી વિજયદાસજીએ સન ૧૯૮૮-૮૯ના વર્ષના ઓગસ્ટ, ૧૯૮૮થી માર્ચ, ૧૯૮૯ ના સમયગાળા માટેની માગણી-ઓની વિચારણા કરવા માટે રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

ત્યારબાદ કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક ૧, ૨, ૩, અને ૪ કૃષિ મંત્રી મહંત શ્રી વિજયદાસજીએ રજૂ કરી, સામાન્ય વહીવટ વિભાગને લગતી માગણી ક્રમાંક ૩૧ નાણા અને આયોજન મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક ૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક-૨, માગણી ક્રમાંક-૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૫ થી ૧૪, અને માગણી ક્રમાંક ૪ ઉપરની કામદરખાસ્ત ક્રમાંક ૧૬ થી ૧૯ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યાર બાદ માગણીઓ અને કાપ દરખાસ્ત ક્રમાંક ૫ થી ૧૪, અને માગણી ક્રમાંક ૪ ઉપરની કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને ચર્ચામાં ૯ સભ્યોએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ કૃષિ મંત્રી, મહંતશ્રી વિજયદાસજીએ આપ્યો.

ત્યાર બાદ પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી બધી કાપ-દરખાસ્તો ક્રમાંક ૨, ૫ થી ૧૪, અને ૧૬ થી ૧૯ એકી સાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કર-વામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧, ૨, ૩, ૪ અને ૩૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બુધવાર, તા. ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૮૮.

(૧) પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

(૨) શ્રી દિનશા પટેલે સમાજ કલ્યાણ વિભાગ મારફત નિરાધાર, વિધવા, ત્યકતા અને છૂટાછેડાવાળી બહેનોને જે આર્થિક સહાય આપવામાં આવે છે તેમાં તાજેતરમાં

સુધારો કરીને એને માટેની જે વયમર્યાદા ૧૮ થી ૪૫ ની હતી તે વધારીને ૧૮ થી ૫૫ની કરી છે અને જે આવક મર્યાદા હતી તેમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. આ એક નીતિ વિષયક જાહેરાત છે અને સભાગૃહનું સત્ર ચાલુ છે તેવા સમયે આવી જાહેરાત સભાગૃહની બહાર કરીને મંત્રીશ્રીને ઔચિત્ય ભંગ કર્યો છે તેવો મુદ્દો ઉપસ્થિત કર્યો.

સમાજ કલ્યાણ મંત્રીશ્રી, શ્રી દોલતભાઈ પરમારે સ્પષ્ટતા કરી. ચર્ચાને અંતે અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે કૌલ અને શકધરના પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે સરકારની વર્તમાન નીતિમાં સ્પષ્ટતા કરી હોય તો પણ તે અંગે પ્રથમ ગૃહમાં જાહેરાત કરવી જોઈએ. પરંતુ હાલના કિસ્સામાં સરકારે તેની મૂળ નીતિમાં સુધારો કર્યો છે અને તે અંગે ઠરાવ બહાર પાડયો છે. સરકારે આની જાહેરાત ગૃહમાં કરવી જોઈતી હતી જે કમનસીબે થઈ નથી. આથી અધ્યક્ષશ્રીએ ઔચિત્ય ભંગનો મુદ્દો માન્ય રાખ્યો અને આવી બાબતમાં મંત્રીશ્રીઓએ વધુ કાળજી રાખવા સૂચવ્યું.

(૩) નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા–

(૧) ગુજરાત કોમ્યુનિકેશન એન્ડ ઈલેકટ્રોનિકસ લિમિટેડનો સન ૧૯૮૬-૮૭ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટરનો અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ પ્રકાશનને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન,

—મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી

(૨) (ક) ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગની સન ૧૯૬૩ ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિયમો સુધારતી–

(૧) તા. ૧૧-૧-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જીયુએચયુ-૮૮ (૩)-જીઆઈડી-૧૪૮૭(૮)-૨૫૮૯-જી-૧.

(ક) તા. ૫-૪-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જીએચયુ-૮૮ (૧૨)-જીઆઈડી-૧૪૮૭(૮)-૨૫૮૯-જી-૧,

(ખ) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની, સન ૧૯૬૩ ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (કર્મચારી વર્ગ) વિનિયમો સુધારતી--

(૧) તા. ૧૫-૩-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જીઆઇડીસી-ઇએસટી-એલડબલ્યુ-એએમડી-૧૨ (૧૪).

(ii) તા. ૨૧-૩-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જીઆઇડીસી-ઇએસટી-એલએડબલ્યુ-એએમડી-૧૨ (૪),

(iii) તા. ૮-૪-૮૮ ની અધિસૂચના ક્રમાંક : જીઆઇડીસીસી-ઇએસટી-એલએડબલ્યુ-એએમડી-૧૨ (૨),

—મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી

(૩) તા. ૨૩-૨-૮૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્ય, શ્રી વાલજીભાઇ દનીચાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૭૯૯૭ (અગ્રતાક્રમ-)ના પૂરક પ્રશ્નના અનુસંધાને મંજૂર થયેલ અને ના મંજૂર થયેલ અરજીઓની માહિતી.

મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી

(૪) (અ) બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી લલિતકુમાર પટેલે સમિતિનો ચોત્રીસમો અહવાલ રજૂ કર્યો.

(બ) સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પ્રમુખ, શ્રી દિનકરભાઇ દેસાઇએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

(૫) સમિતિના પ્રમુખ, શ્રી લલિતકુમાર પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ સભાગૃહ, બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના ચોત્રીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

(૬) માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજા દિવસે ચાલુ રહયું, સામાન્ય વહીવટ વિભાગને લગતી માગણી ક્રમાંક ૩૦ અને ૩૨ અને આદિવાસી વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક ૯૫, ૯૬ અને ૯૮ મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક ૩૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૫ માગણી ક્રમાંક ૩૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૭ થી ૯ માગણી ક્રમાંક ૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ થી ૧૧, માગણી ક્રમાંક ૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ થી ૧૫ અને માગણી ક્રમાંક ૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ થી ૨૭ તે સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને કાપ દરખાસ્ત પર ભેગી ચર્ચા શરૂ થઇ. ચર્ચામાં ૧૫ સભ્યોએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ આપ્યો. ત્યારબાદ પ્રથમ કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૫ અને ૭ થી ૨૭ એકી સાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૩૦, ૩૨, ૯૫, ૯૬, અને ૯૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

(૭) અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચાલીસમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

(૮) મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે---

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચાલીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ગુરૂવાર, તા. ૭મી જુલાઇ, ૧૯૮૮.

(૧) પ્રશ્નો પૂછવામાં આવ્યાં અને તેના જવાબ આપવામાં આવ્યા.

(૨) માગણીઓ પર ચર્ચા અને મતદાન ત્રીજા દિવસે ચાલુ રહયું.

ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગને લગતી માગણી ક્રમાંક : ૪૪, ૪૫, ૪૬, ૪૭ અને ૪૮ તેમજ માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતી માગણી ક્રમાંક : ૫૧, ૫૨ અને ૫૩ મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક ૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ અને ૨, માગણી ક્રમાંક ૪૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૩, માગણી ક્રમાંક ૪૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪ થી ૧૧, માગણી ક્રમાંક ૪૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨, માગણી ક્રમાંક ૫૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ અને ૧૪, અને માગણી ક્રમાંક ૫૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ તે સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવી. ચર્ચામાં ૧૮ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

સભ્ય શ્રી વજુભાઈ જ્યારે પ્રવચન કરતા હતા તે દરમિયાન પ્રેક્ષક દીર્ઘામાંથી બે પ્રેક્ષકોએ પાક વીમાની રકમ નહીં ચૂકવવા અંગેના સૂત્રોચ્ચાર કરતાં સલામતી દળના સભ્યોએ તેમની ધરપકડ કરી અને તેમને દીર્ઘામાંથી દૂર કર્યા.

ત્યારબાદ રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી, પ્રો. હસમુખ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે,

"આ વ્યકિતઓએ ગૃહની નજર સમક્ષ ગેરવર્તાવ કર્યો છે અને સભાગૃહનું અપમાન કર્યું છે તેથી તે શખ્સોને એક દિવસ અટકાયતમાં રાખવામાં આવે."

પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રીએ ગૃહના આ નિર્ણય મુજબની કાર્યવાહી કરવા સાર્જન્ટ-એટ-આર્મ્સને આદેશ આપ્યો.

માગણી પરની ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ આપ્યો.

ત્યારબાદ પ્રથમ કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૫ એકી સાથે મત ઉપર મૂકવામાં આવી અને તેને અસ્વીકારવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક : ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૧, ૫૨ અને ૫૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

(૩) બિનસરકારી વિધેયકો—

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો—

નીચે દર્શાવેલા ત્રણ બિનસરકારી વિધેયકોના પહેલા વાચનનો પ્રસ્તાવો રજૂ થયા અને તેના પર ચર્ચા થઈ. ચર્ચા બાદ નિમ્ન લિખિત ત્રણ બિનસરકારી વિધેયકો, સભાગૃહની અનુમતિથી, પાછા ખેંચી લેવામાં આવ્યા.

(૧) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક-૧૧.

સન ૧૯૮૧નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક-

શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે

(૨) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક-૧૪.

સન ૧૯૮૫નું ગુજરાત ખેત ઉત્પાદન બજાર (સુધારા) વિધેયક–

શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે

(૩) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક-૨૨.
સન ૧૯૮૫નું ગુજરાત વિધાનસભા સભ્યો અને અધ્યક્ષશ્રીનાં, મંત્રીશ્રીઓનાં અને વિરોધ-પક્ષના નેતાના પગાર તથા ભથ્થાંને લગતા કાયદા (સુધારા) ગુજરાત વિધેયક–

શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણે

શુક્રવાર, તા. ૮મી જુલાઈ, ૧૯૮૮.

(૧) પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યાં.

(૨) શ્રી ખોડીદાસ ઠક્કર નિયમ ૧૧૬ અન્વયે, નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

"અમરેલી જિલ્લામાં ઢોરવાડા ચલાવતી મોટા ભાગની સંસ્થાઓને ટ્રાન્સપોર્ટ સબસિડી ન ચૂકવવાને કારણે આવી સંસ્થાઓ તરફથી ઢોરવાડા બંધ કરવાની ઊભી થયેલી પરિસ્થિતિ અને બીજી તરફ અપૂરતા વરસાદને કારણે ઢોરો માટે ઘાસચારાનો વિકટ બનેલો પ્રશ્ન હલ કરવા સરકારે લીધેલાં પગલાં."

મહેસૂલ મંત્રી, શ્રી હરિસિંહ મહિડાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

(૩) સચિવશ્રીએ સાતમી ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં પસાર થયેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક : ૧૭, સન ૧૯૮૮નું ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

(૪) માગણીઓ પર ચર્ચા અને મતદાન ચોથે દિવસે ચાલુ રહ્યું.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૬૭, ૭૦ અને ૭૧ મહેસૂલ મંત્રી, શ્રી હરિસિંહ મહિડાએ રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક ૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૩, માગણી ક્રમાંક ૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪ થી ૭ અને માગણી ક્રમાંક ૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૮ થી ૧૩ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવી અને ચર્ચામાં ૧૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ પંચાયત મંત્રી, શ્રી હરિસિંહ મહિડાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૩ એકી સાથે સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક ૬૭, ૭૦ અને ૭૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો

સોમવાર, તા. ૧૧મી જુલાઈ, ૧૯૮૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી ખોડીદાસ ઠકકરે નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર નાગરિક પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું :—

"અમરેલી જિલ્લાના લીલિયા તાલુકામાં એક માત્ર જથ્થાબંધ કેરોસીનનું લાઈસન્સ ધરાવનારનું લાઈસન્સ રદ થયું છે અને અન્ય કોઈનો જથ્થાબંધ કેરોસીનના વિતરણનું લાઈસન્સ ન આપવાના કારણે, સમગ્ર તાલુકાની પ્રજા કેરોસીન જેવી જીવન જરૂરિયાતની વસ્તુ વગર ભારે હાલાકીમાં મૂકાઈ ગઈ છે, તેથી આ પરિસ્થિતિના નિવારણ માટે સરકારે લીધેલાં પગલાં."

નાગરિક પુરવઠા મંત્રી, શ્રી બાબુભાઈ સોપારીવાળાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયા—

(૧) ગુજરાત રાજ્ય હસ્તકલા અને હાથવણાટ વિકાસ નિગમ લિમિટેડની સન ૧૯૮૫-૮૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટરનો અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા પ્રકાશનને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

—મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી

(૨) ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ પ્રકાશનને વિધાનસભાના મૅજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

—મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી

(૩) સન ૧૯૬૩ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (કર્મચારી વર્ગ) વિનિયમો સુધારતી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની તા. ૪-૫-૮૮ની અધિસૂચના ક્રમાંક : જી-આઇડીસી-ઈએસટી-એલએડબલ્યુ-એએમડી-૧૨(૪).

—મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી

૪. અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ પર સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન પાંચમે દિવસે ચાલુ રહ્યું.

ગૃહ વિભાગને લગતી માગણી ક્રમાંક ૪૦ અને ૪૨ તેમજ બંદરો, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગને લગતી માગણી ક્રમાંક ૭૨, ૭૩, ૭૪ અને ૭૫ મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૪૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૫, માગણી ક્રમાંક ૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૬ થી ૧૦, માગણી ક્રમાંક ૭૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ માગણી ક્રમાંક ૭૩ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૨ થી ૧૫, માગણી ક્રમાંક ૭૪ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૬ થી ૨૦ અને માગણી ક્રમાંક ૭૫ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૨૧ થી ૨૭ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવી અને ચર્ચામાં ૧૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ આપ્યો.

પ્રથમ કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૨૭ એકીસાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૪૦, ૪૨, ૭૨, ૭૩, ૭૪ અને ૭૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

મંગળવાર, ૧૨મી જુલાઈ, ૧૯૮૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી અશોક ભટ્ટે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે અમદાવાદમાં ધોરણ બારના વિજ્ઞાન પ્રવાહમાં બનાવટી માર્કશિટ રજૂ કરી સાયન્સ કોલેજમાં પ્રવેશ મેળવવામાં આવે છે. આ બાબતમાં સરકાર શું પગલાં લેવા માગે છે તે જણાવવા વિનંતી કરી.

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી, પ્રો. હસમુખ પટેલે પોતાનું મૌખિક નિવેદન કર્યું.

૩. શ્રી લલિતકુમાર પટેલ સભાગૃહમાં હાજર નહી હોવાથી નિયમ ૧૧૬ અન્વયેની નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત હાથ ધરી શકાઇ નહીં.

"તાજેતરમાં પંચમહાલ જિલ્લામાં મકાઈના પાકમાં કાતરા પડવાને કારણે પાક નિષ્ફળ જવાની ઉભી થયેલી શકયતાથી ખેડૂતોમાં પ્રસરેલી ચિંતાની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં પગલાં."

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયા--

તારીખ ૨૮-૬૮૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્યશ્રી કરમશીભાઇ મકવાણાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૨૦૧૩ (અગ્રતાક્રમ-૧૧))ના પૂરક પ્રશ્નના અનુસંધાને ખાદ્યતેલના ભાવોને લગતા માળખા અંગેની માહિતી.

—અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી,

શ્રી બાબુભાઇ સોપારીવાળા.

૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન છઠ્ઠો દિવસે ચાલુ રહયું.

મહેસૂલ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૭૭, ૭૯ અને ૮૧ મહેસૂલ મંત્રી, શ્રી હરિસિંહ મહિડાએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૭૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૯, માગણી ક્રમાંક ૭૯ ઉપરનો કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ થી ૧૪ અને માગણી ક્રમાંક ૮૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવી ચર્ચામાં ૧૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ મહેસૂલ મંત્રી, શ્રી હરિસિંહ મહિડાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૫ એકી સાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યાર બાદ માગણી ક્રમાંક ૭૭, ૭૯ અને ૮૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બુધવાર, તા. ૧૩મી જુલાઈ, ૧૯૮૮.

૧. કાર્યવાહી મોકૂફ રહેવા બાબત.

ભારતીય જનતા પક્ષના ધારાસભ્યશ્રીઓની તેમણે વિધાનસભાની બહાર કરેલ દેખાવો બદલ થયેલી ધરપકડ બાબતમાં વિરોધપક્ષના સભ્યશ્રીઓએ વિરોધ વ્યકત કરી સતત સૂત્રોચ્ચાર કરતાં અધ્યક્ષશ્રીએ ગૃહની કાર્યવાહી થોડો સમય મુલતવી રાખી.

૨. તા. ૧૩-૭-૧૯૮૮ની તારાંકિત પ્રશ્નોત્તરી તેમજ શ્રી લક્ષ્મણભાઈ આગઠની નિયમ ૧૧૬ અન્વયેની તાકીદની જાહેર અગત્યની બાબત સમયના અભાવે હાથ ધરી શકાઈ નહીં.

૩. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી લલિતકુમાર પટેલે સમિતિનો પાંત્રીસમો અહેવાલ રજૂ કર્યો.

૪. બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી લલિતકુમાર પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે--

"આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પાંત્રીસમા અહેવાલ સાથે સંમત થયા."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન સાતમે દિવસે ચાલુ રહયું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૩૫, ૩૬, ૩૭ અને ૩૮ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, શ્રી વલ્લભભાઈ પટેલે રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક ૩૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ અને ૨, માગણી ક્રમાંક ૩૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩ થી ૧૬, માગણી ક્રમાંક ૩૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ થી ૨૦ અને માગણી ક્રમાંક ૩૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ થી ૨૪ સભ્ય શ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવી, ચર્ચામાં ૧૦ સભ્યશ્રીઓએ ભાગ લીધો—

૬. શ્રી બાબુભાઈ વાસણવાળાના પ્રવચન બાદ વિરોધપક્ષના સભ્યોએ ચર્ચામાં ભાગ લઈ શકાય તે માટે ગૃહનો સમય વધારવા વિનંતી કરી, જે સાથે મુખ્ય દંડકશ્રી સંમત ન થતાં વિરોધપક્ષના તમામ સભ્યોએ આના વિરોધમાં સભાત્યાગ કર્યો.

૭. ત્યારબાદ માગણીઓ પરની ચર્ચાનો જવાબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, શ્રી વલ્લભભાઇ પટેલે આપ્યો.

૮. અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી કે, ગાંધીનગર જિલ્લા પોલીસ અધિકારી તરફથી મને પત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે આજે તા. ૧૩-૭-૮૮ના રોજ ભા. જ. પ. ના નવ ધારાસભ્યો—

(૧(શ્રી સુરેશભાઇ મહેતા,

(૧) શ્રી સુરેશભાઇ મહેતા,

(૩) શ્રી ગાભાજી ઠાકોર,

(૪) શ્રી વીરાજી ઠાકોર,

(૫) શ્રી સોમાભાઇ પટેલ,

(૬) શ્રી દિલીપભાઇ સંઘાણી

(૭) શ્રી વજુભાઇ અધારા,

(૯) શ્રી મારખીભાઇ ગોરિયાની.

વિધાનસભાના મકાનની સામે સૂત્રોચ્ચાર અને દેખાવો કરવા બદલ ૧૧.૫૫ કલાકે અટકાયત કરવામાં આવી હતી અને અવસર વિતે તેઓને આજે જ ૧૩.૦૦ કલાકે છોડી મૂકવામાં આવ્યા હતા.

૯. ત્યારબાદ પ્રથમ ઉપરોકત માગણીઓ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૨૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૩૫, ૩૬, ૩૭ અને ૩૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૦. સૂચનાના પ્રભારી સભ્ય શ્રી અશોક ભટ સભાગૃહમાં હાજર નહીં હોવાથી અડધા કલાકની ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

બુધવાર, તા. ૧૪મી જુલાઇ, ૧૯૮૮.

૧. વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઇ પટેલે નિયમ-૧૦૧ અન્વયેનો નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તે અંગે તેમના મંતવ્યો રજૂ કર્યા—

"દુષ્કાળ કે રેલ સંકટ વખતે ખેડૂતોનો પાક નિષ્ફળ જાય ત્યારે બીજા વર્ષે ખેતી કરવા માટે ધિરાણ મળી રહે તે હેતુથી પાક વીમા યોજના દાખલ કરવામાં આવી છે.

ગુજરાતના ખેડૂતોએ ૧૯૮૭-૮૮માં આશરે રૂા. ૨૫૪ કરોડનો વીમો ઉતરાવેલો હોવા છતાં હજી સુધી ખેડૂતોના પાક વીમાની રકમ મંજૂર થઇ નથી અને તે રકમ મળી નથી. તેથી ખેડૂતો પાર વગરની આર્થિક મુસીબતમાં મુકાઇ ગયા છે. ખેડૂતોને આવા કપરા સમયમાં આ વીમાની રકમ મળી રહે તેવી કાર્યવાહી થઇ નથી, પરિણામે ખેડૂતોમાં ભારે અજંપો અને અસંતોષ વ્યાપે છે. તેથી આ સભાગૃહ, ગુજરાત સરકારને તાકીદે કાર્યવાહી કરવા, ખૂટતી માહિતી કેન્દ્ર સરકારને પૂરી પાડવા અને કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરી, પાક વીમાની રકમ ખેડૂતોને તારીખ ૨૦મી જુલાઇ, ૧૯૮૮ સુધીમાં મળી જાય એવો પ્રબંધ કરવા અનુરોધ કરે છે."

ત્યારબાદ ૧૫ સભ્યશ્રીઓએ અને ૧ મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો—

ચર્ચાનો જવાબ શ્રી ચીમભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત ઉપર મૂકાતાં શ્રી દિનશા પટેલે વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. સભ્યોને પોતાની જગ્યાએ ઉભા કરીને વિભાજન કરતાં પ્રસ્તાવની તરફેણમાં ૨૩ અને વિરુધ્ધમાં ૯૪ મત પડયા, તેથી પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો.

બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. ડો. કરસનદાસ સોનેરીએ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી સાબરકાંઠા જિલ્લાના ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ કોલેજ પ્રવેશથી વંચિત રહેશે. તેને માટેની વ્યવસ્થા કરવા અંગેનો મુદો ઉપસ્થિત કરી રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી, પ્રો. હસમુખ પટેલે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૩. શ્રી પોપટલાલ સોરઠિયાએ નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું—

"રાજ્યમાં વ્યાપક પ્રમાણમાં ગેરકાયદેસર ધુસાડતા બ્રાઉન સુગર અને હેરોઇનને ચોરીછૂપીથી વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ અને અન્ય પ્રજાજનને ચા, પાન કે અન્ય રીતે આપવાથી અને કેફી પીણાના વપરાશથી અનેક યુવક-યુવતીઓનાં જીવન પર માઠી અસર પડવાથી લોકોમાં વ્યાપેલ ચિંતા અને ભયની લાગણી દૂર કરવા તથા આવાં કેફી દ્રવ્યો આવતાં તથા વેચાતાં અટકાવવા સરકારે લીધેલાં પગલાં."

મુખ્ય મંત્રી (ગૃહ) શ્રી અમરસિંહ ચૌધરીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓ સભાગૃહના મેજ ઉપર મૂકયા—

(૧) ગુજરાત સ્લમ કલીઅરન્સ બોર્ડના સન ૧૯૮૫-૮૬ના વાર્ષિક હિસાબો અને ઓડિટ રિપોર્ટ તથા આ પ્રકાશનને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

—ગૃહ નિર્માણ મંત્રી, શ્રી વલ્લભભાઇ પટેલ

(૨) ગુજરાત સ્લમ કલીઅરન્સ બોર્ડના સન ૧૯૮૮-૮૯ના વર્ષનો સૂચિત કાર્યક્રમ, તથા,

સન ૧૯૭૩ના ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુન : વિકાસ) અધિનિયમ અન્વયેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની તા. ૨૩-૩-૮૮-ની અધિસૂચના ક્રમાંક : જીએચવી-૬૯-ઓફ્-૧૯૮૮-એસએએ-૧૧૮૮-૧૨૧-ડી.

—ગૃહ નિર્માણ મંત્રી, શ્રી વલ્લભભાઇ પટેલ

૫. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ, શ્રી ભીમજીભાઇ હીરાણીએ સમિતિનો નવમો અહેવાલ રજૂ કર્યો.

૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન આઠમે દિવસે ચાલુ રહયું.

સમાજ કલ્યાણ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૯૦, ૯૨ અને ૯૪ સમાજ કલ્યાણ અને સમાજ સુરક્ષા મંત્રી, શ્રી દોલતભાઇ પરમારે રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક ૯૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, માગણી ક્રમાંક ૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨ થી ૧૮ અને માગણીક્રમાંક ૯૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ થી ૨૩ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોકત માગણીઓ અને કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં, ચર્ચામાં ૭ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સમાજ કલ્યાણ મંત્રી, શ્રી દોલતભાઇ પરમારે આપ્યો, તે દરમિયાન વિરામનો સમય થતાં શ્રી દિનશા પટેલે મુદો ઉપસ્થિત કરી જણાવ્યું કે સભાગૃહનો વિરામનો સમય થઇ ગયો છે તેથી વિરામ જાહેર કરવામાં આવે. અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે નિયમ ૪(૨)ની જોગવાઇ અનુસાર હું સભાગૃહ નો પ્રસમય દશ મિનિટ માટે લંબાવું છું.

૭. વિરોધપક્ષના તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા.

૮. ત્યારબાદ પ્રથમ કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૨૩ અકી સાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૯૦, ૯૨ અને ૯૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૯. બિન-સરકારી સંકલ્પો

(૧) શ્રી મૂળરાજસિંહ પરમારનો સંકલ્પ—

"રાજ્યમાં ક્ષારવાળી જમીન નવસાધ્ય કરવા વિવિધ યોજનાઓ દ્વારા અમલ કરવા છતાં પણ આજે રાજ્યના ખાસ પછાત ભાલ વિસ્તાર, ખેડા-અમદાવાદ-ભાવનગર-સુરેન્દ્રનગર જિલ્લાઓમાં અને અન્ય ભાગમાં પણ હજારો એકર જમીનમાં ક્ષાર ફૂટી નીકળવાને કારણે જમીન ખેતી માટે નકામી બની ગઇ છે. સફેદ મીઠાના અગરોની માફક ક્ષાર પથરાઇ જતાં ખેતી લાયક જમીન ઘટી છે. પરિણામે દેવામાં ડૂબી જતા ખેડૂતોની આર્થિક અને સામાજિક સ્થિત ખૂબ જ દયાજનક બની છે. ખેત સિંચાઈની સુવિધાનું આયોજન કરવાની સાથે સાથે વધારાના પાણીના નિકાલ માટેના કાંસના અભાવે જ ખેતી લાયક જમીન દિન-પ્રતિદિન ક્ષારયુકત જમીનમાં ફેરવાઇ રહી છે. જેના કારણે નિર્બળ ખેડૂત આર્થિક રીતે વધારે ને વધારે ગરીબ બનતો જાય છે. સિંચાઇના વધારાના પાણીને જમીન ઉપર ફરી વળતું અટકાવીને તેનો નિકાલ કાંસ દ્વારા નદી-વહેળા કે દરિયામાં કરવાનું આયોજન કરી વિના વિલંબે અમલ કરીને ક્ષારયુકત જમીન ખેતી માટે નવસાધ્ય કરવી જોઇએ. રાજ્ય સરકાર દ્વારા ચાલતી નવસાધ્ય યોજનાઓ ધીમી ગતિએ ચાલતી હોવાથી આ કાર્યક્રમનું પરિણામ જોઇએ તેટલું સારૂં આવ્યું નથી. તેથી ખેડૂતોના હિતમાં ક્ષારવાળી જમીનને બિન-ક્ષારયુકત કરવા સર્વાંગી કાર્યક્રમ તૈયાર કરવા અને તે અંગે પૂરતી રકમની જોગવાઇ કરીને યુધ્ધના ધોરણે આ કાર્યક્રમનો અસરકારક અમલ કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને આગ્રહપૂર્વક ભલામણ કરે છે."

(૧) શ્રી પ્રભાતસિંહ હા. ચૌહાણે ઉપર્યુકત સંકલ્પ ઉપર નીચેનો સુધારો રજૂ કર્યો :—

સંકલ્પના પહેલા ફકરાની બીજી લીટીમાં આવતા શબ્દો "કરવા છતાં" પછી નીચેના શબ્દો ઉમેરવા—

"સિંચાઇની હાલની બિનકાર્યક્ષમ અને ક્ષતિયુકત પધ્ધતિ અને અન્ય કારણોસર"

(૨) શ્રી લક્ષ્મણભાઇ આગઠ ગેરહાજર હોવાથી તેમનો સુધારો રજૂ થયો નહીં.

(૩) શ્રી દિનશા પટેલે ઉપર્યુકત સંકલ્પ ઉપર નીચેનો સુધારો રજૂ કર્યો—

સંકલ્પના બીજા ફકરાની છેલ્લેથી ત્રીજી લીટીમાં આવતા શબ્દો– "તે અંગે પૂરતી રકમની જોગવાઇ કરીને" પછી નીચેની લીટી ઉમેરવી—

"ડિસેમ્બર, ૧૯૮૯ સુધીમાં ક્ષારયુકત જમીનને સંપૂર્ણ ક્ષારમુકત કરવા"

ત્યારબાદ ઉપર્યુકત સંકલ્પ અને તેના ઉપર રજૂ થયેલા સુધારા પર ભેગી ચર્ચા કરવામાં આવી. ચર્ચામાં ૭ સભ્યશ્રીઓએ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી, ઉકત સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

(૨) શ્રી વીરજીભાઇ મુનિયાનો સંકલ્પ

"પંચમહાલ જિલ્લાના કડાણા, પાનમ અને કરડ ડેમોનું પાણી, જ્યારે નર્મદા યોજનાનું પાણી આ વિસ્તારોમાં આપવાનું ચાલુ થશે ત્યારે ફાજલ પડશે, તેથી આ વધારાનું પાણી આ જિલ્લાના આદિવાસી વિસ્તારના સંતરામપુર, ઝાલોદ, દાહોદ, લીમખેડા અને દેવગઢબારિયા એમ પાંચ તાલુકાઓને આપવામાં આવે તો આ વિસ્તારના ખેડૂતો સ્થિર થશે અને જે લોકોને રોજીરોટી માટે દર વરસે હિજરત કરવી પડે છે તેઓને ત્યાં બારેમાસ કામ મળી રહેશે. તેથી આ બાબતે અત્યારથી જ નકકી યુધ્ધના ધોરણે સમયબધ્ધ આયોજન કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

(૧) શ્રી હરગોવિંદ ઉપાધ્યાયે ઉપર્યુકત સંકલ્પ ઉપર નીચેનો સુધારો રજૂ કર્યો—

સંકલ્પની ત્રીજી લીટીમો આવતા શબ્દો "આ જિલ્લાના આદિવાસી વિસ્તારના" પછી નીચેનો શબ્દ મૂકવો—

"લુણાવાડા".

(૨) શ્રી પ્રબોધકાન્ત પંડયા ગેરહાજર હોવાથી તેમનો સુધારો રજૂ થયો નહીં. ત્યારબાદ ઉપર્યુકત સંકલ્પ અને તેના પર રજૂ થયેલા સુધારા પર ભેગી ચર્ચા શરૂ કરવામાં આવી. તેમાં ૬ સભ્યશ્રીઓ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી, ઉકત સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

શુકવાર, તા. ૧૫મી જુલાઇ, ૧૯૮૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી કાસમબાપુ તીરમીઝીએ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ગાંધીનગર શહેરના રસ્તાઓ ઉપર તેમજ સદસ્ય નિવાસની આસપાસ વરસાદના ભરાયેલા પાણીથી પડતી મુશ્કેલી અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી મકાન અને માર્ગ વ્યવહાર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મકાન અને માર્ગ વ્યવહાર મંત્રી, શ્રી દોલતભાઇ પરમારે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૩. શ્રી પ્રકાશચંદ્ર બ્રહ્મભટે નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

"રાજ્યમાં છેલ્લા છ માસ કરતાં વધુ સમયથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખાલી પડેલ કે ક્રમશ: મંજૂર થયેલ નવા વર્ગોને કારણે નવી ઉભી થયેલી શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા સામે સરકારે મૂકેલ પ્રતિબંધના કારણે અસંખ્ય બાળકોનું શૈક્ષણિક ભાવિ જોખમમાં મૂકાયેલ હોવાથી, લોકોમાં ઉભો થયેલો ઉગ્ર અસંતોષ નિવારવા રાજ્ય સરકારે લીધેલાં પગલાં.".

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી, પ્રો. હસમુખ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન નવમે દિવસે ચાલુ રહયું.

સહકાર વિભાગને લગતી માગણી ક્રમાંક ૬ અને ૭ તેમજ શ્રમ અને રોજગાર વિભાગને લગતી માગણી ક્રમાંક ૫૮ અને ૫૯ સહકાર અને શ્રમ અનેને રોજગાર મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલાએ રજૂ કરી.

ઉપર્યુકત માગણી ક્રમાંક ૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩ માગણી ક્રમાંક ૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪ થી ૧૧ માગણી ક્રમાંક ૫૮ ઉપરની કપ દરખાસ્ત ક્રમાંક ૧૩ અને માગણી ક્રમાંક ૫૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ થી ૨૨ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોકત માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા શરૂ કરવામાં આવી. ચર્ચામાં ૧૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સહકાર અને શ્રમ રોજગાર મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૧ અને ૧૩ થી ૨૨ એકીસાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૬, ૭, ૫૮ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સોમવાર, તા. ૧૮મી જુલાઈ, ૧૯૮૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી ખેડીદાસ ઠક્કરે નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું—

"અમરેલી જિલ્લામાં જિલ્લા ખરીદ વેચાણ સંઘ દ્વારા વેચવામાં આવેલું અપ્રમાણિત મગફળીનું બિયારણ તથા આઈ.એસ.આઈ. માર્કા વગરની ફૂગનાશક અને જંતુનાશક દવાઓને કારણે અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં બિયારણ ન ઉગવાથી ખેડૂતોને થયેલું લાખો રૂપિયાનું આર્થિક નુકશાન અને પાક નિષ્ફળ જવાને કારણે ઊભી થયેલી મુશ્કેલ પરિસ્થિતિ અંગે સરકારે લીધેલાં પગલાં."

કૃષિ મંત્રી, મહંત શ્રી વિજયદાસજીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળ તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા—

(૧) ગુજરાત રાજ્ય તકેદારી આયોગનો સન ૧૯૮૫-૮૬નો વાર્ષિક અહેવાલ અને તે ઉપરની સરકારની યાદી તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી.

(૨) તા. ૨૭-૬-૮૮ના રોજ સાભાગૃહમાં રજૂ થયેલા સભ્ય શ્રીમતી ચંદ્રાબહેન શ્રીમાળીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૧૯૯૫ (અગ્રતાક્રમ-૧૫)ના પૂરક પ્રશ્નના અનુસંધાને રાજ્યમાં મહિલા કેદીઓની સંખ્યા અંગેની માહિતી.

મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરી.

૪. અધ્યક્ષશ્રીએ કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનની ૭૭મી જન્મજયંતી પ્રસંગે કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનની એકિઝકયુટિવ કમિટીના ચેરમેન અને ઝામ્બિયાના રાજ્યકક્ષાના મંત્રી, શ્રી લેવુ મુલિમ્બાએ પાઠવેલ સંદેશો વાંચી સંભળાવ્યો.

૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન દસમા દિવસે ચાલુ રહ્યું.

સિંચાઇ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૫૫, ૫૬ અને ૫૭ તેમજ નર્મદા વિકાસ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૬૪ અને ૬૫ મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક: ૫૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, અને ૩, માગણી ક્રમાંક : ૫૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪ થી ૧૪, માગણી ક્રમાંક : ૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫, માગણી ક્રમાંક ૬૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક :૧૬ અને ૧૭ તેમજ માગણી ક્રમાંક ૬૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ અને ૨૧ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોકત માગણીઓ અને કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા શરૂ કરવામાં આવી, ચર્ચામાં ૧૭ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

૬. વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીની ૧૯૮૭-૮૮ની કૃપાગુણ આપવાની એડહોક સમિતિના નિર્ણય અંગેની તપાસ માટે હાઇકોર્ટના નિવૃત્ત જજના અધ્યક્ષપદે તપાસ કમિશન નીમવા અંગેનું રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રા. હસમુખ પટેલે નિયમ-૪૪ હેઠળ નિવેદન કર્યું.

૭. માગણીઓ પરની ચર્ચાનો જવાબ મુખ્યમંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ આપ્યો.

પ્રથમ કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ થી ૧૮ અને ૨૧ એકીસાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૫૫, ૫૬, ૫૭, ૬૪ અને ૬૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

મંગળવાર, તા. ૧૯મી જુલાઈ, ૧૯૮૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી વીરજીભાઇ મુનિયાએ નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું---

"તાજેતરમાં રાજ્યમાં ધોરણ-૧૧ના વિજ્ઞાન પ્રવાહમાં મોટાભાગના વિદ્યાર્થીઓને અને તેમાં પાસ કરીને ગામડાંના વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં મળતાં તેમના બગડતા ભાવિ અંગે પ્રવર્તતી ચિંતાની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં પગલાં."

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી, પ્રો. હસમુખ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. શ્રી બાબુભાઇ વાસણવાળાએ અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી અમદાવાદના અંતરરાષ્ટ્રીય વિમાની મથકનું સ્થળ મહારાષ્ટ્રના પૂનામાં ખસેડવા અંગેના આવેલા સમાચાર અંગેનો મુદ્દો ઉપસ્થિત કરી માર્ગ અને મકાન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માર્ગ અને મકાન મંત્રી, શ્રી દોલતભાઇ પરમારે ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા--

(૧) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૧૯૮૨-૮૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટરનો અહેવાલ. ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન

નાગરિક પુરવઠા મંત્રી, શ્રી બાબુભાઇ સોપારીવાળા

(૨) ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડનો સન ૧૯૮૨-૮૩નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

શ્રમ મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલા.

૫. (૧) જાહેર હિસાબ સમિતિના પ્રમુખ, શ્રી અશોક ભટ્ટે સમિતિનો દસમો અહેવાલ રજૂ કર્યો.

(૨) પંચાયતી રાજ સમિતિના પ્રમુખ, શ્રી જનકસિંહ રાણાએ સમિતિનો નવમો અહેવાલ રજૂ કર્યો.

૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન અગિયારમે દિવસે ચાલુ રહયું.

માર્ગ અને મકાન વિભાગને લગતી માગણી ક્રમાંક : ૮૪, ૮૬, ૮૭, ૮૮ અને ૮૯ માર્ગ અને મકાન મંત્રી, શ્રી દોલતભાઇ પરમારે રજૂ કરી.

ઉપરોકત માગણી ક્રમાંક ૮૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૩ માંગણી ક્રમાંક ૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪ થી ૯, માગણી ક્રમાંક ૮૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ થી ૧૮ અને માગણી ક્રમાંક ૮૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોકત માગણીઓ અને કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા શરૂ કરવામાં આવી. ચર્ચામાં ૨૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માર્ગ અને મકાન મંત્રી, શ્રી દોલતભાઇ પરમારે આપ્યો.

પ્રથમ કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૯ એકી સાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૮૪, ૮૬, ૮૭, ૮૮ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બુધવાર, તા. ૨૦મી જુલાઈ, ૧૯૮૮

પહેલી બેઠક

૧. રાજ્યભરમાં થયેલા સારા વરસાદ તેમજ કેટલાક વિસ્તારોમાં વધુ વરસાદને કારણે થયેલા નુકશાન તથા લોકોને અપાયેલી સહાયની વિગતો અંગેનું મહેસૂલ મંત્રી, શ્રી હરિસિંહ મહિડાએ નિયમ-૪૪ હેઠળનું નિવેદન કર્યું.

૨. **સરકારી વિધેયકો અને વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો.**

(૧) **દાખલ કરવાનું સરકારી વિધેયક**

સન ૧૯૮૮નું ગુજરાત વિનિયોગ (વધારાનાં ખર્ચ) વિધેયક.

નાણા મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ ઉકત વિધેયક સભાગૃહની સંમતિથી દાખલ કર્યો.

(૨) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ (૨) અન્વયે શ્રી અશોક ભટનો પ્રસ્તાવ, એટલે કે,

"આ સભાગૃહ, સન ૧૯૮૮નો વટહુકમ ક્રમાંક-૨ સન ૧૯૮૮નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટહુકમ નામંજર કરે" તથા

(ખ) સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૮

સન ૧૯૮૮નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તુત.

ઉપર્યુકત બંને બાબતો પર મંગળવાર, તા. ૨૮મી જૂન, ૧૯૮૮ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી.

પ્રભારી મંત્રી, રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી, પ્રો. હસમુખ પટેલે તેમનું પ્રથમ વાચન ઉપરનું તે દિવસનું અધૂરું રહેલું પ્રવચન પૂરું કર્યું.

ચર્ચામાં ૧ સભ્યશ્રીએ ભાગ લીધો.

બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી દિલીપભાઇ સંઘાણી નિયમ-૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું—

"તાજેતરમાં ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકામાં મગજનો તાવ, ઝાડા-ઉલટી અને મેલેરિયાના રોગના અસંખ્ય બનાવોથી કેટલીક વ્યકિતઓનાં મૃત્યુ થતાં તાલુકાની જનતામાં ફેલાયેલો ભય અને ગભરાટની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં પગલાં."

આરોગ્ય મંત્રી, શ્રી વલ્લભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. આરોગ્ય મંત્રી, શ્રી વલ્લભભાઇ પટેલે તા. ૨૩-૬-૮૮ના રોજ અગ્રતાક્રમ-૬ પ્ર. ક્ર. ૨૧૨૪૮)ના મૌખિક જવાબમાં જે ક્ષતિ રહી ગયેલી તે ક્ષતિ અંગે ખુલાસો કરી દિલગીરી વ્યકત કરી હતી.

૪. ગાંધીનગર ખાતે વર્ગ-૪ના કર્મચારીઓને જમીન ફાળવવા અંગેનું માર્ગ અને મકાન મંત્રી, શ્રી દોલતભાઇ પરમારે નિયમ-૪૪ હેઠળનું નિવેદન કર્યું.

૫. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયા—

"ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

—સંસદીય બાબતોના રાજ્યકક્ષાના

મંત્રી, શ્રી નલિન પટેલ.

૬. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી લલિતકુમાર પટેલે સમિતિનો છત્રીસમો અહેવાલ રજૂ કર્યો.

૭. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી લલિતકુમાર પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ સભાગૃહ, બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના છત્રીસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન બારમે દિવસે ચાલુ રહ્યું.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને લગતી માગણી ક્રમાંક ૧૮, ૧૯, ૨૦ અને ૨૧ અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી, શ્રી બાબુભાઇ સોપારીવાળાએ રજૂ કરી.

ઉપર્યુકત માગણી ક્રમાંક ૧૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, માગણી ક્રમાંક-૧૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩, ૪, ૫ અને ૭, માગણી ક્રમાંક-૨૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૮ થી ૧૧ અને માગણી ક્રમાંક-૨૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપર્યુકત માગણીઓ અને કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા શરૂ કરવામાં આવી.

ચર્ચામાં ૧૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી, શ્રી બાબુભાઇ સોપારીવાળાએ આપ્યો.

પ્રથમ કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૩ થી ૫, ૭ થી ૧૧ અને ૧૩ એકી સાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૮, ૧૯, ૨૦ અને ૨૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ગુરૂવાર, તા. ૨૧મી જુલાઇ, ૧૯૮૮.

૧. સભાગૃહની બેઠકની શરૂઆતમાં વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓએ "ટર્ન ઓવર ટેકસ નાબૂદ કરો" ના સૂત્રોચ્ચાર કર્યા, વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઇ પટેલે ટર્ન ઓવર ટેકસ અંગે લોકોમાં વ્યાપક વિરોધની લાગણી છે તેમ જણાવી, ભારે કરવેરાનો વિરોધ કરી, સભાગૃહની કાર્યવાહીમાં ભાગ નહીં લેવાની જાહેરાત કરી. આ તબકકે વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

૨. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૩. શ્રી પરસોત્તમભાઇ મકવાણા સભાગૃહમાં હાજર નહીં હોવાથી તેમની નીચેની નિયમ ૧૧૬ અન્વયેની તાકીદની જાહેર અગત્યની બાબત હાથ ધરી શકાઇ નહીં.

"તારીખ ૧૧મી જુલાઇ, ૧૯૮૮ના રોજ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના ચંદવાણા ગામે માંગરોળ અને શીલ ગામના પોલીસ અધિકારીઓએ ગરીબ ખેડૂતો અને મજૂરોનાં કુટુંબીજનો ઉપર કોઇપણ ગુના વિના ગુજારેલા અમાનુષી અત્યાચારથી ગામમાં ફેલાયેલી ભયની લાગણી દૂર કરવા અને જવાબદાર પોલીસ અધિકારીઓ સામે સરકારે લીધેલાં પગલાં."

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયા—

"ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૧૯૮૭-૮૮નું અંદાજપત્ર તથા આ અંદાજપત્રને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

—ગૃહનિર્માણ મંત્રી, શ્રી વલ્લભભાઇ પો. પટેલ

૫. અંદાજ સમિતિના પ્રમુખ. શ્રી સુરેશભાઇ સા. મહેતાએ સમિતિના આઠમા અને નવમા અહેવાલો રજૂ કર્યા.

૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન તેરમે દિવસે ચાલુ રહયું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતી માગણી ક્રમાંક ૯૯ અને ૧૦૧ શહેરી વિકાસ મંત્રી, શ્રી બાબુભાઇ સોપારીવાળાએ રજૂ કરી.

ઉપર્યુકત માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવાની કોઇ સભ્યશ્રીએ તત્પરતા નહીં બતાવતાં માગણી ક્રમાંક ૯૯ અને ૧૦૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૩. બિન-સરકારી વિધેયકો

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના વિધેયકો

પ્રભારી સભ્યશ્રીની સભાગૃહમાં ગેરહાજરીને કારણે નીચેનાં બિનસરકારી વિધેયકો હાથ ધરી શકાયાં નહીં—

(૧) સન ૧૯૮૭નું વિધેયક ક્રમાંક-૨૪ સન ૧૯૮૭નું મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક

—પ્રભારી સભ્યશ્રી બાબુભાઇ વાસણવાળા

(૨) સન ૧૯૮૭નું વિધેયક ક્રમાંક-૮ સન ૧૯૮૬નું ગુજરાત પરીક્ષા સંચાલન વિધેયક.

— પ્રભારી સભ્ય શ્રી અશોક ભટ

પ્રભારી સભ્યશ્રીની અનિચ્છાને કારણે નીચેનાં બિનસરકારી વિધેયકો હાથ ધરી શકયાં નહીં.

(૩) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક-૪૨ સન ૧૯૮૫નું મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.

—પ્રભારી સભ્ય શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણ

(૪) સન ૧૯૮૬નું વિધેયક ક્રમાંક-૧૮ સન ૧૯૮૫નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક.

—પ્રભારી સભ્ય શ્રીમતી મહાશ્વેતાબહેન ચૌહાણ

શુક્રવાર, તા. ૨૨મી જુલાઈ, ૧૯૮૮.

૧. **સભ્યોને નામથી સંબોધન.**—સભાગૃહની બેઠકની શરૂઆતમાં વિરોધપક્ષના મોટા-ભાગના સંભ્યોએ "ટર્ન ઓવર ટેકસ નાબૂદ કરો" અને "ગરીબો પરના ટેકસ નાબૂદ કરો" ના સતત સૂત્રોચ્ચાર કરતાં અધ્યક્ષશ્રીએ તેમને સભાગૃહ છોડી જવા આદેશ આપ્યો તેમ છતાં તેનો અમલ કરવાને બદલે સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં અધ્યક્ષશ્રીએ ગૃહમાં ઊભા થઈને સૂત્રેચ્ચાર કરીને અરાભ્ય વર્તન દાખવનાર નીચેના સભ્યોને નામથી સંબોધન કર્યું.

(૧) શ્રી મનુભાઈ કોટડિયા
(૨) શ્રી મોહનસિંહ રાઠવા
(૩) શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતા
(૪) શ્રી કરમશીભાઈ મકવાણા
(૫) શ્રી લીલાધરભાઈ વાઘેલા
(૬) શ્રી શંકરજી ઓ. ઠાકોર
(૭) શ્રી ગાભાજી ઠાકોર
(૮) શ્રી અશોક ભટ
(૯) શ્રી જયંતીલાલ શાહ
(૧૦) શ્રી બાબુભાઈ વાસણવાળા
(૧૧) શ્રી પ્રકાશચંદ્ર બ્રહ્મભટ
(૧૨) શ્રી દિનશા પટેલ
(૧૩) શ્રી પ્રભાતસિંહ હા. ચૌહાણ
(૧૪) પ્રો. પ્રબોધકાંત પંડયા
(૧૫) શ્રી હરગોવિંદ ઉપાધ્યાય
(૧૬) શ્રી વજુભાઈ વાળા
(૧૭) શ્રી વીરાજી ઠાકોર
(૧૮) શ્રી અરશીભાઈ ઝાલા
(૧૯) શ્રી ભોળાભાઈ પટેલ
(૨૦) શ્રી દેવાણંદભાઈ સોલંકી
(૨૧) શ્રી જશપાલસીંગ

ત્યારબાદ મુખ્ય દંડક શ્રી મનુભાઈ પરમારે પ્રસ્તાવ રજૂ કર્યો.

"અધ્યક્ષશ્રીએ નામથી સંબોધેલા સભ્યોને આજના દિવસ પૂરતા સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરવામાં આવે."

પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

આ દરમિયાન વિરોધપક્ષના સભ્યો સભાગૃહમાં વચ્ચે જમીન પર બેસી જતાં અધ્યક્ષશ્રીએ સિકયોરીટી સ્ટાફને આ તમામ સભ્યોને સભાગૃહમાંથી દૂર કરવાની સૂચના આપી.

ત્યારબાદ અધ્યક્ષશ્રીએ સવારના ૮-૩૫ વાગ્યે સભાગૃહ અરધો કલાક માટે મુલતવી રાખ્યું.

સભાગૃહને ફરી મળવાનો સમય થયો તે પહેલાં સિકયોરીટી સ્ટાફ ઉપર જણાવેલા સભ્યોને વારાફરતી ઊંચકીને સભાગૃહની બહાર લઈ ગયા.

સવારના ૯.૦૫ વાગ્યે સભાગૃહ મળ્યું ત્યારે વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલ સહિત કેટલાક સભ્યો કે જેમને ગૃહની સેવામાંથી સસ્પેન્ડ કરાયા ન હતા તેમણે સૂત્રોચ્ચાર અને ઘરણા ચાલુ રાખતાં અધ્યક્ષશ્રીએ તેમને સમજાવ્યા, છેવટે તેઓ ગૃહ છોડી ગયા.

૨. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૩. શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી બાબુભાઈ વાસણવાળા અને શ્રી દિનશા પટેલ સભાગૃહમાં હાજર નહીં હોવાથી તેઓની નિયમ ૧૧૦ અન્વયેની નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત હાથ ધરી શકાઈ નહીં.

"ભાદર નદીમાં પૂર આવવાને કારણે ધંધુકા-ભાવનગર માર્ગ પર ગાબડાં પડી જતાં ખોરવાઈ ગયેલા માર્ગ વાહનવ્યવહારને ફરી શરૂ કરવા સરકારે લીધેલાં પગલાં."

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા—

(૧) ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૧૯૮૩-૮૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટરનો અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનો સરકારનો અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

માર્ગ અને મકાન મંત્રી, શ્રી દોલતભાઈ પરમાર

(૨) સન ૧૯૬૭ના ગુજરાત પંચાયત સેવા (વર્ગીકરણ અને ભરતી) નિયમો સુધારતી, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની તા. ૫-૫-૮૮ની અધિસૂચના ક્રમાંક : ક્રેપી-૯-(૮૮)-પીઆરઆર-૧૦૮૩-૧૪-ક્રેએચ-૧.

પંચાયત મંત્રી, શ્રી હરિસિંહ મહિડા

૫. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ, શ્રી ભીમજીભાઈ હિરાણીએ સમિતિના દસમા અને અગિયારમા અહેવાલો રજૂ કર્યા.

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન** (ચૌદમે દિવસે ચાલુ રહયું.)

શિક્ષણ વિભાગને લગતી માગણી ક્રમાંક ૯ અને ૧૧ રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી, પ્રો. હસમુખ પટેલે રજૂ કરી. કોઇ કાપ દરખાસ્તો રજૂ થઇ નહીં.

ઉપર્યુક્ત માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવા કોઇ સભ્યશ્રી ઊભા નહીં થતાં, રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી, પ્રા. હસમુખ પટેલે પોતાની માગણીઓ મત ઉપર મૂકાતાં પહેલાં કેટલીક સ્પષ્ટતા કરી, અને જાહેર અગત્યની બાબતો અંગે જાહેરાતો કરી. ત્યારબાદ માગણી ક્રમાંક ૯ અને ૧૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

મંગળવાર, તા. ૨૬મી જુલાઇ, ૧૯૮૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. (૧) રાજ્યના વિવિધ પોલીસ મંડળોની માન્યતા સસ્પેન્ડ કરવા અંગે તથા રાજ્યમાં પડેલી પોલીસ હડતાળથી ઉભી થયેલી પરિસ્થિતિ અંગે મુખ્ય મંત્રી (ગૃહ), શ્રી અમરસિંહ ચૌધરીએ નિયમ-૪૪ હેઠળ નિવેદન કર્યું.

(૨) લોકાયુક્ત અધિનિયમ હેઠળ હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી ડી. એચ. શુકલની લોકાયુક્ત તરીકેની નિમણુકની જાહેરાત અંગે મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ નિયમ-૪૪ હેઠળ નિવેદન કર્યું.

૩. શ્રી વીરજીભાઇ મુનિયાએ નિયમ-૧૧૬ અન્વયે નીચેની તાકીદ જાહેર અગત્યની બાબત પર માર્ગ અને મકાન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું :

"તા. ૧૪-૭-૮૮ના રોજ પડેલા ભારે વરસાદના કારણે વિસનગરથી ખેરાલુ, તારંગા, આંબાઘાટ, દાંતાથી અંબાજી રોડમાં ભારે ગાબડાં પડવાથી, આવતાં જતાં વાહનોને થતા અકસ્માતો નિવારવા તથા નુકસાનીનો ભય ટાળવા રોડ ઉપર પડેલાં ગાબડાં તાત્કાલિક દુરસ્ત કરવા સરકારે લીધેલાં પગલાં."

માર્ગ અને મકાન મંત્રી, શ્રી દોલતભાઈ પરમારે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. નીચેના કાગળો તેની નીચે દર્શાવેલા મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા–

(૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૧૯૮૮-૮૯નું અંદાજપત્ર સન ૧૯૮૫-૮૬નો ઓડિટ અહેવાલ તથા આ પ્રકાશનોને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

મુખ્ય મંત્રી શ્રી અમરસિંહ ચૌધરી.

(૨) ગુજરાત વિદ્યુત બોર્ડનો સન ૧૯૮૬-૮૭નો પ્રશાસકીય અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

રાજ્યકક્ષાના ઊર્જા મંત્રી, શ્રી નલિન પટેલ.

(૩) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૮૬-૮૭નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન.

મુખ્ય મંત્રી શ્રી અમરસિંહ ચૌધરી.

(૪) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૮૫-૮૬નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન તથા સન ૧૯૮૭-૮૮નો વાર્ષિક અહેવાલ.

રાજ્યકક્ષાના ઊર્જા મંત્રી, શ્રી નલિન પટેલ.

(૫) તા. ૧૧મી જુલાઈ, ૧૯૮૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્ય, શ્રી ભાઈ-લાલભાઈના ડાભીના તારાંકિત પ્રશ્ન અગ્રતાક્રમ-૬ના પૂરક પ્રશ્નના અનુસંધાને રાજ્યમાં વીજ કાપ અંગેની માહિતી.

રાજ્યકક્ષાના ઊર્જા મંત્રી, શ્રી નલિન પટેલ.

૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન પંદરમા દિવસે ચાલુ રહયું.

વન અને પર્યાવરણ વિભાગને લગતી માગણી ક્રમાંક : ૨૨, ૨૩, ૨૪, અને ૨૫ તથા ઉદ્યોગ, ખાણ અને ઊર્જા વિભાગને લગતી માગણી ક્રમાંક : ૪૯ રાજ્યકક્ષાના ઊર્જા, વન અને પર્યાવરણ મંત્રી, શ્રી નલિન પટેલે રજૂ કરી.

ઉપર્યુકત માગણી ક્રમાંક : ૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨ અને ૩, માગણી ક્રમાંક : ૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫, ૧૬ અને માગણી ક્રમાંક ૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ થી ૨૨ સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ કરવામાં આવી, ચર્ચામાં ૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ ઉર્જા, વન અને પર્યાવરણનાં રાજ્યકક્ષાના મંત્રી, શ્રી નલિન પટેલે આપ્યો.

પ્રથમ કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૨૨ એકી સાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૪૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

બુધવાર, તા. ૨૭મી જુલાઈ, ૧૯૮૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યાં.

૨. મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય શ્રી વાડીલાલ લલ્લુભાઈ મહેતાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધપક્ષના નેતા, શ્રી ચીમનભાઈ પટેલે, શ્રી અશોક ભટ્ટે, શ્રી બાબુભાઈ વાસણવાળા, શ્રી કરમશીભાઈ મકવાણા, શ્રી નલિન પટેલે અને શ્રી મનુભાઈ પરમારે સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થને અંજલિ આપી.

સભ્યોએ ઉભા થઈ થોડીવાર મૌન પાળ્યું.

ત્યારબાદ અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

૩. શ્રી જશપાલસીંગે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી પોલીસ હડતાળના અનુસંધાને વડોદરા શહેરમાં ગઈકાલે બનેલા તોફાનોના બનાવો અંગેની અદાતન માહિતી પૂરી પાડવા અંગેનો મુદો ઉપસ્થિત કરી મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું, જેમાં વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલે આ અંગે સ્પષ્ટતા કરવા જણાવ્યું.

મુખ્ય મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ ખુલાસાત્મક મૌખિક સ્પષ્ટતા કરી.

૪. શ્રી પ્રભાતસિંહ પ્ર. ચૌહાણે નિયમ-૧૧૬ અન્વયે નીચેની જાહેર અગત્યની બાબત પર કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું—

"ચાલુ સાલે અછતમાં ખાનગી ખેડૂતોને સાદા કૂવા સરકારે ખોદાવી આપ્યા છે. જેમાંનાં નાના અને સિમાંત ખેડૂત તથા આદિવાસી અને હરિજન ખેડૂતોને જીવનધારા સ્કીમમાં પાકા કૂવા સરકાર કરી આપવાની છે જ્યારે મોટા ખેડૂતો છેલ્લા ચાર ચાર વર્ષથી દુષ્કાળના કારણે સહકારી બેન્કો, મંડળીઓ વગેરેના દેવાદાર છે. જેના કારણે લોન સહાય મળવાની નથી અને કૂવા પુરાઈ જવાની શકયતા છે જેના ખોદકામના નાણા નિયમ મુજબ પરત ભરવાના થશે, જેના કારણે ખેડૂતોમાં ફેલાયેલી ચિંતાની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં પગલાં."

કૃષિ મંત્રી, મહંત શ્રી વિજયદાસજીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું, અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૫. નીચેના કાગળો તેની સાથે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયા—

સમાજકલ્યાણ વિભાગની—

(૧) સન ૧૯૫૩ના મુંબઈ વિદેશી દારૂના નિયમો સુધારતી—

(ક) તા. ૩-૩-૮૮ની અધિસૂચના ક્રમાંક : જીએચ-એલ-૧૭-એફએલ-આર-૧૦૮૮-૧૪૧-એમ,

(ખ) તા. ૩૦-૪-૮૮ની અધિસૂચના ક્રમાંક : જીએચ-એલ-૩૨-એફએલઆર-૧૦૮૮-૧૨૦૫-એમ,

(૨) સન ૧૯૬૩ના મુંબઈ નશાબંધી (સ્પિરિટ ઉત્પાદકતા) (ગુજરાત) નિયમો સુધારતી, તા. ૧૫-૪-૮૮ની અધિસૂચના ક્રમાંક : જીએચએલ-૨૮-એમકેએમ-૧૦૮૭-એમ-૧૦૮૭-એમ-૯૪૧ (૮૮)-એમ.

—નશાબંધી મંત્રી, શ્રી અમરસિંહજી વાઘેલા.

૬. (૧) બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી લલિતકુમાર પટેલે સમિતિનો સાડત્રીસમો અહેવાલ રજૂ કર્યો.

(૨) જાહેર હિસાબ સમિતિના પ્રમુખ, શ્રી અશોક ભટે સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કર્યો.

(૩) ગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો માટેની સમિતિના પ્રમુખ શ્રી અબ્દુલરહીમ ખાલપાએ સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કર્યો.

૭. બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી લલિતકુમારે પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે—

"આ સભાગૃહ, બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સાડત્રીસમાં અહેવાલ સાથે સમંત થાય.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન સોળમે અને છેલ્લે દિવસે ચાલુ રહયું—

નાણા વિભાગને લગતી માગણી ક્રમાંક : ૧૨, ૧૩, ૧૪ અને ૧૬ તથા કાયદા વિભાગને લગતી માગણી ક્રમાંક ૬૧ અને ૬૩ નાણા, આયોજન, કાયદો અને ન્યાય મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ રજૂ કરી.

ઉપર્યુકત માગણી ક્રમાંક ૧૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨ માગણી ક્રમાંક ૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩. ૪ માગણી ક્રમાંક ૧૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૫ થી ૯ માગણી ક્રમાંક ૧૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ થી ૧૩ માગણી ક્રમાંક ૬૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ અને માગણી ક્રમાંક ૬૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ સભ્યશ્રીઓ રજૂ કરી.

શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ ગિલોટિન અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ માગણીઓ અને કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ કરવામાં આવી, ચર્ચામાં ૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ નાણા, આયોજન, કાયદો અને ન્યાય મંત્રી, શ્રી અરવિંદ સંઘવીએ આપ્યો.

પ્રથમ કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૫ એકી સાથે મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૬૧ અને ૬૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સાંજના ૪.૧૫ વાગ્યે ગિલોટિન લાગુ પાડવામાં આવ્યું અને બાકીની બધી માગણીઓ ક્રમાંક ૨૭, ૨૮, ૪૧, ૪૩, ૫૦, ૫૪, ૬૬, ૭૬, ૮૭, ૫, ૬૮,૭૮, ૮૨; ૮૩, ૩૯, ૬૯, ૧૦૦, ૮૫, ૯૩, ૧૫, ૬૨, ૮, ૬૦, ૯૧, ૧૦૨, ૧૦૩, અને ૧૦ સંબંધિત મંત્રીશ્રીઓએ વારાફરતી રજૂ કરી. માગણી ક્રમાંક ૩૩ અને ૩૪ અધ્યક્ષશ્રીએ રજૂ કરી. માગણીઓ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો. જ્યારે અધ્યક્ષશ્રીએ રજૂ કરેલી માગણીઓ ક્રમાંક ૩૩ અને ૩૪ વિના વિરોધે સ્વીકારવામાં આવી.

૯. અધ્યક્ષશ્રીએ જુદી જુદી નાણાકીય સમિતિના નામનિર્દેશનપત્રો પાછા ખેંચવાની મુદતમાં વધારો કરીને તા. ૧-૮-૧૯૮૮ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધી લંબાવવામાં આવે છે તેવી જાહેરાત કરી.

૧૦. સૂચનાના પ્રભારી સભ્ય, શ્રી અશોક ભટે સભાગૃહમાં હાજર નહીં હોવાથી અડધા કલાકની ચર્ચા હાથ ધરી શકાઈ નહી.

ગુરૂવાર, તા. ૨૮મી જુલાઈ, ૧૯૮૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

